ન તથા અર્વાચિન ગુજરાતી કવીઓની

ભક્તિ, નીતિ તથા વૈરાગ્ય બોધક

કવિતા. ૩૪૨૯

જેઠાના કાંઠે વસી રચેલી એવી નરસિંહમેહેતો, દયારામ,
પ્રેમાનંદ, પ્રીતમ, ભોજોભક્ત, ધીરોભક્ત, મુખણ,
બ્રહ્માનંદસ્વામી, દેવાનંદ, નિષ્કુળાનંદ, ડુંગર,
બાપુ, રણછોડ, છોટમ, તથા દલપતરામ વિગેરે
ગુજરાતના નામાંકિત તથા લોકપ્રિય એવા
ખાસ કવિઓની રચેલી મધુર તથા
અસરકારક કવિતાનો સંગ્રહ.

પ્રથમ ભાગ.

મુંબઈ:
મુંબઈ સમાચાર છાપખાનામાં
માણેકજી બરજોરજી મીનોચેહેર હોમજીનાએ
છાપ્યું છે.

સને ૧૮૮૭.

પ્રાચિન તથા અર્વાચિન ગુજરાતી કવીઓની

ભક્તિ, નીતિ તથા વૈરાગ્ય બોધક

કવિતા.

લોકોના કંઠે વસી રહેલી એવી નરસીંહમેહેતો, દયારામ,
પ્રેમાનંદ, પ્રીતમ, ભોજોભક્ત, ધીરોભક્ત, ભુખણ,
અલખબુલાખી, દેવાનંદ, નિષ્કુલાનંદ, ડુંગર,
બાપુ, રણછોડ, છોટમ, તથા દલપતરામ વિગેરે
ગુજરાતના નામાંકિત તથા લોકપ્રિય એવા
ત્રીસ કવિયોની રચેલી મધુર તથા
અસરકારક કવિતાનો સંગ્રહ.

પ્રથમ ભાગ.

મુંબઈ:
મુંબઈ સમાચાર છાપખાનામાં
માણેકજી બરજોરજી મીનોચેહેર હોમજીનાએ
છાપ્યું છે.

સને ૧૮૮૭.

પ્રસ્તાવના.

લોકપ્રિય કવિતાના પ્રસિદ્ધ કરેલા આ પ્રથમ ભાગમાં નરસિંહમેહેતો, દયારામ, પ્રીતમ, પ્રેમાનંદ, દેવાનંદ, નિષ્કુળાનંદ, મંજુકેશાનંદ, ધીરોભક્ત, ભોજોભક્ત, ભુખણ, બાપુદાસ, કલ્યાણ, અલખબુલાખી, છોટમ તથા દલપતરામ વિગેરે મળી ગુજરાતના નામાંકિત, લોકપ્રિય તથા પ્રસિદ્ધ એવા ત્રીશ કવિઓની કવિતાનો સંગ્રહ કર્યો છે. તે કવિયોની આ સિવાય બીજી પણ ઘણી કવિતા છે, અને તે પણ જોકે આના જેવીજ મધુર, અને અસરકારક છે, તોપણ તે આ પ્રથમ ભાગમાં લીધેલી કવિતાના જેટલી લોકોના કંઠથી ઉમંગપુર્વક વારંવાર ગવાતી લાગતી નથી. તે કારણથી તેની કવિતાને હમણાં નહી લેતાં, લોકપ્રિય જુની તથા હમણાંની કવિતાનો સંગ્રહ કરવાનો, તથા તેને વખતે વખતે પુસ્તકના આકારમાં ક્રમાનુસાર ચઢતા ભાગોમાં પ્રસિદ્ધ કરવાનો વિચાર રાખ્યો છે. ઉપર દર્શાવેલા કવિયોની બધી રસીક કવિતાનો સંગ્રહ આ એકજ ભાગમાં થઇ શકે નહીં; અને તેટલામાટે થોડી મુદ્દત વિત્યા બાદ તેવી કવિતાનો બીજો ભાગ પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રથમ ભાગમાં લીધેલી કવિતાના ઇશ્વર ભક્તિ, નીતિ–જ્ઞાન અને વૈરાગ્ય નીતિ–જ્ઞાન એવા ત્રણ વર્ગ પાડયા છે, અને કવિતાના ગુણ લક્ષણ ઉપર ધ્યાન આપીને, તે દરેક વર્ગને અનુસરતી કવિતા તે તે વર્ગમાં લેવામાં આવી છે. તેવી રચના કરવાથી જુદી જુદી મનોવૃત્તિવાળા વાંચનારાઓને પોતાની ઇચ્છાને પસંદ પડતી કવિતા વાંચવાનું સેહેલું તથા સગવડભરેલું થશે.

સાંકળિયું.

ઇશ્વરભક્તિ.

નીતિ-જ્ઞાન.

વૈરાગ્ય નીતિ-જ્ઞાન.

ઇશ્વરભક્તિ.

દયારામ.

પદ ૧ લું.

હરિ-સેવા હરિસેવા, માગું હરિસેવા હરિસેવા,
મને દો દેવાધિદેવા, માગું હરિસેવા હરિસેવા-ટેક.
એહ લોક તથા પરલોકે, એનો એ હેવા;
ધર્મ અર્થ ને કામ મોક્ષથી, નહિ લેવા દેવા;-માગું હરિસેવા. ૧
રૂચે નહી તમને જે પદારથ, મને હુજો વિષ જેવા;
તમને પ્રીય તે સેહેજે હુંથી, બનજો તતખેવા;-માગું હરિસેવા. ૨
અવર માગું નિજ સંગિ સંગત, જ્યાં ભક્તિરસ મેવા;
દયા દયાને એજ કરો મન, નિશ્ચળ તમ પદ રહેવા;-માગું હરી સેવા. ૩

પદ ૨ જું.

હરિ મોટા હરિ મોટા, સઉથી હરિ મોટા હરિ મોટા;
બિજા જૂઠા સર્વ ગપોટા, સઉથી હરી મોટા હરિ મોટા.-ટેક.
હરિ સમાન બ્રુદ્ધી સહુ સુરમાં, એજ અસુરમાં ઓટા;
એક આદિ હરિ સદા સવતંતર, બીજા સહુના જોટા;-સઉથી હરિ. ૧
માયા કાળથી અતી અનાદિ, બીજા જળ પરપોટા;
આખું અવરનું અનિત્ય હરિ વિણ, માટે સમજો છોટા;-સઉથી. ૨
શેષાદિક પણ હરિથી હેઠા, વિચારો પંડિત ટોટા;
હરિ માયાકૃત મોહ હિંડોળે, સરવે ખાધા જોટા;-સઉથી. ૩
પ્રતિ બ્રહ્માંડે બ્રહ્માદિક સુર, બ્રહ્માંડ અગણિત કોટા,
દયાપ્રિતમ શ્રી કૃષ્ણ ભજન વિણ, નવ છૂટે જમસોટા;-સઉથી. ૪

પદ ૩ જું.

અપરાધ ક્ષમાસ્તોત્ર.

શ્રી ગુરૂ શ્રી ગોપીજનવલ્લભ, પ્રાણજીવન પ્રભુ મહારા,
કરગરી કરજોડીને કહું છઉં, વંદુ ચરણ તમારા;
હૂં અપરાધી કોટી કલ્પનો, શરણ પડયો શિર નામી,
તે અપરાધ ક્ષમા કરિયે, શ્રી કૃષ્ણ કૃપાકર સ્વામી.-ટેક ૧

કામિ ક્રોધી લોભી મોહ ગર્વે, મત્સરજ ભરિયો,
દુષ્ટ દુર્મતી દુઃસંગી છું, અખિલ દોષનો દરિયો;
થયા નથી છે હું નહી સરખો, થવા નથી અધિનામી.–તે અપરાધ. ૨
ચોર ગુરૂતલ્પગ મધૂપાની, બ્રહ્મહત્યાદીક કરતો,
સંગી સહિત મહા પાપી પ્રપંચ, તેનો હું પણ ભરતો;
આતતાઈ આધેતિત પામ્યા, પણ મુજ કર્તાં સ્વામી.–તે અપરાધ. ૩
નિર્દય ખળ પાખંડી જૂઠો, મિત્રદ્રોહી કટુભાખી,
સાધુ દીનને પીડાકારી, દુર્વ્યસની કાલી રાખી,
અધર્મ કુકર્મી ભર્યો અવિદ્યા, છું હું અંતરયામી.–તે અપરાધ. ૪
શ્રી ગુરૂ શ્રી હરિસંતની સેવા, કદા કરી નથી પ્રીતે,
શ્રી ભાગવત શ્રી ગીતાજી, આપે ન શ્રવણ શુભ રીતે;
હરિ ગુણગાન નામ રટણ નવ, પ્રપંચ પ્રીત વિરામી.–તે અપરાધ. ૫
સેવન સમરણ પૂજન વંદન, સર્વદાસત્વ ન કીધું,
આત્મનિવેદન કૃષ્ણ ધ્યાન ના, ચરણકમલ ચિત દીધું;
વિના જ્ઞાનથી પ્રેમલક્ષણા, ભક્તિ સ્વપ્ને પામી.–તે અપરાધ. ૬
પરોપકાર કર્યો નહિં કો દીન, પરનિંદા બહુ કીધી,
પરધન પરપત્નીમાં પ્રીતી, મતી ન સુપંથમાં દીધી,
સિસ્નોદર આદિ પોશણ બહુ રૂચિ, રહી નિરંતર જામી.–તે અપરાધ. ૭
વર્ણાશ્રમના ધર્મ ન સાધ્યા, હરિભક્તને નવ નમિયો,
હરિ અસમર્પિત અભય અધમનું, ઉચ્ચિષ્ટ જાતે જમિયો;
અસદ અદ્યાપ અહનિંશ અશુચી, નીચની કરી ગુલામી.–તે અપરાધ. ૮
ચિત્તે વચને કાર્યે કર્મે, જ્ઞાને ભજને દ્દષ્ટ,
દોષ કોશ બહુ તેથી ભરયો હું, તમથી બહિરમુખ ભ્રષ્ટ;
જે દુઃખ નર્કે વિશેષે છે, મુજ વૃત્તી સદા તે સ્વામી.–તે અપરાધ. ૯
જન પ્રભુમતિમાં મોહ વસે, અપરાધી અનંત તમારા,
નાનાવિધિના કીધા કેશવ, હજૂ ન સ્ફુડિત ધારા;
તે કૃત જે મેં કીધાં કર્મે, ત્રાસ નરકાતરગામી.–તે અપરાધ. ૧૦
જપ તપ તીરથ ધર્મ નિયમ વ્રત, યોગ યજ્ઞ સુદાન,
કીધાં નથી નીગમાગમ ચિંતન, ભકિત વિવેક ન જ્ઞાન;
નહીં સંતસંગાદિક કોઇ સાધન, માયામયી સકામી.–તે અપરાધ. ૧૧

પુષ્કરાદી નથી તીરથ કીધાં, શ્રી ગંગાદીક નથી નાહયો,
ક્ષેત્રધામ હરીભકત દરશણ, આતુર થઇ નથી ધાયો;
પરદુખ સુણી દેખી નવ દાઝ્યો, કંટકરૂપ હરામી.–તે અપરાધ ૧૨
શ્રદ્ધાયે બ્રહ્મભોજન ન કીધાં, પિતૃ શ્રાદ્ધ ન સાર્યાં;
રંક આતિથ્ય નિરમુખ વાળ્યા, આતુરનાં દુખ ન નિવાર્યાં;
માનભંગ કીધાં સજ્જનનાં, કયહું નથયો હું પ્રણામી.–તે અપરાધ. ૧૩
પુજ્ય પુજ્યા નવ સંત સંતોખ્યા, સેવ્યા નહી ભૂદેવ,
શ્રી તુળસી ગોપી બાળ પૂજન, દીન દાવા નહીં ટેવ;
મિત્રવહિ સતકાર ન સધળે, જદપી સમર્થ દામી.–તે અપરાધ. ૧૪
હવાં સહજ કૃપા કરી શુભ મતિ, અખંડ દ્યો સતસંગ,
સ્નેહ ભકિત દો ભજન કરાવો, પ્રપંચપ્રીતી ભંગ;
એકવાર કહો દાસ દયા તું, માહરો સદગુણગ્રામી.–તે અપરાધ. ૧૫
કરજોડી આ સ્તોત્ર દીન થઇ, પ્રભુ સન્મુખ જે ભણશે,
તેના સહુ અપરાધ ક્ષમા કરી, હરિ નીજ સેવક ગણશે;
સદા પ્રસંન દયા પ્રભુ રેહશે, બ્રહ્મધામના સ્વામી.–તે અપરાધ. ૧૬

પદ ૪થું.

શ્રી કૃષ્ણ સ્તવનમંજરી.

નંદકુંવરજી નિજ જન જાણીરે, કૃપા કરો.
બીરદ પોતાનું ઉરમાં આણીરે, કૃપા કરો.–ટેક.
છો શ્રીજી શરણાગતવત્સળ, પતિતપાવન સ્વામી;
દીનદયાળ દયાનિધી, અધમોદ્ધારણ અંતરજામી;
અનાથબંધુ કરૂણાસિંધુ પૂરણ, કશી ન ખામી રે.–કૃપા. ૧
આરતવાનને બળિ બળ અતુલીત, વિશ્વંભર વનમાળી;
ઉદાર અવધી સહજ કૃપાકર, સેવા સાધન ટાળી;
આપ સમો મળમાસ કર્યો, કેવળ શરણાંગત ભાળીરે.–કૃપા. ૨
અજામેળ સુત ભાવ સમરતાં, કીધો વૈકુંઠવાસી;
શુક ભણાવતાં ગુણકા તારી, કેવળ પાતિકરાસી;
દુખ પારધી સ્વદેહ સ્વર્ગે, મોકલિયો અવિનાશી રે.–કૃપા. ૩
મહાપદ મિથ્યા વાસુદેવને, આપ્યું આપ વિચારી,
માતની ગતિ પામી પૂતના, પાપણી શીશુહત્યારી;
એ અદલતા તમવણ કંઇયે, દીઠી ન સુણી ગિરધારી રે.–કૃપા. ૪

આદ્ય કવી વાલ્મીક અવળૂં, રામનામ આલાપે;
નિજ બળગતી આપી ગોધને, જે તન ભરીયું પાપે;
મેઘ કંસ આદિક અતિબળ પ્રભુ, તાર્યા પ્રબળ પ્રતાપેરે.–કૃપા૦ ૫

ભક્તાધિન ભક્તવત્સલ છો, વેદ પુરાણે ગાયા;
જ્યાં જ્યાં સંકટ સંત પડ્યું ત્યાં, અતિ આતુર થઈ ધાયા;
દુઃખ સહી પણ જનસુખ કીધું, શું વર્ણવું વ્રજરાયારે.–કૃપા૦ ૬

જન અવગુણ મન વસે ન વિઠ્ઠલ, અંતરમાં અતિ પ્રીતી;
જ્યમ સુતના અપરાધ ન ભાસે, અબળાની એ રીતી;
દોષ તણા ગુણ સમજો સામા, વિદુર ત્રિયાની નીતીરે.–કૃપા૦ ૭

સ્વલ્પ માત્ર સંભારે, સંકટ વેળા પણ કો પ્રાણી;
તદપિ સાહ્ય કરો સામળિયા, અનુકંપા ઉરઆણી;
ભ્રમ નથી એ પ્રગટ વાત છે, નિગમાગમ વખાણી રે.–કૃપા૦ ૮

કપોત બાળક ત્રણ રીપુથી, રાખ્યાં કુંજબિહારી;
વળિ ખગ ઇંડાં ઉગાર્યાં, ગજ ઘંટા ઢાંકી ગિરધારી;
અપક્વ રાખ્યું એક ભાંડ, શીશું જીવાડયાં મંઝારી રે.–કૃપા૦ ૯

નીરકઢામાં મેડકી બાળક, જળ રેડંના આવ્યું;
તેની માત દુખી થઇ હરિ સમર્યા, તપ્યું ન નીર તપાવ્યું;
અરભક ઉગાર્યું માત મેળવ્યૂ, સાચૂં બરદ કહાવ્યું રે.–કૃપા૦ ૧૦

શ્વાન પારધી અનળજાળ, ચોદિસ ઘેરાઈ હરણી;
હરિ સમરતાં વારિદ વાયું, પ્રેર્યા સીંચી ધરણી;
તુટયો ફંદ બે મુઆ પરસ્પર, કથા પુરાણે વરણી રે.–કૃપા૦ ૧૧

ઇશ્વરપણું અળગૂં મુકી જ્યમ ત્યમ, નિજ જન સુખ આપ્યું;
ના કરવાની કૃતી પણ કીધી, એવું હેત રૂદે વ્યાપ્યું;
કિંચીત કહિ દાખ્યું સાંભળિયે, મોટાજન અળાપ્યું રે.–કૃપા૦ ૧૨

માહાર રૂપ ધરી દામાજીનું, સુખ કીધું હરી હાની;
નણંદ થઈ સુવાવડ કીધી, ચોખા મેહન ત્રીયાની;
સેના સારૂ નાપીક થઇ નૃપ, મુંડન ધરી ન ગ્નાનીરે–કૃપા૦ ૧૩

માધવદાસ તણાં મળ મૂત્ર, પખાળ્યાં થઇ પ્રભુ માતા;
માંસ તોળવા કર્યું કાટલું, સદન કસાઇ ખ્યાતા;
અમેવસ્ત્ર રોહિદાસ તણે ઘેર, પેહેર્યાં હળધરભ્રાતારે.–કૃપા૦ ૧૪

જનીનાં છાણાં વીણિયાં, દળણું દળીયું દેવ મોરારી;
ભાંડપાત્ર ગોરા કુંભારનાં, ઘડીયાં ગીરવરધારી;
નામદેવનું છાયું છાપરૂં, વહ્યું ત્રિલોચન વારીરે–કૃપા૦ ૧૫

દ્વારપાળ બળિ ચોપદાર, ઊગ્રસેન સારંગપાણી;
પાંડવનાં દાસત્વ કર્યાં, બહુ વેદે વાત વખાણી;
કુબ્જાકાંત પત્ની પારથની, થઇ પ્રભૂ પાયું પાણી રે–કૃપા૦ ૧૬

પંચાળીનાં પટકુળ પૂર્યાં, જનનૂં સંકટ કાપ્યૂં;
ધ્રુવજી બાળક દુખિયો લહી, દામોદર દરશણ આપ્યૂં;
ચંદ્રહાસને વિષ કરી વિષયા, રાજ અચિંતવ્યૂં થાપ્યૂં રે–કૃપા૦ ૧૭

પ્રહ્લાદનું વચન પ્રતિ પાળ્યું, ભિષ્મ પ્રતિજ્ઞા રાખી;
અંબરીષનૂં મહાત્મ વધાર્યું, દ્વિજને નીચો નાખી;
હાર હુંડી મોસાળાદિક, નરસૈયાનાં જગ સાખી રે–કૃપા૦ ૧૮

ગોપીજનના નાચ નચાવ્યા, નાચ્યા ગિરવરધારી;
કરમા ખીચ વિદુરની ભાજી, જમીયા વ્હાલ વિચારી;
જુઠાં ફળ સબરીનાં શ્રુત, દેવનું આરોગ્યા વારી રે–કૃપા૦ ૧૯

એવાં અનેક કારજ, ભક્ત તણાં કીધાં ભગવંત;
પાવન થાવાને મેં ગાયા, હું નથી ભકિતવંત;
પતિતપાવન કર્યા ઘણા, હવે દોની મુજપર ચંત રે–કૃપા૦ ૨૦

ઉત્તમ અધમ અધમને ઊત્તમ, આપ કરો શી વાર;
જેવો તેવો સદા તમારો, હું છું નંદકુમાર;
રૂડો ભુંડો કરો ચાહો તે, અવર નથી આધાર રે.–કૃપા૦ ૨૧

અખીલ દોષ તણો દરીયો હું, શુભ કૃતિ સ્વલ્પ ન મ્હારી;
કોટી કલ્પે ગતી ઘટે નહિં, જોતાં ન્યાય વિચારી;
તો તરાય મેં કેવળ પ્રેમેય, બાળ તારો ગિરધારી રે.–કૃપા૦ ૨૨

શિવ વિધિ શેષ સરીખા ભેદ, ન જાણે જેને વેદ સમસ્ત;
કોણ માત્ર ત્યાંહાં અલ્પ જીવ હું, માહાજન મોંઘી વસ્ત;
શ્રી ગુરૂ વલ્લભ સોંપ્યો કહાન, વિચારી ઝાલો હસ્તરે. કૃપા૦ ૨૩

નથી માગતો ચક્રવૃત્તિપદ, સ્વર્ગસિદ્ધ ચોમુકિત;
પ્રપંચ વિસ્મૃતીપૂર્વક શ્રીજી, આપો નીજ આશકિત;
સુસંગ સંતતસુદ્દઢ, પ્રેમલક્ષણા અહીં ટુંકી ભકતી રે. કૃપા૦ ૨૪

પ્રબંધ.

ભગવન્નામાવળી.

શ્રી ગુરૂદેવ શ્રીમદ વલ્લભવર વાગધીશ મહાપ્રભૂ પુરૂષોત્તમ શ્રી ગોસ્વામી વિઠ્ઠલેશ શ્રી કૃષ્ણચંદ્ર ગોપીજનવલ્લભ વ્રજેંદ્ર વ્રજજીવન વૃંદાવનચંદ રસિકવર શ્રી ગોવરધનધરનધીર બળભદ્રવીર કંદર્પકોટિ લાવણ્યકળાનિધિ પુરણબ્રહ્મ પુરણાનંદ પરમાનંદકંદ હરિ લલિત ત્રિભંગી સદગુણસાગર નટવરનાગર સરસ સનાતન સદાનંદ સચ્ચિદાનંદ આનંદઘન અનુપમ અનંતકોટીબ્રહ્માંડભુપ રસરૂપ રાધિકારમણ રાસરસમગ્ન મનોહર મદન માનમર્દનવર ત્રિલોકસુંદર હરિઈશ્વર ભગવાન ભકતવત્સલ સર્વેશ્વર કેશવ કમલનયન કમલાવર યમુનાપ્રાણ પ્રેષ્ટલલિતાદિકલલનાપ્રાણજીવનધન ચંદ્રાવળીમુખચારૂચંદ્રમાચકોરવ્રજજીવન વનમાલિ મરદનકાળિ નંદકિશોર યશોદાનંદન મુરલિધર ઋશિકેશ રામપ્રિય દેવકિનંદન વસુદેવાત્મજ વાસુદેવ વરદરાજ અચ્યુત નારાયણ પ્રભુ અનંતવિભુ ગોવિંદ ગદાધર ગરૂડધ્વજ ગોપાલ ગોકુળાધીશ ગોપિકાપ્રાણનાથ પુંડરિકાક્ષ માધવ દામોદર પદ્મનાભ મધુસૂદન મુરારિ મુકુંદ શ્રીજી પિતાંબર વૈકુંઠ વંશધર વિશ્વંભર વૈકુંઠનાથ જગદિશ જનાર્ધન જગન્નાથ શ્રીપતિ સર્વોત્તમ વિષ્ણુ શ્રીગુણપર તુલસિવલ્લભ બાળકૃષ્ણ ધરણીધર ધર્મી દીનાનાથ શરણાગતવત્સલ પતિતપાવનઅધમોદ્ધારણ દીનબંધુ સ્મૃતિમાત્રસકલસંતાપપાપહર અવતારી આનંદરૂપ શ્રી રામચંદ્ર શ્રી ઘનશ્યામસુંદર નવનિતપ્રિય મથુરાધીપ વિઠ્ઠલેશરાય શ્રી દ્વારિકેશ ગોકુલેશ ગોકુલચંદ્ર મદનમોહન નાથહરિ અનાથબંધુ કરૂણાસિંધુ અતિ ગંભીર ઊદાર અકળ અજ અપાર અંતરયામિ પ્રાણપતિ પરમદયાળુ મહાપતિ પ્રવીણ સર્વશકિતપતિ સર્વાત્મા પ્રભુ પુષ્ટીપથેશ્વર શ્રી કૃષ્ણચંદ્ર તવદાસોહં પાહિ પાહિ પ્રભુ નમો નમો જય દયાનાથ ત્વાં જય જય જય જય જય ૧.

કલ્યાણ.

પદ ૧ લું.

કપટ કરમનો કરનારો તે, શરણ તમારે આવ્યો રે;
મહા જાળમાં બાંધી નાખ્યો, હવે હરિ છોડાવો રે;-કપટ. ૧

પાપ કરંતાં પાછું ન જોયું, હરિનુ નામ હું ભૂલ્યો રે;
દુરિજનની સંગત મેં કીધી, દેવાળામાં ડૂલ્યો રે;-કઇક૦ ૨
અનાથ જંતુ રાંક બાપડા, તેમાં મેં કીધા વાસા રે;
લખ ચોરાશી ફેરા ફરતાં, કરિ મુકિતની આશા રે;-કઇક૦ ૩
સોનું રૂપું જંતર મંતર, તંતર મારે તું છું રે;
આ દુનિઆમાં નથિજ ગમતું, મળવા આતુર હું છું રે;-કઇક૦ ૪
નામતણો મહિમા મોટો છે, કઇ પાપી નર તાર્યા રે;
એવું જાણીને દાસ કલ્યાણે, પ્રભુ પ્રેમે પોકાર્યા રે;-કઇક૦ ૫

નિમાનંદ.

પદ ૧ લું.

છંદ ચરચરી.

નંદ નંદન જગત વંદન, ચરણ-રજ કુબજા તરી;
ચાર જુગ પરિબ્રહ્મ કહિયે, કૃષ્ણ રાજત મધુપુરી. ૧
વંસીવટ તટ નિકટ યમુના, શામળે મોરલી ધરી;
મોરલી ધુનિ શુણિ ત્રિલોક મોહે, કૃષ્ણ રાજત મધુપુરી; ૨
વંદ્રાવનમાં મદનમોહન, અષ્ટસિધિ નવનિધિ ખરી;
કાળિ-અહિ ઘનશ્યામ નાથ્યો, કૃષ્ણ રાજત મધુપુરી. ૩
મુગટ લટપટ પેચ રસ પટ, તિલક ચંદનનું કરી;
વનમાળિ લાલ ગોપાળ કહિયે, કૃષ્ણ રાજત મધુપુરી. ૪
ગોપ ગોપી સંગ લેઇને, કુંજ કુંજ રમ્યા હરી;
રાસ રચ્યો જદુનાથ-નંદન, કૃષ્ણ રાજત મધુપુરી. ૫
ઇંદ્ર ચંદ્ર કુબેર બ્રહ્મા, લખે વિગત પ્રભુ ફરિ ફરી;
અનંત મુનીજન કરત જય જય, કૃષ્ણ રાજત મધુપુરી ૬
કંસ વંશ નિકંદ કીધો, દનુજ સર્વ ગયા ડરી;
સંત કારણ દેહધારણ, કૃષ્ણ રાજત મધુપુરી. ૭
કૃષ્ણાષ્ટક જે પઠત નિશદિન, સ્વર્ગ જાય તે સંચરી;
નિમાનંદ અવતાર અદ્ભુત, કૃષ્ણ રાજત મધુપુરી. ૮

તુળસીદાસ.

પદ ૧ લું.

રાગ બીહાગ.

બાનાની પત રાખ, પ્રભુ તારા બાનાની પત રાખ;
બાના રે માટે જો દુખ દેશો તો, કોણ પુરે તારિ સાખ; પ્રભુ.-ટેક.

રોહિદાસની રે તમે પાતરી લીધી ને, નવ જોઈ જાત ને ભાત;
શાને માટે સનમુખ રહિને તમે, નાથ કહેવાયા હો નાથ;-પ્રભુ. ૧
પ્રલ્હાદની રે પ્રતિપાલણા પાળીને, સ્થંભમાં પૂર્યાં વાસ;
તાતી કઢા તમે શીતળ કીધી, સુધનવાને પાસ;-પ્રભુ૦ ૨
પંચાળીનાં પટકુળ પૂર્યાંને, રાખી સભામાં લાજ;
સરોવરમાંથી બુડતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ;-પ્રભુ૦ ૩
ઝેર હતાં તેનાં અમૃત કીધાં ને, આપ્યાં મીરાંને હાથ;
મેહેતાને મંડળિક મારવા આવ્યો ત્યારે, કેદારો લાવ્યા મધ્યરાત;-પ્રભુ૦ ૪
ભક્તોનાં તમે સંકટ ભાગ્યાં ત્યારે, દ્રઢ આવ્યો વિશ્વાસ;
તુળસિના સ્વામીને કહું કરજોડી જે, પૂરો અંતરની આશ;-પ્રભુ૦ ૫

રાવો ભક્ત.

પદ ૧ લું.

રાગ પરજ "શેઠ સગાળસા સાધુને," એ રાગ.

બેડો બાઈ બૂડતો તારો રે, અંબે આઈ પાર ઊતારો રે;-ટેક.

આ બેપે હું તો ઘણું કમાયો, ભર્યો અનગળ માલ;
મધ્ય દરિયા વચ્ચે તોફાન લાગ્યું, શારે થાશે હેવાલ;-બેડો૦ ૧
ખલાશિયા તો ખડબડ કરેછે, મહા જુલમ મનમાંય;
માલધણી વીમાશી રહ્યો છે, ડોલ્યું દરિયામાંય;-બેડો૦ ૨
મધ્ય દરિયા વચ્ચે ડોલ્યુ માતાજી, વહાણને નથિ વિશ્રામ;
એક નામનો આશરો તારો, કરો સેવકનાં કામ;-બેડો૦ ૩
ઊચું જોઊં તો આભ માતાજી, નીચું જોઊં તો નીર;
બાળાશક્તિ મારી બૂમ સાંભળજો, સાજું રાખોને શરીર;-બેડો૦ ૪

કુવાયરાની લેહેરો લાગીને, મોજા તણી શી વાત;
અપશુકની આ વેળા આવીછે, ધાઓ ધાઓ અંબે માત; બેડો० ૫

હાથેથી હવે નેજા છુટયા, શઢ પણ ડંડાતોડ;
અંતસમાની આ વેળા થઇ હવે, મોટે ભાલે છે મોડ;—બેડો० ૬

ડુંગરિયે તો દવ લગાડેલો, પૂર્ણ કિધેલાં પાપ;
એક પહોરથી સ્તુતી કરું છું, આવોને આપોઆપ.—બેડો० ૭

અરધું વહાણ મેં અર્પણ કીધું, સાક્ષી ઊંચો આભ;
આ અવસર આરાસુરી આવો, નથી ખાવો મારે લાભ.—બેડો० ૮

જગતજનેતા સ્તુતિ સુણી થયાં, વાઘ ઉપર અસવાર;
ઝાઝ ઉપર જઈ ત્રિશૂળ ઝાપટયું, તાર્યું તે જળમોઝાર.—બેડો ૯

વહેવારિયો તો અચરત પામ્યો, આવ્યું મનમાં વહાલ;
કરજોડી રવોભક્ત ભણે છે, અરપી દીધો બધો માલ.—બેડો० ૧૦

દલપતરામ.

પદ ૧ લું.

મોતીદામછંદ.

ભજું ભયભંજન શ્રી ભગવાન, તજું અતિ અંતરથી અભિમાન;
સજું મનમાં રૂચી મેરૂ સમાન, ગજું નથિ તોય કરૂં ગુણગાન. ૧

જમાવિ પ્રભૂપદ પૂરણપ્રીત, નમાવિ વળી નિજ મસ્તક નિત્ય;
ક્ષમાવિ ગુના કહું ખૂબ ખચીત, શમાવિજ દ્યો દુખ શોક સહીત. ૨

વડા ઇશ છો જનઅંતર જાણ, વડા ઇતબાર તણી ખરી ખાણ;
વડાઇ વદે વળી વેદ પુરાણ, વડા ઇતિહાસ વિષે સુવખાણ ૩

કરેલ તમે સઘળાં શુભકામ, ભરેલ તમે જળસિંધુ તમામ;
ઠરેલ તમે સઘળે પણ ઠામ, ધરેલ તમે નિજ અવ્યય ધામ ૪

પુરાતનમાં પણ તૂંજ પ્રસિદ્ધ, પુરા તનમાં પણ તૂજ પ્રસિદ્ધ;
પુરા તનમાં પણ તૂંજ પ્રસિદ્ધ, પુરાતન મા પણ તૂજ પ્રસિદ્ધ. ૫

કરો કરી સંપુટ હું કહું આજ, કરો કરૂણા કરિને મુજ કાજ;
કરોધ કુસંગ કુમારગ સાજ, કરોડ પ્રકાર કરે નહિ રાજ. ૬

કુમારજ હું પ્રભુ તું મુજ તાત, કુમારગ જૈ કરિ મેં કુડિ વાત;
કુમારગિ થાય કદી તનું જાત, કુમા રહિ કોઇ ઘડે નહિ ઘાત. ૭

ભલા થઇ માફ કરો મહારાજ, ભલામણ એટલિ છે મુજ આજ;
ભળાવિશ કાંઇ બિજું નહિ કાજ, ભલાઇ તમારી ભુલું કદિ નાજ. ૮

પુરાણ કુરાન કહે સહુ આમ, પુરાણ પુરૂષ તમારૂંજ નામ;
પુરાં નગરો કરિયાં જન કામ, પુરાં જડ જે ન કરેજ પ્રમાણ. ૯

કુચાલ ભરી જન જેતણિ ટેવ, કુચા ચુસનાર ભજે અન્ય દેવ;
કુચાકર થૈ ન સજે તુજ સેવ, કુચાહન તેનું થશે તતખેવ. ૧૦

દિશે દિશ તેં રચના રચિ દત્ત, દિશે તુજ શક્તિ મહા ઉનમત્ત;
દિશે મુજ આવી વીદાર વિપત્ત, દિશે તુજ દેખિ કહે દલપત્ત. ૧૧

પદ ૨જું.

અમૃતધ્વની છંદ.

જયજય જન અંતર જામી, નિર્મળ ગુણમય બહુ નામી;
ખુદમાં ન મળે કશી ખામી, છો સકળ જગતના સ્વામી.—ટેક.

પ્રભુ છો જગ સ્વામી, શુભ ગતિ ગામી, ધીરજ ધામી, નહી તુજ દામી;
તુજ પદ પામી, જન નિષ્કામી, થઇ થિર ઠામી, વિપત્તિ વામી.

જયદિલ દરિયા, અમૃત ભરિયા, તેં ભય હરીયા, નિર્ભય કરિયા;
તુજ અનુસરીયા, તે ભવતરિયા, અંતર ઠરિયા, જશ ઉચ્ચરિયા.

નાથ નિરંજન, ભવ ભય ભંજન, ગરવા ગંજન, જન મન રંજન;
મળહર અંજન, સુખદ પ્રભંજન, વાહકવ્યંજન, જેહ સ્વયંજન.

તુજ મત ધરશે, કૃત શુભ કરશે, તે ભવતરશે, ફરી નહી મરશે;
નહી અવતરશે, સ્થિર થૈ ઠરશે, દિલ નહિ ડરશે, સઊ સુખ ભરશે.

ધન્ય ચરમધર, અકળ કરમકર, સકળ સુખદતર, પ્રબળ પરમપર;
અબળસબળ નર, જળ થળ નભચર, ઊર અભરણભર, હરગિસ ભયહર.

કહું તુજ કરણી. વિધ વિધ વરણી, ધરિ તેં ધરણી, ગિરિજળ ઝરણી;
અશ્વનિ ભરણી, રોહિણી હરણિ, શશાંક તરણી, સઊ તુજ શરણી.

ગરૂડ ગગનઘન, સકળ સઘન વન, ભગત જગતજન, તરૂણ વરંતન;
ધનપતિ ગૃહ ધન, મનુજ દનુજ મન, કંકર કાંચન, તુજ સંપાદન.

દેશ દિગંતર, તુજ કૃત તંતર, જગમય જંતર, તૂજ નિરંતર;
નહિ તદનંતર, ભળિય ભ્યંતર, સદા સ્વતંતર, દલપત અંતરગામી.

જય જય જન અંતરજામી, નિર્મળ ગુણ મય બહુ નામી;
ખુદમાં ન મળે કશિ ખામી, છો સકલ જગતના સ્વામી. ૧

પદ ૩ જું.

છપય છંદ.

અશરણશરણ અનંત, સંતજન સંતત સેવે;
ભય ભંજન ભગવંત, અંત દૂર્લભ પદ દેવે;
કષ્ટહરણ સુખકરણ, તરણ તારણ જગકારણ;
અતિ ઊત્તમ આચરણ, શરણ જન કાજ સુધારણ;
પ્રતિ દિન જગપાળ કૃપાળ પ્રભુ, કાળવ્યાળ વિષઝાળહર;
વદિ દીનવાણિ દલપત કહે, જયજય જગ જંજાળહર.

પદ ૪ થું.

ભુજંગી છંદ.

તમે સર્વ સંસાર વિસ્તાર કીધો, તમે સર્વને સુખનો સાજ દીધો;
તમે વિશ્વ વિશ્રામના ઠામ જેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા. ૧

તમે પૃથિવ સાથે સજ્યાં સર્વ પ્રાણી; તમે વેદ વિદ્યા વિશેષે વખાણી;
તમે માણસોને દીધા મિષ્ટ મેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા. ૨

ભજે જે તમોને તજે જે કુબુદ્ધિ, ભજે જે તમોને સજે સર્વ શુદ્ધી;
ન ભકતો થશે તે હશે લોક કેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા. ૩

તમારા ગુણો શેષ માહેશ ગાવે, તમારા પુરા પાડનો પાર નાવે;
તમે છો ત્રીલોકીતણા તાત તેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા. ૪

તમે વિશ્વમાં વારિ વૃષ્ટી કરો છો, તમે સર્વદા સર્વ સંભાલ લો છો;
તમે દેવ દાતાર ઊદાર એવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા. ૫

ભૂંડા લોક જે આપનો પાડ ભૂલે, નકી દુઃખ દાવાનળે સદ્ય ડૂલે;
ન પામે પછી તે કશો લાભ લેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા. ૬

ભજે શેષને સારદા ચંદ્ર ઈંદ્રિ, ભજે આપને નિત્ય મોટા મહિંદ્ર;
સદાશીવ જેવા સજે નિત્ય સેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા. ૭

કૃપાળુ તમે દેવ કલ્યાણકારી, અતિ આપદા દુખિલા છો ઉગારી;
હમેશાં તમારી દિસે એજ હેવા, દયાળુ તમોને નમો બ્રહ્મદેવા. ૮

પદ ૫ મું.

વસંતતિલકા.

હે દીનબંધુ જગદીશ્વર વિશ્વપાળ, દીસો તમે પ્રભુ સદા દિલના દયાળ;
માટે કૃપાથી પકડો પ્રભુ હાથ મારો, હે સ્વામિ નાથ હરિ સેવક હું તમારો. ૧
કેવી રીતે સ્તવન કીર્તન થાય તારૂં, કેવી રીતે વિનયનાં વચનો ઉચ્ચારૂં;
ઊકિતનિ જુકિત નહિ ઊત્તમ જાણનારો, હે સ્વામી નાથ હરિ સેવક હું તમારો. ૨
સંતુષ્ટમાન થઇ સંતત કષ્ટ કાપો, ભકિત તથા અભય ઊત્તમ ભાવ આપો;
નિ:શેશ કલેશ પરમેશ તમે નિવારો, હે સ્વામિનાથ હરી સેવક હું તમારો. ૩
હું ભકિત ભૂલિ ભટકયો ખરિ ભૂલ ખાધી, લેવા ભવિષ્ય મુકિત નહિ જુકિત લાધી;
આપી અખંડ પદ આપદથી ઊગારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૪
કષ્ટો જવા સરસ સાધન મેં ન કીધા, દેખી ગરીબ જનને નહિ દાન દીધાં;
ખારા પ્રભુ પ્રણતપાળપણું વિચારો, હે સ્વામિનાથ હરી સેવક હું તમારો. ૫
પ્રીતે કદાપિ પરમાર્થ કરી ન જાણ્યો, ચિત્તે સદા સમય કેવળ સ્વાર્થ આણ્યો;
તેવો તથાપિ નિજદાસ કરી સ્વિકારો, હે સ્વામીનાથ હરી સેવક હું તમારો. ૬
હું જ્ઞાનવાન નથિ ને અભિમાનવાન, છું ખાન પાન રસ લોભ ભર્યો નિદાન;
તૃષ્ણા સમુદ્ર જળપાર તમે ઉતારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૭
જો તારનાર ન જડયા જગદીશ જેને, તૈયાર ત્રાસ જમનો નજરેજ તેને;
એ વાતમાં નથિ અરે પળનો ઊગારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૮
કાપી કચાશ પદ પાસ નિવાસ આપો, માથે મહાપ્રભુ કૃપા કરિ હાથ થાપો;
નાના પ્રકાર નબળાં કરમો નીવારો, હે સ્વામીનાથ હરિ સેવક હું તમારો. ૯
સર્વાર્થ કાર્ય સુધરે તુજ પાદ સેવી, દેખું ન અન્ય સુખદાયક દેવ દેવી;
પ્રેમે પ્રભુજી પદપંકજ પુજનારો, હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો. ૧૦

પદ ૬ ઠું.

વૈતાલીય છંદ.

નથિ હું તન વાસના તજ્યો, નથી હું નમ્રપણે પ્રભૂ ભજ્યો;
કરૂણાનિધિ તુ કૃપા કરી, હરજે કલેશ હમેશ હે હરી. ૧

નથિ મેં વ્રત દાન આદર્યાં, નથિ મેં કામ રૂડાં કશાં કર્યાં;
ખળતા કરિ મેં ખરેખરી, હરજે કલેશ હમેશ હે હરી. ૨

ન પડયો શુભ માર્ગ શોધમાં, ન પડયો હું બહુ જ્ઞાન બોધમાં;
અવળી ગતિ નિત્ય આચરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૩

ન રહ્યો વળિ હું વિવેકમાં, ન રહ્યો હું તલભાર ટેકમાં
ડગલાં ન ભર્યાં ડરી ડરી, ડરજે ક્લેશ હમેશ હે હરી. ૪

પડીને અતિ પ્રૌઢ પાપમાં, તક જોઇ ત્રણ ભાત તાપમાં;
ઠિક થૈ ન વસ્યો કદી ઠરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૫

કરજે દુર બંધ કર્મના, ધણિ ખિંગા પ્રભુ ખેલી ધર્મના;
જગી સાગર તર્ત તો તરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૬

બહુ સંશય સાથ બોલિયો, ભ્રમણામાં ભમી ભૂલો ડોલિયો;
દૃઢતા નહીં ધ્યાનનાં ધરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૭

ગણી સ્વારથ અર્થમાં ફર્યો, અતિશે વ્યર્થ અનર્થ આદર્યો;
તજિ પુણ્યનિ વાત તો પરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૮

શુભ કારજ જાણી સાધિયાં, ઊલટાં કષ્ટ અનંત વાધિયાં;
ફિટકાર મળ્યો ફરી ફરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૯

સુખકારી કથા ન સાંભળી, શુણિ મેં ગ્રામ્ય કથા ગણી ગળી;
ભગતી નહિ ભીતરે ભરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૧૦

પ્રભુ તું ભવ તારનાર છે, અધમોદ્ધાર અને ઊદાર છે;
અતિ તે ગુણને અનૂસરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૧૧

રૂદયે દલપતરામને, ઠરજે ઠીક ઠરાવિ ઠામને;
જનપાળપણું ધરી જરી, હરજે ક્લેશ હમેશ હે હરી. ૧૨

નર્મદાશંકર.

પદ ૧ લું.

કર કરૂણા જગપાળ રે, આજ પ્રભૂ તું સારી સાહ્યતા.—ટેક.

ચૌદ ભુવનનો અંતરજામી, સ્વામી શ્રી તું કૃપાળ રે—આજ૦ કર૦ ૧

મોહિની લીલા પ્રેમને પાતી, ગાતી મયૂર સતાળ રે—આજ૦ કર૦ ૨

અકળ કળા સહૂ અહિં દરશાવી, આવી શી શી રસાળ રે—આલ૦ કર૦ ૩
સનમારગમાં સંતતિ તારી, સારી રહે વણ આળ રે—આલ૦ કર૦ ૪
તન મન ધનથી ભરપૂર થઇયે, રહીયે ભગત બહુ કાળ રે.—આલ૦ કર૦ ૫
શુભ દેશ કામમાં પ્રેર મતી બહૂ, સહૂ થઇયે બહૂ ન્હયાલ રે—આલ૦ કર૦ ૬
એવો વર દે હરિવર ચડપે, ઝડપે ભવની આગ રે—આલ૦ કર૦ ૭

પદ ૨ જું.

અલકના રે ખુદા ખાવંદ, અમા કર ઓ પુરી તું પુરનંદ.—અલ૦ ૧
જુવાનીનો તપ્યો આફતાબ, ન પીધો તુજ ઇશ્ક શરાબ.—અલ૦ ૨
એવું ખુબ આ આદમિયત આબ, છે લીધો સંધેથીજ સરાપ.—અલ૦ ૩
દુશમન મંડયાજ કરવા કબાબ, કરી દે મેહેર પુરા મ્હાતાબ.—અલ૦ ૪
જુવાની રંગ રમ્યો તે ખ્વાબ, કરૂં અફસોસ ન રાખ્યો હાબ.—અલ૦ ૫
પઢયો નહીં નીતિની કીતાબ, મળે આનો કો નેક ખતાબ.—અલ૦ ૬
કર્યાં બદ કામ ન થાએ હીસાબ, મળ્યો ન ફકીર મુલ્લાં જવાબ.—અલ૦ ૭
ભરી વીવેકની ફુલ છાબ, પછી પૂજૂં હું તુજ અલકાબ.—અલ૦ ૮
કરૂં રોજે જો કામ સવાબ, રહૂં તારી હું હજુર જનાબ.—અલ૦ ૯

પદ ૩ જું.

નમું નમુ જગન્નાથ તુજ ચરણં. જે છે ભવસાગર જલતરણં. ટેક.
આદ અગોચર અજરામર અજ, અનંત અડનું ધરણ;
નિરાકાર નિરંજન નિર્ગુણ, સરૂપમાં શુભ સમરણં.—ન૦ ૧
ભવોદ્ભવ સ્થિતિ લયનું કારણ, સઘલે અભરાભરણં.
જગદોદ્ધારક કરૂણાસાગર, પતીતપાવન કરણં.—નમું૦ ૨
કામદુધા ને કલ્પવૃક્ષ તે, પુષ્કળ અમૃત ઝરણં;
જ્ઞાન મારગે પ્રાપ્ત થાય તો, ફરી ન જનનં મરણં.—નમું૦ ૩
નેતિ નેતિ કહિ વેદ થાકતા, ત્રિવિધ તાપ ભયહરણં;
રંક નર્મદા શું શું વખાણે, પદ છે અશરણ શરણં.—નમું૦ ૪

પદ ૪ થું.

દીન દયાળ જગતપાળ દેવા, સાચે ભાવે કરીયે તુજ સેવા.—દીન૦ ૧
એમ છતે ખમીયે બહુ રોજે, દેવી પરીક્ષા તે કાંહાં સૂધી પોજે—દીન૦ ૨

પંડેલ લુચ્ચા ઘણી મોજ મારે, જોકે અનિતી કરે રોજ ભારે.-દીન૰ ૩
સૂધા ને સાલસ પીડાજ પામે, એ તે શું અંધેર રે તુજ કામે.-દીન૰ ૪
તારે ગમે તેમ કરજે કૃપાળૂ, ભેદ ન લહિયે એવું તુંજ તાળૂં.-દીન૰ ૫
કરજે રે માફ આ દીલ ઉભરાએ, નર્મદ તૂં વણ કો કને જાએ.-દીન૰ ૬

પદ ૫ મું.

પ્રભુ ભવપાર ઊતાર રે કીધાં મેં રે પાપ અપાર મેં.-ટેક.

ત્રિવિધ તાપથી બળી હું રહ્યો છૂં, કદિન ધરયો નીતિ સાર રે.-કીધાં૰પ્રભૂ૰ ૧
ધન જોબન પર બની મદમાતો,ન કર્યો દૂર વિચાર રે.-કીધાં૰ પ્રભૂ૰ ૨
જોતાં જોતાં સહુ પરવાર્યું, ધન સુત યૂવા નાર રે.-કીધાં૰ પ્રભૂ૰ ૩
હવે અકળાએ લવ ન સરે કંઇ, સ્થિર થઇ હરીને ધારરે.-કીધાં૰ પ્રભૂ૰ ૪
શોધે ઊપાયો થાય અપાયો, ફોગટ હાહોકાર રે.-કીધાં૰ પ્રભૂ૰ ૫
નર્મદ ભૂંડા કર વિશ્વાસ, આશ પૂરે નિરાકાર રે.-કીધાં૰ પ્રભૂ૰ ૬

પદ ૬ ઠું.

ઘટ ઘટમાં તું રામ.-ટેક.

રામ ઊપજાવે, રામ બચાવે, મારે તે પણ રામ-રામ રામરે ઘટ ઘટ૰ ૧
રામ સુમતિ દે, રામ કિરતી દે, દે મુકતી પણ રામ-રામ રામરે-ઘટ ઘટ૰ ૨
રામ ભિતરમાં, રામ બહિરમાં, સહુનો સાક્ષી રામ-રામ રામ રે-ઘટ ઘટ૰ ૩

પદ ૭ મું.

કોની આગળ કહીયે-પ્રભૂ પીડ કોની આગળ કહીયે-ટેક.

મેહેનત કરતાં ધન ન મળે કંઈ, પેટડું દાબી રહીયે-પ્રભૂ૰ ૧
સાચવતાં વળી તન બગડે ને, બહુ બહુ રોગી બનીયે-પ્રભૂ૰ ૨
વિદ્યા બુદ્ધિયે મન છે તાજું પણ, ઊલટા મૂરખ ઠરીયે-પ્રભૂ૰ ૩
દુઃખ ભુલાવવા સુજન મળે પણ, નવ છાને કેમ સહીયે-પ્રભૂ૰ ૪
બધા રીતથી હારી રહ્યાં, તુજ નામે સુખડૂ લહીયે-પ્રભૂ૰ ૫

નીતિ-જ્ઞાન.

નરસિંહ મેહેતા.

પદ ૧ લું.

રાગ વેળાવર.

સુખ દુઃખ મનમાં લાવિયે, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં;–સુખ દુઃખ૦ ટેક.

નળ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અરધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળે અન્ન ને પાણી;–સુખ દુઃખ૦ ૧
પાંચ પાંડવ સરખા બંધવા, જેની દ્રુપદી રાણી;
બાર વરષ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી;–સુખ દુઃખ૦ ૨
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી;–સુખ દુઃખ૦ ૩
રાવણ સરિખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લુટાણી;–સુખ દુઃખ૦ ૪
હરિચંદ્રરાય સતવાદિયો, તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નિચ ઘેર પાણી;–સુખ દુઃખ૦ ૫
શિવજી સરખા સતા નહીં, જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામિ ગણાણી;–સુખ દુઃખ૦ ૬
સર્વ દેવને જ્યારે ભિડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભૂધરે, મેહેતા નરસઇને સ્વામી;–સુખ દુઃખ૦ ૭

પદ ૨જું.

રાગ પ્રભાતી.

જ્યાં લગી આત્મા તત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષ્ય દેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી;–જ્યાં૦ ૧
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહિ દાન દીધે;
શું થયું ધરિ જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળલોચન કીધે;–જ્યાં૦ ૨

શું થયું તપ ને તીર્થ કીધા થકી, શું થયું માળ ગ્રહિ નામ લીધે;
શું થયું તિલક ને તુલસિ ધાર્યા થકી, શું થયું ગંગજળ પાન પીધે;-જ્યાં૦ ૩
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગને રંગ જાણે;
શું થયું ષટદરશન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે;-જ્યાં૦ ૪
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસઇયો કે તત્વ દરશન વિના, રત્ન ચિંતામણી જન્મ ખોયો;-જ્યાં૦ ૫

પદ ૩જું.

અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યા, વૈષ્ણવ પદકેરૂં બિરદ ઝાલે;
ઘર વચે પુત્રવીના જેવું પારણું, વર વિના જેવી જાન મ્હાલે;-અલ્યા૦ ૧
વ્યાધિની વેદના વિશ્વની ના ટળે, ઠાલો ગગનમાં મેઘ ગાજે;
હરિને જાણ્યાવિના હરિકેરો જન થયો, વાત પકવાનથી ભુખ ન ભાજે;-અ૦ ૨
તું એમ જાણે જે હરિજન હું થયો, વિષ્ણુપદ ગાઇ થયો ભકત ભવમાં;
કરણિ તો કાગની હોડ કરે હંસની, હંસને તો હશી કાઢે લવમાં;-અલ્યા૦ ૩
પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહી, ફોગટ બ્રહ્મને દૂર ભાળે,
અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દુષ્ટ ભાવે કરી માળ ઝાલે;-અલ્યા૦ ૪
જો નિરાકારમાં જેહનું મન ગળે, ભિન્ન સંસારની ભ્રાંતિ ભાગે;
દાસ નરસઇયો તેને ચરણે નમે, જ્ઞાન વિજ્ઞાનની જોત જાગે;-અલ્યા૦ ૫

પદ ૪ થું.

રાગ ઝુલણા છંદની ચાલ.

જે ગમે જગતગુરૂ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો;
હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટી મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઇક જાણે. ૧
નીપજે નરથી તો કોઇ ન રહે દુખી, શત્રુ મારી સહુ મીત્ર રાખે;
રાયને રંક કોઇ દ્રષ્ટે આવે નહીં, ભવનપર ભવનપર છત્ર દાખે;
રૂતુ લતા પત્ર ફળ ફુલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જેહને જે લખ્યું, તેહને તે સમે તેજ પોહોંચે. ૨
ગ્રંથ ગડબડ કરી વાત ન કરો ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન કરમ વચનથી આપ માની લહે, સત્ય છે એજ મન એમ સૂજે;

સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કરજોડીને નરસિંયો એમ કહે, જન્મ પ્રતિજન્મ હરીનેજ જાચું; ૩

પદ ૫ મું.

અખીલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી, જુજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શુન્યમાં શબ્દ થઈ વેદ વાસે;
પવન તું પાણી તું, ભૂમી તું ભૂધરા, વૃક્ષ થઈ ફુલી રહિયો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એજ આશે. ૧
વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ સાખ દે, કનક કુંડળ વિષે ભેદ ન્હોય;
ઘાટ ઘડયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય;
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એજ પાસે;
ભણે નરસિંયો એ મન તણી શોધના, પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે. ૨

પદ ૬ ઠું.

ધ્યાનધર હરીતણું અલ્પમતિ આળસૂ, જે થકી જન્મનાં દુઃખ જાય;
અવર ધંધો કરે અર્થ કાંઈ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વ્હાય-ટેક.
સકળ કલ્યાણ શ્રી કૃષ્ણના ચરણમાં, શરણ આવ્યે સુખ પાર ન્હોયે;
અવર વેપાર તું મેલ મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ્ય મ્હોંયે-ધ્યાન૦ ૧
પટકય માયા પરી અટકય ચરણે હરી, વટકયમાં વાત સુણતોજ સાચી;
આશનું ભવન આકાશ સુધી રચ્યું, મૂઢ એ મૂળથી ભીંત કાચી-ધ્યાન૦ ૨
અંગ જોબન ગયું પળિત પિંજર થયું, તોય નથી લેતો શ્રી કૃષ્ણ કહેવું;
ચેત રે ચેત દિન ચાર છે લાભના, લીંબુ લહેકાવતાં રાજ્ય લેવું;-ધ્યાન૦ ૩
સરસ ગુણ હરિતણા જે જનો અનુસર્યાં, તે તણા સુજશ તો જગત બોલે;
નરસૈયા રંકને પ્રીત પ્રભુશું ઘણી, અવર વેપાર નહિ ભજન તોલે-ધ્યાન૦ ૪

પદ ૭ મુ.

સમરને શ્રી હરી મેલ મમતા પરી, જોને વિચારિ ને મૂળ તારૂં;
તું અલ્યા કોણને કોને વળગી રહ્યો, વગર સમજે કહે મારૂં મારૂં.-ટેક
દેહ તારી નથી જોને જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાય;
દેહ સંબંધિ તજિ નવનવાં બહુ હશે, પુત્ર કળત્ર પરિવાર વહાય;-સમ૦
ધન તણું ધ્યાન તું અહોનીશ આદરે, એજ તારે અંતરાય મોટી;
પાસે છે પીયુ અલ્યા તેને નવ પરસિયો, હાથથી બાજી ગઇ થયોરે ખોટી;-સ૦

ભરનીદ્રા ભર્યો રોંધી ઘેર્યો ઘણો, સંતના શબ્દ શુણિ કાં ન જાગે;
જાગતાં નરસૈયા લાજ છે અતિ ઘણી, જનમોજનમ તારી ખ્યાંત ભાગે; સ.

પ્રીતમદાસ.

પદ ૧ લું.

"રાતો ઘોડો રણપાખરીઓ" એ રાગ.

સંત સમાગમ જે જન કરશે, તેને પ્રગટે પ્રેમ જોને;
જે ધાતુને પારસ પરશે, તેતો હોયે હેમ જોને. ૧

કથીર કાંસું હેમ ન હોયે, કોટી પારસ પરસે જોને;
શુન્ય છીપ તે ઉપર નાવે, સો મણ સ્વાતી વરશે જોને. ૨

અચેતને ઉપદેશ ન લાગે, શિવ બ્રહ્મ સમજાવે જોને;
જેનાં અવળાં અંતઃકરણો, તેને સમજણ નાવે જોને. ૩

કુબુદ્ધિ કાળપ જેને હરદે, તેને ન લાગે રંગ જોને;
અડદ ઊજળા કયમે ન થાયે, જઇ ઝબોળે ગંગ જોને. ૪

કુશકા કુટેથી શું થાય, કણ ન જડે તેમાંથી જોને;
મંદ અભાગી મુરખ નરને, સમજણ આવે કયાંથી જોને. ૫

પાપીને પરબોધ ન કરિયે, મૌન્ય ગ્રહીને રહિયે જોને;
કહે પ્રીતમ તુલસી-દલ તોડી, પ્રેત ન પુજવા જઇયે જોને. ૬

પદ ૨ જું.

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પેહેલું મસ્તકમૂકી, વળતી લેવું નામ જોને. ૧

સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને. ૨

મરણ આગમે તે ભરેમૂઠી દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભો જુવે તમાસો, તે કોડી નવ પામે જોને. ૩

પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને. ૪

માથા સાટે મોંઘી વસ્તૂ સાંપડવી નહીં સેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને. ૫

રામ અમલમાં રાતા માતા, પુરા પ્રેમી જંન જોને;
પ્રીતમના સ્વામીની લીલા, નિરખે રજની દન જોને. ૬

પદ ૩ જું.

હરિ ભજન થકી, છોટા હોય તે સઊથી મોટા થાય;
તેના તાપ ટળે, જન્મ મરણનાં સંકટ સરવે જાય.–ટેક.

શુકજીનું મૂળ જુવો શોધી, સજનો–ઘાતી તે પશુ રોધી;
થયા આપે ઇશ્વિર અક્રોધી,– હરિ ભજન થકી૦ ૧

જુવો વાલ્મિકજીની વાત ખરી, જેણે દરભ–શાળામાં દેહ ધરી;
તેણે સો કોટિ રામાયણ કરી,– હરિ ભજનથકી૦ ૨

જુવો એકલશૃંગી હરણીના, જુવો વ્યાસ–મુની વણ પરણીના;
જુવો સુતપુરાણી કોણ કરણીના,– હરિ ભજનથકી૦ ૩

જુવો દાસી-સુતથી શું હીણપણું, વળી પુન્ય પવિત્ર ચરિત્ર ઘણું;
થયા નારદ મન ગોવિંદતણું– હરિ ભજન થકી૦ ૪

જુવો માંડવની મીંડકી માતા, જુવો વશિષ્ટ વિશ્વ વિખ્યાતા;
જુવો ચતુરાનન પંકજ–જાતા,– હરિ ભજન થકી૦ ૫

જેમ મધ્યમ–જળ ગંગામાં ભળે, તે ગંગા સરખું થઇને ફળે;
જેમ પારસ પાસે લોહ ટળે,– હરિ ભજન થકી૦ ૬

એમ જાત ભાત સઊની જાણી, હરિ ભજે તે હરિ તુલ્ય પ્રાણી;
કહે પ્રીતમ ઓળખો એંધાણી– હરિ ભજનથકી૦ ૭

પદ ૪ થું.

હરિભજન કરો, ભય ભાગે જમ-દુતનો ભક્તિ-ભાવે;
અંતકાળ સમે, હરિનું બાનું હોય ત્યાં જમ શીદ આવે; ટેક.

જેને તિલક છાપ તુલસી–માળા, જેને મુખડે ગોવિંદ ગોપાળા;
તેને શું રે કરે જમડા કાળા,– હરિ ભજન કરો. ૧

એવો ભજન તણોજ પ્રતાપ છે, જેને ભક્ત નામની છાપ છે;
તેને લખ ચોરાશી માફ છે,– હરિ ભજન કરો. ૨

એવું નિર્ભે નારાયણનું બાનું, જેનું ત્રીલોકમાંહી નથી છાનું;
તેનું ઓળે-ન રવિનંદન પાનું,— હરિ ભજન કરો. ૩
પ્રાણી મારૂં મારૂં ન મિથ્યા કરવું, એક ધ્યાન હરિનું નિત્યે ધરવું;
કહે પ્રીતમ ભવસાગર તરવું,— હરિ ભજન કરો. ૪

પદ ૫ મું.

છંદ ચોપાયા.

શા માટે તું સૂઈ રહ્યો છે, અચેત પામર પ્રાણી;
માથા ઉપર મરણ ભમેછે, તેની ખબર ન જાણી. ૧
મહા મોટા જોદ્ધા જોરાવર, કુટી નાખ્યા કાળે;
ક્ષણ માત્રમાં કુદી જાતા, સમૂદ્રને એક ફાળે. ૨
જેને ચાલે ધરતીધ્રુજે, આભ ઉંડળમાં ભરતા;
જેની ફુંકે પર્વત ફાટે તે નર દીઠા મરતા. ૩
મધુકૈટભને મારી નાખ્યાં, દીતી સુત સંહાર્યા;
અતી બળીઆ અહંકારી આગે, તેનો ગર્વ ઉતાર્યો. ૪
રાવણ કુંભકરણ દુર્યોધન, કાળજવન ને કંસ;
ખપી ગયા તે ખોળ્યા ન જડયા, જેવા અર્કના અંશ. ૫
મધુસુદન છે નામ હરીનું, કોઇનો મદ નવ રાખે;
કાંકરડાની પેરે તેને, કડાક કાઢી નાંખે. ૬
અરે બાપડા જીવ અભાગી, શીદ ફરેછે ફુલ્યો;
મિથ્યા સુખમાં મોહિ રહ્યો ને ભજન હરિનું ભૂલ્યો. ૭
હરિ હીરો હારિને બેઠો, કુડું કામજ કીધું;
અમૃત-રસને ઢોળી દેઇને, ઝેર હળાહળ પીધું. ૮
સુરતરૂ સીતાવર મૂકી, સંસાર શીમળો સેવ્યો;
પથ્થર સાટે પારસ ખોયો, મૂઢ નહીં તુજ જેવો. ૯
સો ગાડાં શીખામણ દીજે, મુરખ રતી ન રાખે;
સાર વસ્તુતો સમજે નહિંને અસાર ઊરમાં નાંખે. ૧૦
જાણે નહિંજે હાણ થૈઈને, તેને શું સમજાવે;
કહે પ્રીતમ ચેતી લે ચિત્તમાં, ફરી અવસર નહિં આવે. ૧૧

પદ ૬ ઠું.

હીરા મોતી નામ હરીનું, પથ્થર બીજી વાતો;
કહે પ્રીતમ મૃગ જળ દેખીને, રખે તું પીવા ધાતો. ૧

ધાયા તે તો ધુળ કમાયા, ડાહ્યા થઇ દંડાયા;
કહે પ્રીતમ માયાને મુશળ, ખુબ તરે ખંડાયા. ૨

ખંડાયા તે ઓળ્યા ન જડયા, આટો થઇને ઉડયા;
કહે પ્રીતમ સંસાર સિંધુમાં, બહુવાર તે બુડયા. ૩

બુડયા તેને કોણ બચાવે, આપે અવળા ચાલે;
કહે પ્રીતમ પોતાને હાથે, ફાંસી ગળામાં ઘાલે. ૪

મહા-માયાના મોટા ફાંસા, તે તોડયા નવ તુટે;
કહે પ્રીતમ હરી દયા કરે તો. જગત જાળથી છુટે. ૫

કાળે કુટયા જમડે લુટયા, ચોરાશીમાં પડીયા;
કહે પ્રીતમ અજ્ઞાની એવા, આપે તે આથડીયા. ૬

આથડતાને કોણ ઉગારે, કર્મ તણો કૂટારો;
કહે પ્રીતમ સેવો સદગુરૂને, એ તરવાનો આરો. ૭

જ્ઞાન વિનાનો ઘેલો થૈને, નહિં કરવાનું કીધું;
કહે પ્રીતમ અમૃત ઢોળીને, ઝેર હળાહળ પીધું. ૮

અમૃત તે ઉપદેશ ગુરૂનો, ઝેર અવિદ્યા જાણો;
કહે પ્રીતમ પરમારથ મૂકી, સ્વારથને શીદ તાણો. ૯

દયારામ.

પદ ૧ લું.

ચાતુરીનો ગરબો.

સર્વે કામ છોડીને પરથમ, ગુરૂ ગોવિંદને ભજીએજી;
સકળ કામના જેથી સીદ્ધિ, વારે તેને તજીયે;–શિક્ષા શાણાને. ૧

મુજથી મ્હોટી સંગત કરિયે, નીચ સંગત પરહરિયેજી;
સંગત તેને વસ મન રેહે છે, જેથી તરિયે મરિયે; શિક્ષા૦ ૨

હર પ્રકારે પ્રિત મૃદુ વાણી, મ્હોટા જન તે જાણેજી;
નિર્દય આપસ્વારથિ જુઠા, તે નીચા પરમાણે. શિક્ષા૦ ૩

ખરી મેહેનતનું દ્રવ્ય જોડીયે, નીચ નજર ના કરીયેજી;
પાછળથી પસ્તાવો ઊપજે, હાંસીથી તો ડરિયે. શિક્ષા० ४
સાહસ કર્મ ન કરિયે કદાપિ, ડરિયે હરિ જગને મારેજી;
ઊતરેલું જળ મોતીનું ન ચડે, વળતું કોટી પ્રકારે; શિક્ષા० ૫
રીતે ચાલતાં દુખ પડે તો, ભલું સુખ અનીતે કુડુંજી;
બેસી નાવ બુડે નહી કેહેવત, તરી ઊતરે તોયે બુડું; શિક્ષા० ૬
વિના વિચારે કામ કરે તે, પાછળથી પસ્તાયેજી;
બગડી બુંદ જે હોય ન સધરે, મલે ન જે તક જાય; શિક્ષા० ૭
કોનું કહાડિને ખરચ ન કરિયે, દાટી ન સહિયે દુખજી;
જેવી સંપત તેવું ભોજન, સદા પામીયે સુખ; શિક્ષા० ૮
પૂર્વે વૈર તાંહાં સ્નેહ ન કરિયે, પૂર્વે મિત્રસું વેરજી;
મીત્ર કોક દીન ગુંજ પ્રકાશી, શત્રુના છૂટે ઝેહેર. શિક્ષા० ૯
આપ વખાણ અવરની નીંદા, પરપત્નીસું હાસ્યજી;
અતી ભાષણ કટુ જીભ ચલાવે, મ્હોટમપણનો નાશ. શિક્ષા० ૧૦
સુખ આવે છાકી નવ જઇએ, દુખ આવે નવ ડરીયેજી;
આપણથી અધીકાંને જોઇને, ગરવ કલેશ ને હરિયે. શિક્ષા० ૧૧
લોભી જન ધન વડે સાધિયે, ગરવી જોડી પાણજી;
મુરખનું મન ગમતું કરિયે, પંડિત સાચી વાણ. શિક્ષા० ૧૨
હરિ ગુરૂ સાહેબથી સાચા રહીયે, સ્ત્રીશું જુઠું કહિયેજી;
મોટા આગળ કોઈ સમે પણ, મુખે મોટા નવ થઇયે. શિક્ષા० ૧૩
રીત નમે નહી રંદા કેરી, વાંસલે વરવું થાયેજી;
કરવતની કક્ષા ગ્રહી રાખો, ઉભે લોક સુખદાય. શિક્ષા० ૧૪
કેવળ સ્વારથ કૃતી વાંસલાની, સહુ પરમારથ રંદોજી;
કરવત બેપાસ સરખું છાંડે, રહે ઘર રેહે હરિબંદા. શિક્ષા० ૧૫
લાખ ગમાવિ સાખ રાખજો, સાખે મળશે લાખજી;
લાખ ખરચતાં સાખ નવ મળે, સાખ ગયે સહુ ખાખ. શિક્ષા० ૧૬
મળી સ્હેજ પોળી નવ તજીયે, દુર મોદિક અભિલાષેજી;
ઊછંગ સુત અળગો કેમ કરિયે, ઊદર ગર્ભની આશે. શિક્ષા० ૧૭
સામા ને શોભા આપેથી, આપણે શોભા આવેજી;
પતી સુખ શોભા સ્ત્રીને કરે જેમ, સ્ત્રીને પતી દરશાવે. શિક્ષા० ૧૮

જે કરતાં પરિણામે હાણી, તે કારજ ના કરવું જી;
આપણી પોંચ પ્રમાણે સઘળે, સમજી ડગલું ભરવું. શિક્ષા૦ ૧૯
જેથી પ્રીત વધ્યાની ઇચ્છા, તે ઘર ત્રણથી ડરીએ જી;
વિવાદ, ધન વેહેવાર પરોક્ષે, વામા વાત ન કરિએ. શિક્ષા૦ ૨૦
માત પિતા શું હેત ધરીયે, કદા ન ધરિયે રોશ જી;
નાગરવેલ વણસે જેમ દળ વણસે, જે પોંચ્યું શત કોશ. શિક્ષા૦ ૨૧
કૃષ્ણ વિના કોઇ થકી કદાપિ, જારપ્રીત ના કરિએ જી;
ગળે પડી છુટે નહી કેમે, પાપ તાપ પચિ મરિયે. શિક્ષા૦ ૨૨
થોડું બોલ્યામાં સુખ શોભા છે, બહુ બોલે પત જાયે જી;
ઓ કોડીનો ચાંલો ભાળે, સત ના પાછળ થાયે. શિક્ષા૦ ૨૩
કામ વિવેકે કરિએ કદાપિ, કષ્ટ પડયૂં તે માંહે જી;
તે પછી હરી ઇચ્છા એમ સેહેવું, હરબડવું નહીં તાંહે. શિક્ષા૦ ૨૪
પાણ વાણીને દ્રષ્ટી દૃઢ, રાખીને સઘળે જઇએ જી;
મોહોટમ આવે માન પામિએ, કહિં દુખિયાં નવ થઇએ. શિક્ષા૦ ૨૫
જે ભાવે જે પુછે તેને, તેવો ઊત્તર દઇએ જી;
ભાષણમાં ભિતરનું હારદ, સ્હેજે સમજી લઇયે. શિક્ષા૦ ૨૬
જે વીના ચાલે ના તેની, મરજી રાખી રેહેવું જી;
સમો આપણો સમજી લેવો, ભૂલ્યું બગડ્યું સેહેવું. શિક્ષા૦ ૨૭
તન મન વચનસું વિમળ રાખિએ, આળસ ક્રોધ ન કરવો જી;
પરદુખ દેખી પ્રસન્ન ન થાવું, પાખંડ ધર્મ ન ધરવો. શિક્ષા૦ ૨૮
મ્હોટા જનની અદબ રાખવી, બાળને શિક્ષા દેવી જી;
ગુરૂજન સેવા દયા દીનસું, સ્ત્રીને વસ કરી લેવી. શિક્ષા૦ ૨૯
દીવસે વાત વિચારી કરિએ, નીશા વિવેકે છાની જી;
કોઇ સમે કોઇ કેહેવું સાંભળે, ઉપજે મ્હોટી હાની. શિક્ષા૦ ૩૦
મ્હોટા સાથે નવ બગાડવું, નીચ ભલાઇ ન સારી જી;
નૃપ યોગીનો નહી આસંગો, ક્ષણમાં કરે ખુવારી. શિક્ષા૦ ૩૧
નમી ભીંતપર નાલો બારી, નવ ઠરવું તે હેઠ જી;
ભગ્ની ભ્રષ્ટ તન કળી પસ્તાવો, વણ સ્વારથની વેઠ. શિક્ષા૦ ૩૨
જાર જુગારી તસકર વ્યસની, વિશ્વાસે નવ રેહેવું જી;
વેહેવારે વેપારે લજ્યા, નવ ધરવી સટ કહેવું. શિક્ષા૦ ૩૩

હરી વીના કંઇ લુબ્ધાઇ નહી જાવું, જૂઠું સર્વે સમજવુંજી;
કાળ ઝપેટો પચક લાગશે, ભગવત ભજન ન તજવું. શિક્ષા૦ ૩૪
જે જે વાતે મીઠું કડવું, આપણુને જેમ લાગેજી;
તેજ પ્રમાણે સમજી લેવું, સહુને સુખદુખ લાગે. શિક્ષા૦ ૩૫
દંપતી વચ્ચે દૂત ન થાવું, કુડી સાખ ન ભરવીજી;
ના કરીએ અરીકેરી ચુગલી, અધરમ પક્ષ ન કરવી. શિક્ષા૦ ૩૬
માણસ જોઇને કામ પાડીએ, મુરખ મીત્ર ન કરિએ જી;
હઠ ના કરવી ખોટી વાતે, કુરને દ્વેષે મરિયે. શિક્ષા૦ ૩૭
દીન સગાંને દઇ ન માગવું, દે ઘણું માગે વાલીજી;
દાનો દુશમન ગુણે મારીએ, શકે ન ઊંચું ભાળી. શિક્ષા૦ ૩૮
મરમ વચન કોઇને નવ કહિએ, સુણતાં તે સંકોચજી;
વાટે જતાનું કષ્ટ કાપીએ, જ્યાંહાં લગી આપણી પોહોચ. શિક્ષા૦ ૩૯
મધુરી વાણિ વદિએ સહુથી, ઉદર રાખીએ ઉંડુંજી;
મળ્યા મનુષને પ્રાણ આપીએ, કોનું ન કરીએ ભુડું. શિક્ષા૦ ૪૦
કૃતી ઉપર ના ભુલી જઇએ, ગુણ સઘળેથી લેવોજી;
અંનદાતાને આધિન રેહેવું, લાલચ દગો ન દેવો. શિક્ષા૦ ૪૧
મહા મ્હોટું કંઈ સંકટ આવે, શ્રીહરી શરણે જાવુંજી;
હીંમત રાખી ઉપાય કરવો, પ્રાણમુક્ત ના થાવું. શિક્ષા૦ ૪૨
મુરખથી કહીં મમત ન કરવો, ગાંઠ ગોદડે દેવીજી;
અણી ચુકાવી કામ કહાડવું, આગળ વણસે કેવી. શિક્ષા૦ ૪૩
કદળી ઢોલ કુટીલજન કાંટી, કુટયા વણ ફળ નાપેજી;
દુષ્ટની સામાં સાધુ ન થાવું, થાતાં અતિ સંતાપે. શિક્ષા૦ ૪૪
કામ કપેચૂં કાંઇક આવે, ધીરા થાવૂ જાણીજી;
જલદ થયાથી જોખમ લાગે, પથ્થર ઊપર પાણી. શિક્ષા૦ ૪૫
જેવા સમો વિધિ પણ તેવી, કરતાં કારજ થાયજી;
એક રીતે અટકી નવ રેહેવું, રોગ પ્રમાણે ઊપાય. શિક્ષા૦ ૪૬
અગમ વિચારી સરવે કરવું, ગફલત કહીંએ ન રેહેવુંજી;
સહુનું વચન વિચારી જોવું, રોમ રોમ ચીત દેવું. શિક્ષા૦ ૪૭
ગુણવંતને કતિરાઈ ના કરવી, વૃદ્ધપણે લાલાઇજી;
ગુમાન ગરજ સમે નવ ધરવું, ભાગી જાય ભલાઈ. શિક્ષા૦ ૪૮

પરસ્પર જાઇને દુઃખ ના રેવું, કોઇ ન થાય વીભાગી;
પાછળથી પસ્તાવો ઊપજે, બાર જાય સહુ ભાગી. શિક્ષા૦ ૪૯

પરઘરમાં અચાનક ન જાવું, વાત કરી નવ હસવુંજી;
ગુંજ કરતાં હોય બે જણા ત્યાં, વણ તેડયાં નવ ધસવું. શિક્ષા૦ ૫૦

કૌતકમાં કુમક વણ સજ્જન, દુરીજન સાથ ન વઢવુંજી;
ગજ ગ્રહવાનો સામન લઇને, બકરી બંધન ન ચઢવું. શિક્ષા૦ ૫૧

રીતે પણ ખોટાની સાથે, વાદ ન કરવો વાતેજી;
ખરાબ ઠામે પથ્થર નાંખી, છાંટાવું નિજ હાથે. શિક્ષા૦ ૫૨

ઊલટી કૃતી ઘેલાની ગ્રહિયે, દાસ દક્ષના થઇએજી;
સર્વ ઠામથી ગુણ ગ્રહી લેવો, એમ ચતુરતા લહિયે. શિક્ષા૦ ૫૩

ક્લેશની ઊપર ક્લેશ રાખવો, ક્રોધની ઊપર ક્રોધજી;
મન મોહ મદ મચ્છર ના ધરવો, મનને કરવો બોધ. શિક્ષા૦ ૫૪

આ વ્હેવારચાતુરીની શિક્ષા, ધરશે ઉરમાં રાખીજી;
ભવ સુખને હરીપદ શુભ કીર્ત્તિ, આબરૂના અભીલાખી. શિક્ષા૦ ૫૫

પરચી પચાસનું ખત ના લખિએ, અંતે આવે એકજી;
ગળે પડે કોઇ ગુલામ માણસ, હાણી વાત વિવેક. શિક્ષા૦ ૫૬

સકળ ચાતુરી એક વચનમાં, કહું છું સહુ સાંભળજોજી;
હરીગુરૂ હરીજન સેવી સમરી, જનમ મરણથી ટળજો. શિક્ષા૦ ૫૭

આશ્રમ ચાર વિષે ગ્રહસ્થાશ્રમ, એક વાતથી મ્હોટોજી;
શ્રી હરીની સેવા બની આવે, માટે નહિ તો ખોટો. શિક્ષા૦ ૫૮

મત ભાવે આશ્રમ માંડો, મારે નહીં લેવા દેવાજી;
દયો કહે મારે તે મ્હોટો, કરે કૃષ્ણની સેવા. શિક્ષા૦ ૫૯

પદ ૨ જું.

ચેતવણી.

ચેત ચેત મન ચપળ થઇને, કૃષ્ણ કૃપાનીધી ભજની રે;
આ જૂઠી બાજી જગત તણી છે, તેથી મમતા તજની રે. ચેત૦ ટેક.

શું સુરખ મિથ્યા મારૂં કેહેછે, તારૂં તે સહુ ખોયું રે;
આ અમૂલ્ય હીરો હારીને તેં, પથ્થરમાં ચિત પ્રોયું રે. ચેત૦ ૧

આ ડાહપણ તારૂં મળ્યું ધુળમાં, ચુલે પડી ચતુરાઈ રે;
તું સેવા સમરણ નવ સમજ્યો, અંન બગાડ્યું ખાઈ રે. ચેત૦ ૨
તેં હેતે હરી સેવન ના કીધું, સંતોખ્યા નહિ સાધુ રે;
આ ધિ:ક પડો તારો જનમારો, વણસાડ્યું તે બાધું રે. ચેત૦ ૩
અલ્યા તું ત્હારી જનનીને શેંના, પથ્થર પડીયો પેટ રે;
જે લોક પખાલત વસ્ત્રજ વારૂ, તુજને નાખી હેઠ રે. ચેત૦ ૪
તોપણ કોઈનું કારજ સરતું, પણ તું તેથી માઠો રે;
કોઈને કામ કયમ હું ના આવ્યો, કિંચિત કહીં ના ગાઠયોરે. ચેત૦ ૫
આ જનમ દીવસથી જરા લગી તેં, કુત્સિત કૃત બહુ કીધાં રે;
આ માત પીતા આદે અતિસજ્જન, જનને દુખ બહુ દીધાં રે. ચેત૦ ૬
તું પાપ થકી બીહીનો નહી પાપી, વદ્યો ન જૂઠા પાખે રે;
કોટી જીવ કલપાવે મૂરખ, જૂઠી પૂરી સાખેરે. ચેત૦ ૭
વદવું નહીં તે વદે મુખેથી, ના ખાવું તે ખાએ રે;
તું તારા મનમાં મદમાતો, ના જાવું ત્યાંહાં જાએ રે. ચેત૦ ૮
આ વીષવતણું કૃત વાહાલું કીધું, મનથી માન્યું ઠીક રે;
વેદ શાસ્ત્રનું વચન ન માન્યું, ધરી ન હરીની બીક રે. ચેત૦ ૯
કપટ કરી લોકોને લૂટ્યા, પીંડ પોતાનો પોખ્યો રે;
દીન ઊપર નવ દયાજ આવી, પરમાત્મા બહુ દોખ્યો રે. ચેત૦ ૧૦
તું વૈષ્ણવ વેષે વાહાતો હીંડે, જ્ઞાન ઊપદેશ બતાવે રે;
પોતાનું મન પથ્થર સરખું, તેમાં દોષ ન લાવે રે. ચેત૦ ૧૧
દગો કરતાં દોષ ગણે નહીં, લાગ્યો જયમ ત્યમ લુંટી રે;
જો પરમારથ કણ જાતો દેખે, હઈડું ભાગે કુટી રે. ચેત૦ ૧૨
એમ કપટ કરી છળ ભેદ રચીને, પરવીત ઘરમાં ઘાલ્યું રે;
એમ કરતાં મૃત્યુ આવ્યું, તેથી કપટ ન ચાલ્યું રે. ચેત૦ ૧૩
પછી જમકીંકર ગરદન ગ્રહીને, કહાડયો ઘરથી બાહાર રે;
લેઈ ગયા જમપૂર ઝપાટી, દેતા માર અપાર રે. ચેત૦ ૧૪
ત્યાંહાં જઈ ઊભો રાખ્યો ધર્મ આગળ, શી આગ્ના છે સ્વામી રે;
જે વિધિ કહો તે વિધિ દુખ દઈયે, બોલ્યો મસ્તક નામીરે. ચેત૦ ૧૫
પછી ધર્મરાયે ત્યાં તુજને પૂછ્યું, કેહે કમાઈ શી કીધી રે;
તું ગયો હતો હરી સમરણ કરવા, કયમ થઈ નહીં સિદ્ધી રે. ચેત૦ ૧૬

ત્યાંહાં એવું કેહેતામાં ચિત્ર વિચિત્રે, કહાડ્યું તારૂં પાનૂં રે;
તે વાંચતાં મનમાં લજવાણો, એહેવું તારૂં છાનું રે. ચેત૦ ૧૭
તે સાંભળી ત્યાં ધરમ સભામાં, સરવે ડસીયા દંત રે;
ભાઈ આવો નિરલજ કોઇ ન દીઠો, કદી નઆવ્યો અંતરે. ચેત૦ ૧૮
પછે ક્રોધ કરી ધર્મ રાજા બોલ્યા, નાખો કુંભીપાક રે;
એ નફટ જીવને શી શીખામણ, ન મળે જેને નાક રે. ચેત૦ ૧૯
ધરમે એમ કહ્યું ત્યારે તું, બોલ્યો જોડી પાણ રે;
મેં ઝખ મારી હું હાર્યો સ્વામી, દીન વધો તું વાણ રે. ચેત૦ ૨૦
હવાં મનુષાદેહ એકવાર મુજને, આપો શ્રી માહારાજ રે;
હું હવે હરિસમરણ નહિ ભૂલું, અન્ય કરીશ નહીં કાજરે. ચેત૦ ૨૧
એમ કોટી કાલાવાલા કરતાં, કૃપા કરી ધર્મ ભૂપ રે;
જો જે ના ભૂલીશ કહી આપ્યું, મનુષાદેહ સ્વરૂપ રે. ચેત૦ ૨૨
તૂં એમ કરાર કરી આવ્યો છે, તે તું શે નવ જાણે રે;
તું હવાં જઇ ઊત્તર શો આપીશ, હરિગુણ મુખ ના આણે રે. ચેત૦ ૨૩
તું ફોકટ ફજેત શીદ થાએ છે, કહ્યું માનની મારૂં રે;
હું સાચું કહું છું સમજ હરી ભજ, શીદ બગાડે તારૂં રે. ચેત૦ ૨૪
આ જે દેખે છે તે સહુ ખોટું, સાચું હરીનું નામ રે;
વણ દામે લુટી લે તેહેને, નથી દ્રવ્યનું કામ રે. ચેત૦ ૨૫
આ સુખ સંપત ઘર ઘરૂણી દેખી, શીદ હરાયો હીંડે રે;
આ તું માં જાણીશ ઝાઝું જીવીશ, આવ્યું ટાંડે મીંડે રે. ચેત૦ ૨૬
તું દૃદે થકી નથી હેત ધરીને, ભજતો વૈકુંઠનાથ રે;
તો પાછળથી પસ્તાવું પડશે, ઘસવા પડશે હાથ રે. ચેત૦ ૨૭
ભાઈ આ મનુષ્ય દેહ મોંઘો છે, મળશે નહીં વારે વારે રે;
જો આ અવસર ચુકયો તો નિશ્ચે, લક્ષ ચોરાસી તારે રે. ચેત૦ ૨૮
ત્યાં ખર શુકર ગંડક ગૃધ્રવ, જાતીમાં જઇ અવતરશો રે;
ત્યાંહાં પ્રભુસ્મરણ કરવાની ગત્ય નહીં, ચારે ખાણ રડવડશો રે. ચેત૦ ૨૯
તે માટે મારૂં કહ્યું કરીને, ગોવીંદના ગુણ ગાની રે;
આ માયા મમતા મુકીને તું, તારૂં ચેતી જોની રે. ચેત૦ ૩૦
તું આવ્યો ત્યારે શું લેઇ આવ્યો, જાઇશ કહે શું લેઇ રે;
તું બીજું તારૂં શુંજ બતાવે, તારી છે નહી દેહ રે. ચેત૦ ૩૧

મારૂં મારૂં કરીને મુરખ, મુઓ તું દોડી દોડી રે;
વ્રથા વિટંબણ શીદ કરેછે, સંગ ન આવે કોડી રે. ચેત૦ ૩૨
ભાઇ ત્હારે કીધે વતું ઓછું, લેશ માત્ર નહીં થાય રે;
એ કરતા હરતા બીજો છે, તું વચ્ચે શીદ અથડાય રે. ચેત૦ ૩૩
લખ્યું ન મિથ્યા થાય કદાપી, ભાગ્ય વિશેછે જેહ રે;
તેહેની મેળે વણ માગ્યું, આવી મળશે તેહરે. ચેત૦ ૩૪
તે માટે કોટી કલ્પના કાહાડી, ગાની શ્રી ગોવીંદ રે;
એ દાસ દયાના પ્રભુને ભજતાં, થાશે અખિલાનંદ રે; ચેત૦ ૩૫

પદ ૩ જું.

રાગ ખમાચ.

ભજને શ્રી હરી કરી સહુ કલ્પના પરી,
તારી કલ્પનાએ વાત કહે કશી સરી; ભજને શ્રી હરીને૦
નાણી જોયું નિત્ય તોયે શિદ મથે મરી,
આ અમુલ્ય સમય ગયો નહિ મળે ફરી; ભજને શ્રી હરીને૦ ૧
દુ:ખ મૃત્યુ કોણ માગવાને જાય છે,
જો સમે આવી તે સહેજ પ્રાપ્ત થાય છે; ભજને શ્રી હરીને૦ ૨
એજ રીતે સુખ સર્વ શાસ્ત્ર ગાય છે,
માની હુંપદ તું શીદ દુ:ખમાં દબાય છે; ભજને શ્રી હરીને૦ ૩
જેને નિમિત નીરમ્યું જે તેહ ત્યાં જશે,
પૂર્વ ભવે સંચ્યું તે પ્રમાણે પામશે; ભજને શ્રી હરીને૦ ૪
ધાર્યું ધણિયે તેજ થયું થાયછે થશે,
તું વૃથા વિટંબના કરીશ તેજ ઉગરશે; ભજને શ્રી હરીને૦ ૫
કરવો ઉદ્યમ કહ્યો છે પણ રૂડિ રીતિનો,
તું તો છેક ભજન ભુલી કરે અનીતિનો, ભજને શ્રી હરીને૦ ૬
એક અંશ પ્રભુ વિષે તુંને ન પ્રીતનો,
ભાજનો વિચાર ચિત્ત રાખ જીતનો; ભજને શ્રી હરીને૦ ૭
રાખ્ય દૃઢ ભરૂંસો એક નાથજી તણો,
અવળું સવળું કરશે જન જાણી આપણો; ભજને શ્રી હરીને૦ ૮
દીનવત્સળ દેવ તે દયાળુ છે ઘણો,
ટેકધર દયા બહુ શ્રી કૃષ્ણથી ભણો; ભજને શ્રી હરીને૦ ૯

પદ ૪ થું.

તારો અમુલખ અવસર જાય રે ગોવિંદ ગા રે ;
ગોવિંદ ગા ગોપાળ ગા ગોપીજન વલ્લભ ગા રે ;
જોને ક્ષણે ક્ષણે હાની થાય ગિરવરધારી ગાને;-ટેક.

મૂરખ તું સમજે નહીં, આયુષ ઓછું થાય ;
જ્યમ સરોવરની માછલી, સમજે નહિ સલિલ સુકાય રે ; ગોવિંદ૦ ૧
તેનું તે ભાસે તુને, ભાર બપોર શરીર;
વહી જાતું જાણે નહીં, જ્યમ નદિયોનું નીર રે; ગોવિંદ૦ ૨
અમુલખ લટકું લાભનું, ચેત્યા તે પામ્યા પાર;
ચાર દિવસની ચાંદની, જાતાં નહિ લાગે વાર રે ; ગોવિંદ૦ ૩
માયાની મધ-લાળથી, કોણ ધરાયું તું ધરાશે;
દુગ્ધામાં બન્ને જશે, પાછળથી પસ્તાશે રે; ગોવિંદ૦ ૪
ડાલાં થોથાં કુટતાં, ખુટ્યું દીપક તેલ ;
મનના મનોરથ રહી જશે, ઓચીંતો તુટી જાશે ખેલ રે ; ગોવિંદ૦ ૫
માયા મેવો મીઠડો, જ્યમ જ્વરમાં ધીજ ;
હરી રસાયણ ગુણ ઘણો, ઔષધ જાણીને પીજ રે ; ગોવિંદ૦ ૬
પ્રભુ પાખે હે પ્રાણિયા, કોઇમાં પ્રીત કરીશ ;
તારૂં ઢાંકયું અંતર ધીકશે, ટટળીને તલશિ મરીશ રે; ગોવિંદ૦ ૭
અંતે આવી પળ નહિ મળે, જો કરે કોટિ ઉપાય ;
વિચાર વિઠ્ઠલ વણ ભજે, વૃથા વહ્યું સૌ જાય રે ; ગોવિંદ૦ ૮
તને અનેક વાતની એક કહું, સમ ખાઇ માબાપ ;
દયા નામ શ્રી કૃષ્ણથકી, સમશે સૌ પરિતાપ રે ; ગોવિંદ૦ ૯

પદ ૫ મું.

ચિત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે;-ટેક.

સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બલ ઠરે;
સમરણ કર શ્રી કૃષ્ણચંદ્રનું, જન્મ મરણ ભય હરે; કૃષ્ણને૦ ૧
નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું, ત્યારે, લખ ચોરાશી ફરે, કૃષ્ણને૦ ૨
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણિનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથિ નવ ફરે; કૃષ્ણને૦ ૩

દોરી સૌની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વજાડે જંત્રી, તેવો સ્વર નીસરે; કૃષ્ણને૦ ૪
તારૂં ધાર્યું થતું હોય તો, સુખ સંચી દુખ હરે;
આપપણું અજ્ઞાન ભુલ એ, મૂળ વિચારે ખરે; કૃષ્ણને૦ ૫
તારૂં ધાર્યું થાય તેટલું, હરિ ઇચ્છા અનુસરે;
સદાકાળ તે રીત નિમિ નહી, શિદ હુંપદ મન ધરે; કૃષ્ણને૦ ૬
જેવું જેટલું જયમ જે કાળે, તે તેને કર ઠરે;
કોઇથી ફેર પડે નહીં તેમાં, શાને કુટી મરે; કૃષ્ણને૦ ૭
થાવાનું વણ કીધે થાશે, ઉપનીષદ ઊચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે; કૃષ્ણને૦ ૮

પદ ૬ ઠું.

રાગ ખમાચી.

હો મનવા શ્રી હરિ શરણે રહેજે;
અવર ઊપાય નથી કાંઇ બીજો, કૃષ્ણ કૃષ્ણ મુખ કહેજે; ટેક.
અકળ અવિદ્યાનિ જાળમાં રે, પડિયા પંડિત શુર;
જ્ઞાનિ વૈરાગિ જોગી જતીરે, આવિ કર્યા ચકચુર; હો મનવા૦ ૧
સ્ત્રી એજ મોટી મોહનીરે, બિજું સૌ એની હેઠ;
પહોચેલાને પણ પાડે પલકમાં, છેલી સિડી લગિ ઠેઠ; હો મનવા૦ ૨
જ્ઞાન વૈરાગ્ય ગોડે નહિંરે, ન ઊપજે હરિશું હેત;
જાય વિવેક વિકલ રહે તન, જ્યારે ચતુરા ચોરે ચિત; હો મનવા૦ ૩
ઇંદ્ર ચંદ્ર પારાશર મુનિરે, એકલશૃંગી મુન્ય;
શિવ બ્રહ્માદિક ભુલિયારે, એથિ મોટો કોણ અન્ય; હો મનવા૦ ૪
મન તો ભ્રષ્ટ બધા વિશ્વનુંરે, તનથી ન રહેવું સ્ત્રી પાસ;
ધીરાને ચંચળ કરે રે, ઘડિમાં ઘાલે સત્યાનાશ; હો મનવા૦ ૫
ચતુરાઇ સઊની ચુલે પડી રે, કોઇનું ન ચાલે જોર;
દયા જગતમાં તે બચે, જેનો કર ગ્રહે નંદકિશોર; હો મનવા૦ ૬

પદ ૭ મું.

જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઊરમાં ઠરે.—ટેક.
સિંહણ કેરૂં દુધ હોય તે, સિંહણ સુતને જરે;
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે; પ્રેમરસ૦ ૧

સોમવલ્લિ રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગળ-વંશીને વમન કરાવે, વેદવાણી ઊચરે; પ્રેમરસ૦ ૨

શકરખોરનું શાકર જીવન, ખરના પ્રાણજ હરે;
ક્ષારસિંધુનું માછલડું જયમ, મીઠા જળમાં મરે; પ્રેમરસ૦ ૩

ઊત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે;
મલભોગી બગલો મુક્તાફળ, દેખિ ચંચુ નવ ભરે; પ્રેમરસ૦ ૪

એમ કોટિ સાધને પ્રેમવિના, પુરૂષોત્તમ પુંઠ ન ફરે;
દયા પ્રિતમ શ્રી ગોવરધનધર, પ્રેમભક્તિયે વરે; પ્રેમરસ૦ ૫

ધીરો ભકત.

પદ ૧ લું.

ખબરદાર મનસુબાજી, ખાંડાની ધારે ચડવું છે;
હિંમત હથિયાર બાંધી રે, સત્ય લડાઇયે લડવું છે; ટેક.

એક[1] ઉમરાવને બાર[2] પટાવત, એક એક નિચે ત્રીસ ત્રીસ;
એક ધણિને એક એક ધણિયાણી એમ, વિગતે સાતસેને વીશ;[3]
સો સરદારે ગઢ ઘેર્યો રે, તેને જીતી પાર પડવું છે; ખબરદાર૦ ૧

પાંચ પ્યાદલ તારી પુંઠે ફરેછે, ને વળી કામને ક્રોધ;
લોભ મોહ ને માયા મમતા એવા, જુલમી જોરાવર જોધ;
અતી બળીષ્ટ સ્વારીરે, એ સાથે આખડવું છે; ખબરદાર૦ ૨

પ્રેમ-પલાણ ધરી જ્ઞાન-ઘોડે ચઢી, સદગુરૂ શબ્દ લગામ;
શીલ સંતોષ ને ક્ષમા ખડગ ધરી, ભજન ભડાકે રામ;
ધર્મ ઢાળ ઝાલી રે, નિર્ભે નિશાને ચઢવું છે; ખબરદાર૦ ૩

સુરત નુરત ને ઇંડા પિંગળા, સુષુમણા ગંગાસ્નાન કીજે;
મન પવનથી ગગનમંડળ ચઢી, ધીરા સુધારસ પીજે;
રાજ ધણું રીઝે રે, ભજનવડે ભડવું છે; ખબરદાર૦ ૪

---

૧ વર્ષ. ૨ માસ. ૩ દિવસ તથા રાત્રિયો મળીને.

પદ ૨જું.

અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલી રે, મુરખ જ્યારે સુતો મરવા; ટેક.
બાળપણે ઘર ધંધામા ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યો રે, પથ્થરને નાવે બેઠો તરવા; અંતે સંતને૦ ૧
અંત સમે છાપ તિલક બનાવે, ભુલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન એમ, કેમ આવે વૈમાન;
ગુરૂજ્ઞાન નાખ્યું રે, બુદ્ધિ તારી ગઈ ચરવા; અંતે સંતને૦ ૨
જુવતિ નારિને જેવી પુત્રની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃદ્ધ નારીને નહીં પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય;
હરિને બેઠો ઠગવા રે, એંશી વર્ષે વર વરવા; અંતે સંતને૦ ૩
વિશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભય જાય;
હરિશું ધાયા તે બહુ કમાયા તેને, મળિયા નિરંજન રાય;
દાસ ધીરો કહેછે રે, મટ્યા ચોરાશી ફરવા; અંતે સંતને૦ ૪

પદ ૩ જું.

મન તુંહીં તુંહીં બોલે રે, આ સુપના જેવું તન તારૂં;
અચાનક ઊડી જાશે રે, જેમ દેવતામાં દારૂ; ટેક.
ઝાકળ જળ પળમાં વળિ જાશે, જેમ કાગળ ને પાણિ;
કાયાવાડી તારી એમ કરમાશે, થઈ જાશે ધુળધાણિ;
પાછળથી પસ્તાશે રે, મિથ્યા કરી મારૂં મારૂં; મન તુંહીં તુંહીં૦ ૧
કાચનો કૂંપો કાયા તમારી, વણસતાં નહિ વાર;
જીવ કાયાને સગાઈ કેટલી, મુંકી ચાલે વનમોઝાર;
ફોગટ ફુલ્યાં ફરવું રે, ઓચિંતુ થાશે અંધારૂં; મન તુંહીં તુંહીં૦ ૨
જાયું તે તો સર્વે જાવાનું, ઊગરવાનો ઊધારો;
દેવ ગાંધર્વ રાક્ષસ ને માણસ, સઊને મરણનો મારો
આશાનો મેહેલ ઊંચો રે, નિશ્ચું આ કાચું કારભારૂં; મન તુંહીં તુંહીં૦ ૩
ચંચળ ચિત્તમાં ચેતીને ચાલો, ઝાલો હરીનું નામ;
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ;
ધીરા ધરાધરથી રે, નથી કોઈ રહેનારૂં; મન તુંહીં તુંહીં૦ ૪

પદ ૪ થું.

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઇ દેખે નહીં;
અજા જુથ માંહે રે, સમરથ ગાજે સહીં; ટેક.

સિંહ અજામાં કરે ગરજના, કસ્તુરિ મૃગ રાજંન;
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશન;
દધી ઓથે ધૃતજ રે, વસ્તુ એમ છુપી રહી; તરણા ઓથે૦ ૧

કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમકેરી ગમ નહીં રે, વાણિ ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં; તરણા ઓથે૦ ૨

મન પવનની ગતી ન પહોંચે, અવિનાશી રે અખંડ;
રહ્યો સચરાચર ભર્યા બ્રહ્મ પૂરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ;
ઠામ નહીં ઠાલો રે, એક અણું માત્ર કહીં; તરણા ઓથે૦ ૩

સદગુરૂજીએ કૃપા કરી ત્યારે, આપે થયા રે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ;
દાસ ધીરો કહે છે રે, જ્યાં જોઊં ત્યાં તુંહીં તુંહીં; તરણા ઓથે૦ ૪

પદ ૫ મું.

ઇશ્વરની માયા વિષે.

મુનિજન મોહ્યા રે, મહામસ્તાનિ માયા;
બંધને બંધાયા રે, રંક ને રાણીજાયા.—ટેક.

મોટા મોટા નર વિંધાણા, ધિર વિર સમરથ શુર;
જોગી જંગમ જતિ શેવડા, ચોગી કર્યા ચકચૂર;
સન્યાસી ને સ્વામી રે, લાલચમાં લપટાયા; મુનિ૦ ૧

ખેપ કરીને ક્ષત્રિ રે ખાધા, બ્રાહ્મણ શુદ્ર ને વૈશ્ય;
નાદી ભેદી પંડિત પુરાણી, પછાડ્યા પરમહંસ;
વિવેકના સાગરરે, વિષયમાં વિંટાયા; મુનિ૦ ૨

પારાશર સૌભરી પુરંદર, નારદને વશ કીધ;
ચંદરમા ચીતમાં લલચાયા, લક્ષણવંતા લુટિ લીધ;
એકલશૃંગી રૂષી રે, ઓળમાં અટવાયા; મુનિ૦ ૩

વિશ્વ બધું છે એના વશમાં, મોહ્યા ચૌદ લોક;
બ્રહ્મા શિવ સનકાદિક મોહ્યા, એની આગળ ડહાપણ ફોક;
દાસ ધીરો કહે છે રે, કોણ માનવ કાયા; મુનિ૦ ૪

પદ ૬ ઠું.

જીવરૂપી થાણદાર વિષે.

થાણદાર થયા રે, થાણાને રાખો ઠેકાણે;
દુર્લભ દેહ નગરી રે, માંહિ બેઠા માણે;—ટેક.

કુડા પાંચ[1] પચીશ[2] ઠગારાં, રઈયતને રંજાડે;
ચંચળ ચોર કરે માંહિ ચોરી, ભવન બહુ ભંજાડે;
ધરપત ન ધારે રે, ધરાયો ને ભરે ભાણે; થાણદાર૦ ૧

સત્ય ધરમરૂપી પટાવાલા, હુકમ કરો તો બાંધિ આણે;
તસ્કર સઘળાને વશ કરીને, નાંખોને બંધીખાણે;
દંડ દેઇ તેને રે, ઘાલો અવળે ઘાણે; થાણદાર૦ ૨

છુપી રહ્યા છે દોતિયા બે રૂડા; તેને તું નવ જાણે;
જે જે કર્મ કરોછો પ્રતિદિન, તે લખિ લેશે તે ટાણે;
દફતર દેશે ધણિને રે, હિસાબ લેશે દાણે દાણે; થાણદાર૦ ૩

પાંચ પ્રકૃતિના કર શુભ બાંધી, વૃત્તિ રાખો થિર થાણે;
ધીંગો ધણી છે દાસ ધીરાનો, એને ઓળખી લેજો એંધાણે;
અવિચળ ગાદિ આપે રે, આપ રૂપ પરમાણે; થાણદાર૦ ૪

મુકુંદ.

પદ ૧ લું.

કપોતની કહે છે રે, કંથ મારૂં કહ્યું કરો;
સીંચાણાનો ભે છે રે, પારધીએ બાણ ભર્યો;—ટેક.

અહીંથી ઉડી જૈ અળગાં રહિયે, આ દેશ તજી પરદેશ;
મરમ વચન પીયુ મારાં રે માનો, લાજ નહીં લવલેશ;
પ્રમાદને મેલો રે, રાંક વેણ રૂદે ધરો; કપોતની૦ ૧

---

૧ વિષય. ૨ પ્રકૃતી.

કપોત કંથ કહે કાયર કામની, હોનાર છે તે હશે;
શત્રુનું સાલ તે સેજમાં ટળશે, કર્યું કર્તાનું થશે;
હરદે હરિ રાખો રે, મુખે કૃષ્ણ કૃષ્ણ ઊચરો; કપોતની૦ ૨
અહિ ડસ્યો પારધિને પાયે, ડગ્યો બાણ તે વાર;
સીંચાણાનું છેદાયું શિર, કૃષ્ણ કરણી કરતાર;
ભાવે ગુણ ભાઓરે, ભવજળ તરો તરો; કપોતનો૦ ૩

તન તરૂવર પ્રાણ પંખીડો, પ્રવૃત્તિ નિવૃત્તિ બે નાર;
અહંકાર અહિ ને જરા પારધી, ક્રોધ સીંચાણો નિર્ધાર;
મુકુંદ મનમાંથી રે, પ્રભુ ન રાખો પરો; કપોતની૦ ૪

પદ ૨જું.

ટીટોડી કહે તજિયે રે, ભૂમી ઉપર ભારથ થશે;
અઢાર અક્ષોણી રે, દળ અટવાઈ જશે;-ટેક.
ભૂમિ તજી જૈ વ્યોમે વસિયે, પણ ભવિષ્ય ન ભૂલે;
કૃષ્ણે કર્યું તે કોઇથી ન મટે, શું ડહાપણમાં ડૂલે;
હજુર હુકમથી રે, હોનારૂં તે સેજે હશે; ટીટોડી૦ ૧
રામ પ્રગટીને રાવણ રોળ્યો ને, પાણીમાં બાંધી પાળ;
સોનાની લંકા ક્ષણમાં લુટાવિને, વિભિષણ કર્યો રે ભૂપાળ;
વીશે ભૂજ વાઢયા રે, છેદ્યાં મસ્તક દશે; ટીટોડી૦ ૨
પ્રલ્હાદજીની પ્રતિજ્ઞા પાળી, હિરણ્યકશ્યપુ હણ્યો;
નરસિંહ રૂપ ધર્યું મારે નાથે, બ્રહ્માના વરને ગણ્યો;
હરિથી સરવે હેઠું રે, ઊગરે નહિ ઊપાય કશે; ટીટોડી૦ ૩
ગજઘંટ નાંખીને ઇંડાં ઉગાર્યાં, પક્ષીની કીધી પ્રતિપાળ;
મુકુંદ કહે મધુસુદન મોટા, સમરો દીન-દયાળ;
ભાળ મને લાગી રે, હરિ હરીજનમાં વસે; ટીટોડી૦ ૪

પદ ૩જું.

ભવિષ્ય ન ભૂલે રે, ડુલે કોઈ ડાહ્યા થઈ;
ફાટયા મનના ફૂલે રે, કર્તા કૃષ્ણ વિના નહીં;-ટેક.
રાજપાટ સુખપાલ સાહેબી, હય ગજ રથ ભંડાર;
અખિલ લોકમાં આણ ફરે એવો, પરિક્ષત પુન્યનો ન પાર;
ભવિષ્ય ન ભૂલ્યું રે, અંતે આવી ડસ્યો અહિ; ભવિષ્ય૦ ૧

શુકજી સદગુરૂ મળીને તેને, શ્રીમદ શુણાવ્યું કાન;
સાત દિવસમાં સદગતિ આપી, વેગે આવ્યું વૈમાન;
કૃષ્ણની કથાની રે, કીર્ત્તિ જૂગ જૂગ રહી; ભવિષ્ય૦ ૨
પોપટ ભણાવતી પુક્ષણી તારી, રસનાયે કહેતી રામ·
અજામેળનાં અઘ નિવર્ત્યા, પુત્ર પટંતર નામ;
નરહરિ એવારે, ગુણ એના રહેજો ગ્રહી; ભવિષ્ય૦ ૩
જપ તપ જગન કે ભજનથી જે જપે, નામ મહાત્મ્યનું નેમ;
અખિલ ઊપાસન એ વિના લૂખું, મુકુંદ મનશું પ્રેમ;
કૃષ્ણ કહ્યે કાયર રે, તને કર્મહીણ કહી; ભવિષ્ય૦ ૪

ભુખ્પણ.

છંદ ભુજંગીની ચાલ.

કશી વાતનો ખરખરો મન નાણો, સુખ દુઃખ તે દેહના ધર્મ જાણો;
કરોને તમે કોટી લક્ષ પ્રકાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૧
હરીચંદ્ર રાજા મહા પુન્યવાન, નહીં કોય સંસારમાં એ સમાન;
તેણે નીચ ઘેર વહ્યો નીરભાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૨
સતી મુખ્ય કહાવે અહલ્યાજિ જેહ, જેના નામથી થાય નિષ્પાપ દેહ;
તેણે ઇંદ્ર સાથે કર્યો વ્યભિચાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૩
જુવો જાનકીજી પડ્યાં દુષ્ટ હાથ, જેના સ્વામિ છે કોટિ બ્રહ્માંડનાથ;
આપોઆપ લક્ષ્મિ તણો અવતાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૪
વળી પાંડવોની કહું એક વાત, જેના સારથી નિત્ય વૈકુંઠનાથ;
હાર્યા રાજ રિદ્ધી તથા નિજનાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૫
મહા પુન્યકારી જેને સિદ્ધનાથ, ચાલી નીસર્યા નારિ લઈ વન સાથ;
બહુ કષ્ટ વેઠ્યું તેણે વર્ષ બાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૬
શા માટે તમે ભાર માથે ધરો છો, વળી હું કરૂં હું કરૂં એ કહો છો;
કરોને તમે ચિત સાથે કરાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૭
કરી વીનંતી સર્વને કહું વાત, રચ્યા ભુખ્પણે તે શુણો શ્લોક સાત;
ઘણું સાંભળ્યા જોગ સાધુ વિચાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર. ૮

મંજુકેશાનંદ.

પદ ૧લું.

નર તન પામી, હાર્યો જીતી બાજી મૂઢ અજ્ઞાની;
ખોટા સંતતણી, શિખામણ તેં અંતરમાં સત્ય માની; ટેક.
કામી ક્રોધી ગુરૂ તુને એમ કહેછે, તારા દેહમાંહીજ પ્રભુ રહેછે;
તું બાહાર તે શું શોધે છે; નર તન પામી. ૧
એમ કહિ પરનારી સંગ કરે, કરી ચેલા તેનું દ્રવ્ય હરે;
તેનું પાપ હૈયામાં નવ ધરે; નર તન પામી. ૨
કોઇ કહેછે મન મારો ભાઈ, કોણ છે ભગ્ની પુત્રી માઈ;
તેનો સંગ કરે મહાતમ ગાઈ; નર તન પામી. ૩
એમ દૈત્યગુરૂ શિક્ષા દેછે, તેને મૂરખ સત્ય માની લે છે;
મંજુકેશાનંદ સાચું કહેછે; નર તન પામી. ૪

પદ ૨ જું.

જોને જાગીને, અંતરમાં અંધારૂં મૂરખ તારે;
સાચા સંત હરી, ઓળખિને તું હૈડામાં નવ ધારે; ટેક.
દેહનુમાંય પ્રભુને શોધે, તે કપટી ગુરૂકેરે બોધે;
તેમાં તારૂં મનડું નવ રોધે; જોને જાગીને. ૧
વળિ નાગ પાંચમ આવે જ્યારે, કરી સર્પ લિંટો પૂજે ત્યારે;
સાચા નાગને લાકડિયે મારે; જોને જાગીને. ૨
જેમ ઘૂડ રવીને નવ દેખે, તેમ અજ્ઞાની પ્રભુ નવ પેખે;
તેનો મનુષ્યા-દેહ જાય અલેખે; જોને જાગીને. ૩
તને જમડા લેઈ જાશે તાણી, તારે મુખથી નહિ બોલાય વાણી;
મંજુકેશાનંદ કહે સત્યવાણી; જોને જાગીને. ૪

પદ ૩જું.

શું સમજીને, મુખથી વેણો બોલે ચાવી ચાવી;
વળિ જ્ઞાન કરે, ભોળાજનને ખોટી સાખ્ય બતાવી; ટેક.
તું ખોટા ગુરૂને સાચા જાણે, તેના દોષ હૈયામાં નવ આણે;
તને પડશે ખબર મરવા ટાણે; શું સમજીને. ૧

બાવળમાં આંબા બુદ્ધિ લાવે, તેને કેરો કદિયે નવ આવે;
તેની શૂળ વાગી પીડા પાવે; શું સમજીને૦ ૨
વળી નપુંશકની નારી કહાવે, તેને પુત્રતણું સુખ નવ આવે;
તેને રાત દિવસ દુઃખમાં જાવે; શું સમજીને૦ ૩
તેમ ખોટા ગુરૂને શરણે જાય, તેનું કલ્યાણ કયારે નવ થાય;
મંજુકેશાનંદ એ સત્ય ગાય; શું સમજીને૦ ૪

રઘુનંદન.

પદ ૧ લું.

હુંપદ ગળતાં, કારજને કારણ દેખ્યું નહિ કોઇ;
ત્વંપદ ટળતાં, તતપદને ભુલ્યો રે અસિપદ જોઇ; ટેક.

નહિ નામ ને રૂપ ને રંગપણું, નહિ લાભ ને ખોટ ને અલ્પ ઘણું;
નહિ સ્થાનક તેજ ને તિમર ગણું, હુંપદ૦ ૧
નહિ જ્ઞાનાજ્ઞાન વિબુધ મંદા, નહિ આશ્રમ જાતિ વરણ ફંદા;
નહિ ઉડગણ દિનકર ને ચંદા, હુંપદ૦ ૨
નહિ પુણ્ય ને પાપની વિષમ-મતિ, નહિ સ્વર્ગ નિવાસ ને નરક ગતિ;
નહિ નિર્ગુણ સગુણ વિવાદ રતિ, હુંપદ૦ ૩
ઉપનિષદ લક્ષ અવાચ્ય કહે, સદગુરૂ કરૂણાથી શિષ્ય લહે;
સમજી રઘુનંદન મૌન રહે, હુંપદ૦ ૪

પદ ૨ જું.

ગુરૂ શરણ ધરી, સાધન ચાર વીચાર કરી મન ધારો;
અભિમાન કરી, મનુષ્ય જનમ હીરો શા માટે હારો; ટેક.

દેહાદિક સકળ અસત્ય કહિયે, સચ્ચિદાનંદ સત્યપણે ગ્રહિયે;
તેમ વસ્તુ વિવેક કરી લહિયે, ગુરૂ શરણ૦ ૧
ખોટું છે સુખ વિષયતણું જેવું, બ્રહ્માદિકને પણ છે તેવું;
તે માટે આતમ સૂખ લેવું, ગુરૂ શરણ૦ ૨
મન તો મોરલી-ધરમાં ધરિયે, રસનાએ રામરટણ કરિયે;
શુભ કર્મ કરી ફળ પરહરિયે, ગુરૂ શરણ૦ ૩
ગુરૂ જ્ઞાન થકી સંશય નાશે, સાધનથી ચપળપણું જાશે;
રઘુનંદન રૂપ પ્રગટ થાશે, ગુરૂ શરણ૦ ૪

પદ ૩ જું.

"જો જાગીને, માયાનું અંધારૂં મૂરખ મોટું," એ રાગ.

ઓ અણભાગી, માયા-ઘેન તજીને જોને જાગી;
મમતા ત્યાગી, સહજાનંદ લગનમાં રહેને લાગી; ટેક.

ધન ધામ પ્રજા ધરણી નારી, એ અસત્યપણે ઊરમાં ધારી;
રવિ કિરણે જેમ કલ્પ્યું વારી, ઓ અણભાગી૦ ૧

કરે પ્રીત કરી પાલણુ તેનું, નવ દીઠું અંગ અમર કેનું;
તેં તો અતુલ્ય ગુમાન કર્યું એનું, ઓ અણભાગી૦ ૨

સંસાર તણા સુખમાં મોહ્યો, નિજ ધર્મ વિચારી નવ જોયો;
નર દેહ ધરીને એળે ખોયો, ઓ અણભાગી૦ ૩

સતસંગ મહા નિધિમાં નાયે, વીષ રૂપ વિષયમાં નવ ધાયે;
રઘુનંદન ગુરૂ શરણે જાયે, ઓ અણભાગી૦ ૪

ભોજો ભગત.

પદ ૧ લું.

આખ્યા.

દૂનિયાં દીવાની કહેવાશે રે, ભુંડી ભિતોમાં ભટકાશે; ટેક.

પાપ જ્યારે એનું પ્રગટ થશે ત્યારે ભૂવા જતી ઘેર જાશે;
ધુણી ધુણી એની ડોકજ દુખશે ને, લેનારો લેઇ ખાશે રે; દૂનિયાં૦ ૧

સ્વરગમાં નથી સૂપડું ને, નથી ખાંડણિયો ને ઘંટી;
દુધ ચોખાના જમનારા તમે, કેમ કરી જમશો બંટીરે; દૂનિયાં૦ ૨

ઢુંગ કરીને ધુતવાને આવે ત્યારે, હાથ બતાવા સૌ જાશે;
કયારે આના કર્મનું પાનું રે ફરશે, અને કયારે પુત્રજ થાશે રે; દૂનિયાં૦ ૩

કીમિયાગર કોઈ આવી મળે ત્યારે, ધનને વાસ્તે ધાશે;
ભોજો ભગત કરે ભ્રમણામાં ભમતાં, ગાંઠની મૂડિ ગમાશે રે; દૂનિયા૦ ૪

પદ ૨ જું.

આશાવરી.

મૂરખો રળી રળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો;–ટેક.

ધાઈ ધુતીને ધન ભેગું કીધું, કોટિધ્વજ કહેવાણો;
પુન્યને નામે પા જૈ ન વાવર્યો, અધવચથી લુંટાણો રે; મૂરખો૦ ૧
ભર્યા કોઠાર તારા ધર્યા રહેશે, નહિ આવે સાથે એક દાણો;
મસાણની રાખમાં રોળાઈ ગયા કંઈક, કોણ રંક ને કોણ રાણોરે; મૂરખો૦ ૨
મંદિર માળિયાં મેલી કરીને, નીચે જઈ ઠેરાણો;
ભોજો ભગત કહે મુવા પુંઠે જીવ, ઘણો ઘણો પસ્તાણો રે; મૂરખો૦ ૩

પદ ૩ જું.

આશાવરી.

મૂરખો માની રહ્યો મારૂં રે, તેમાં કાંઇયે નથી તારૂં; ટેક.

સાત સાયર જેની ચોકી કરતા, ફરતું નીર ખારૂં;
ચૌદ ચોકડીનું રાજ્ય ચાલ્યું ગયું, રાવણાદિક વારું રે; મૂરખો૦ ૧
દુખને તો કોઈ દેખે નહીં ને, સુખ લાગે સારૂં;
વેળા વેળાની છાંયડી તારી, વળિ જાશે વારૂં રે; મૂરખો૦ ૨
હરી ભજનમાં હેતજ રાખો, સ્મરણ કરો સારૂં;
ભોજો ભગત કહે રાખો રૂદેમાં, પ્રભુનું ભજન પ્યારૂં રે; મૂરખો૦ ૩

પદ ૪ થું.

આશાવરી

ભગતી શીશતણું શાટું રે, આગળ વસમી છે વાટું; ટેક.

એક દિવસ તો આવિ બની રાજા, મૂરધ્વજને માથે;
કાશિયે જૈને કરવત મુકાવ્યું, હરિજનને હાથે રે; ભગતી૦ ૧
સત્યને કાજે ત્રણે વેચાયાં, રોહિદાસ ને રાણી;
રૂષિને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણી રે; ભગતી૦ ૨
પેરો પટોળાં પ્રેમનાં રે તમે, શૂરવીર થઈ ચાલો;
ભોજો ભગત કહે ગુરૂ પરતાપે, અમરાપર હાલો રે; ભગતી૦ ૩

માંડણ.

પદ ૧ લું.

રાગ વેળાવર.

શેઠ કીધો હવે શામળો, જેણે મહાધન આલ્યુ;
નાણું ખરૂં હરી નામનું, ત્રણ લોકમાં ચાલ્યું; શેઠ કીધો૰ ૧
અવર વેપાર ઉપાડિયો, કાઢી કરમની કોઠી;
લખરે ચોરાસીમાં જોઇ વળ્યો, ખાલી ખડબડ ઓઠી; શેઠ કીધો૰ ૨
મોહ મછર બે કીજવા, મન ગમતાં રે માલે;
કહ્યું તે કોઇનું નવ કરે, બેઠા ઘર ઘાલે; શેઠ કીધો૰ ૩
કામ ને ક્રોધ મંત્રી મળ્યા, તેને મુકિયા વાહી;
તે મમતાને લાવિયા, કોને રાખે સાહી; શેઠ કીધો૰ ૪
છળ ભેદ તે છે બે છોકરા, થઈ બેઠા છે મોભી;
દગાને ઘાલ્યો દોકાનમાં, કોણ રાખે રે થોભી; શેઠ કીધો૰ ૫
હરખ શોકની હુંડી કરી, માંહી મનવો રે મોટો;
વાણોતર વધી ગયા, પછે આવ્યો રે ટોટો; શેઠ કીધો૰ ૬
વ્યાજ કુલ્યુ વઢીઆતનું, ખાતું નવ જોયું;
મેળ ન કાઢ્યો મૃત્યુનો, પછી આપ વગોયું; શેઠ કીધો૰ ૭
વીમો લુટાણો વાટમાં, વણ-પીછે વાણી;
આંગડિયા અહંકારના, બૂડ્યા વણ-પાણી; શેઠ કીધો૰ ૮
આથી ને પોથી જે હતી, સરવે ખોઈ બેઠા;
જમ રે આવ્યા જ્યારે લૂટવા, નાસી ઘરમાં પેઠા; શેઠ કીધો૰ ૯
અંતે ન જોયો આવરો, ભ્રમ ભગળ ચલાવ્યું;
નવરે દ્વારે નાઠો ફરે, સાથે કોય ન આવ્યું; શેઠ કીધો૰ ૧૦
નોકર સરવ નાશી ગયા, શેઠ એકલા સાહ્યા;
લલોપતા તેણે કરી, સરવે મળિને વાહ્યા; શેઠ કીધો૰ ૧૧
લાખે લખ્યાં તો લાભનાં, જર ન મળે જરીકે;
પુન્ય પાપની કોથળી, ઠાલી રહિરે ઓશંકે; શેઠ કીધો૰ ૧૨
ચિત્તતણા જે ચોપડા, તેને મૂક્યા રે જોઈ;
પાનાં છે પરપંચનાં, તેને નાખ્યાં રે ધોઇ; શેઠ કીધો૰ ૧૩

ચતુર હોય તો ચેતજો, ચિત્ત ચકલે બેશી;
નર કોઇ જીતી નથી ગયા, આ વણજમાં પેશી; શેઠ કીધો૦ ૧૪
શોધી કાઢી સાચા શેઠને, વેપાર વધાર્યો;
લેખું રે ચોખ્ખું લાભનું, આલિને પરવાર્યો; શેઠ કીધો૦ ૧૫
નીર્લભ થઇ નાણું કર્યું, ઢાંકીને દેવાળું;
કહે માંડણ હવે નહિ કરૂં, ઘોળા ઊપર કાળું; શેઠ કીધો૦ ૧૬

નરભેરામ.

પદ ૧ લું.

ચાબખો.

નિશ્ચે કરો રામનું નામ, નથી જોગી થઇને જાવું;
નથી કરવાં ભગુવાં કાંય, નથી ભેગું કરિને ખાવું;-ટેક.

જો પુરવે તો ભગુવાં કરજો, પુરવે ઊજવળ રાખો;
રખે દુઃખવો સામા જિવને, સુખ સામાનું તાકો; નિશ્ચે૦ ૧
એક ત્રાજુવે સઊ સંસારી, બીજે જોગી લાવો;
ક્રિયા જોગીને રામજિ મળિયા, એવો એક બતાવો; નિશ્ચે૦ ૨
કઇ નાઠા રાંડોને રોષે, કઇને ન મળી નારી;
કોઈ સ્વાદે કોઇ કરજે નાઠો, કેમ રીઝે ગિરિધારી; નિશ્ચે૦ ૩
મેહેતો મીરાં ને પ્રહ્લાદ, સેનો નાપિક નાતી;
ધનો પિપો રોહીદાસ કૂબો, ગોરો કુંભારની જાતી; નિશ્ચે૦ ૪
બોડાણો ખાતી રજપુતની, ગંગાબાઇ છે નારી;
દાસ થઇને જો રહ્યાં તો, ઘેર આવ્યા ગિરિધારી; નિશ્ચે૦ ૫
રંકા વંકા સજન કસાઈ, ભજ્યા રાત ને દહાડો;
ક્રિયા જોગીને રામ મળ્યા તે, એવો એક દેખાડો; નિશ્ચે૦ ૬
નથિ રામ વિભૂતી ચોળ્યે, નહિ ઊંધે શિર ઝોલ્યે;
નથી નારી તજી વન જાતાં, જ્યાં લગી આપ ન ઓળે; નિશ્ચે૦ ૭
જંગલમાં મંગળ કરિ જાણે, મંગળ જંગલ જેને;
કડવું મીઠું મીઠું કડવું, રામજી વશ છે તેને; નિશ્ચે૦ ૮

પયને ઓઠે ઘૃત રહ્યું છે, તલ ઓઠે જેમ તેલ;
કહે નરભો રઘુવર છે સઘળે, એવા એના ખેલ; નિશ્ચે૦ ૯

બાપુ.

પદ ૧ લું.

રાગ કાફી.

કૈવલ્યપદ સાચું રે, પંડિત ઊરમાં આણો;
જેને વડે બોલે રે, તેને તો તમે નવ જાણો; ટેક.

ખત વાંચે તો પાર ન આવે ને, વસુત્ર કરે વસુત્ર થાય;
કુરાન પુરાણ સૈ વાંચીને થાકયો પણ, આત્મા સમજે તો દુઃખ જાય;
સુખ થાય ઝાઝું રે, મત તમે શીદ તાણો; કૈવલ્ય પદ૦ ૧

પીઊ પરદેશ ગયાને મુકી ગયા, પોતાના ધ્રાટનો રંગ;
મન મનોરથ ત્યારે રે થાય જ્યારે, સ્વામી મળે અભંગ;
આપ નવ શોધ્યું રે, તો જ્ઞાનદિવો કીધો રાણો; કૈવલ્ય પદ૦ ૨

લાજ મુકીને માથે છેડોરે નાખ્યો, તેને સ્વામીનો નહીં પાર;
પતિવ્રતા સ્વામીની વાતો કરે છે ત્યાં, વચલીને આવે ખાર;
એક આંખવાળો રે, દુખી થાય કહેતાં કાણો; કૈવલ્ય પદ૦ ૩

તાંબાનો રૂપૈયો કહિયે ન ચાલે, ગમે તેવી પાડો છાપ;
જડને જાચે કર જોડીને તોય, ન મટે ત્રિવિધી તાપ;
બાપુ નામ સાચું રે, સંત તમે સત્ય માણો; કૈવલ્ય પદ૦ ૪

પદ ૨ જું.

નામ જેણે જાણ્યું રે, તે તો વેદ ચારે ભણયો;
ભેદ જેણે જાણયો રે, તે તો ખરો તરત બણયો;—ટેક.

બતરીશ આભ્રણ અંગે ધરે નારિ, નાક વિના શો શણગાર;
કવિયે જો આપનું આપ ન જાણ્યું તે, કેમ કરી ઊતરે પાર;
સાર ક્યાંથી મળશે રે, ભણયો ખરો પણ ન ગણયો; નામ જેણે૦ ૧

વાંઝણી નારીને સુપનું આવ્યુ છે, પુત્ર નથી રે એની પાસ;
એમ ભજન દેખાદેખી કરે છે તેની, કેમ પુરી થશે આશ;
કેને બાપ કહેશે રે, વેશ્યાયે જે પુત્ર જણયો; નામ જેણે૦ ૨

નામ ગુણ ને રૂપ ને નાશ વળી, ચોથું પદ અવિનાશ;
એ ચોથા પદનો જે ભેદ જાણે તેને, કહિયે હરિતણો દાસ;
નાશ કરી કર્મનો રે, સંશે એક પળમાં હણયો; નામ જેણે૦ ૩

ગરીબી રાખી તમે ગુરૂજીને સાહો, કરો શબ્દનો તોલ;
આપણ થકી જો અદકો મળે તો તેનો, ધારણ કરજો બોલ;
ગુરૂને સંગ બાપૂ રે, અનામી નામ પોતે બણયો; નામ જેણે૦ ૪

મનોહર.

"જીવ તું શિદને સોચના ધરે" એ રાગ.

પદ ૧ લું.

જે કોઇ સદગુરૂ શરણે જાય, તેના સંશય દૂર પળાય;—ટેક.

કામ ક્રોધ મદ મોહ મત્સર, આશા તૃષ્ણા લય થાય;
અતિશયિતાદિક દોષ વિષયના, ઊરમાં નવ દેખાય; જે કોઇ૦ ૧

તેથી દ્રઢ વૈરાગ ઊપજે, સત્યાનૃત્ય જણાય;
શમ દમ ઊપરતિ સહન—શકિતથી, દ્રઢ વિશ્વાસ બંધાય; જે કોઇ૦ ૨

સમાધાન સ્વરૂપમાં જાણી, ઇચ્છા અતિશય થાય;
વાકય વિચાર નિરંતર કરતાં, બ્રહ્મરૂપ દરશાય; જે કોઇ૦ ૩

બ્રહ્મપણું તત્કાળ આળસે, નિત્યાનંદ પમાય;
માયિક ભેદ-બુદ્ધિ મેલિને, નિજ-પદમાંહે સમાય; જે કોઇ૦ ૪

સમરસ વ્યાપક સચ્ચિદ આનંદ, રૂપ થઇ વિલસાય;
મનોહર મરણતણો ભય ભાગે, જીવનમુકત કહેવાય; જે કોઇ૦ ૫

આદિતરામ.

પદ ૧ લું.

રાગ કાફી.

એતો નથી અળગો રે, ઘનશ્યામ છે ઘટમાં
શ્રીભગવત ભાખે રે, વળી શાસ્ત્રો ખટમાં; ટેક.

સ્થૂળ સુક્ષમ કારણ મહાકારણ, ત્યાંલગી ગુણનો થાય;
અંતરજામી માલે એકલડા, કરી ક્ષણુંમાં વ્યાપ;
જાગશે તો જડશે રે, માધવ છે મઠમાં; એતો નથી૦ ૧

જાગત સ્વપન સુષુપ્તિ તુરિયા, અનુભવનું ઘર જોય;
સઘળે સૂત્રમાં પરમાત્મા રે, જીવપણાને ખોય;
રહ્યો બ્રહ્મવ્યાપી રે, જેમ તંતૂ પટમાં; એતો નથી૦ ૨

અંધારૂં અજ્ઞાનતણું જે, અર્ક ઉદે તે જાય;
પ્રતિબિંબ બિંબમાં જૈ ભળે તેમજ, શિવમાં જીવ સમાય;
સંત શૂરાની રે, જે આવે ઓઝટમાં; એતો નથી૦ ૩

તત્વ વિચારજ કહેતાં દરસે, ત્રીકમજી તનમાંય;
કહે આદિતરામ વસ્તુ વીચારો, કલ્પિત જાણો કાય;
મથે જેમ પ્રગટે રે, અગ્ની લાકડમાં; એતો નથી૦ ૪

ભવાન ભકત.

પદ ૧ લું.

રાગ કાફી.

પંચરંગી બંગલો રે, શોભા તેની સરસ બણી;
તેમાં તો બીરાજે રે, આપે એક અલખ ધણી; ટેક.

એ બંગલાને દશ દરવાજા, દશે દરવાજે નિશાન;
બ્રહ્મા માહેશ્વર એની ઓળગ કરેછે, ગુરૂથિ શિષ્યને મળ્યું જ્ઞાન;
ભગત કહેવાણો રે, મોટા મોટા ગ્રંથ ભણી; પંચરંગી૦ ૧

માળા તિલક પાખંડ કરે તે, આતમ ચેત્યા વિના ફોક;
તેને ત્રિવિધી તાપ શમ્યા નહિ, ભૂલમાં ભમે ભોળા લોક;
ભૂલ જ્યારે ભાગે રે, સિદ્ધિ થાય આપતણી; પંચરંગી૦ ૨

સામા રે દેવ દેવળમાં દિશે, જો મળે સંત સુજાણ;
જીવ મટીને શિવ થઇ પામે, નિર્ભય પદ નિરવાણ;
જુવોને તમાસો રે, ઘટમાં તો રચના ઘણી; પંચરંગી૦ ૩

તન મુંડાવ્યું પણ મન ન મુંડાવ્યું, તે શાને ધર્યો તેં ભેખ;
ભકત-ભવાને નજરે દીઠા, અલખ નિરંજન એક;
કોણ કરે પાખંડ રે, મને મળી અમુલ્ય મણી; પંચરંગી૦ ૪

ગોપાળદાસ.

પદ ૧ લું.

રાગ વેળાવળ.

વણ પ્રીછ્યા તમે કાં કરો, ભાઈ કલ્પિત ધર્મ;
ધર્મે ભર્મજ ઊપજે, ન મળે પરિબ્રહ્મ; વણ૦ ૧

સાધન એ સંસારમાં, કરે છે સર્વ કોય;
કહે ભાઇ હરિ કોને મળ્યા, તું વિચારીને જોય; વણ૦ ૨

એળે તું કાં નિર્ગમે મનુષ્યા અવતાર;
વિધિનિષેધે વાહિયો, સઘળો સંસાર; વણ૦ ૩

સતયુગમાં મુનીજન વઢ્યા, આણીને અભિમાન;
દૂષે ખટદરશન હવાં, થૈ તાણાતાણ; વણ૦ ૪

શાસ્ત્ર કર્યાં સર્વે જુજવાં, લખ્યાં વનચરવિરોધ;
જેને ગુરૂ જેવા મળ્યા, તેને તેવારે બોધ; વણ૦ ૫

આપ આપણા મતે આચરે, અવળા આચાર;
આચારે ઊન્મત્ત હવા, ઉપનો અહંકાર; વણ૦ ૬

કીરતી કેરે કારણે, ખરચે બહુ ધન;
જેમ જેમ જશને સાંભળે, તેમ તેમ હરખે મન; વણ૦ ૭

હું મારૂં મન નવ ટળ્યું, ન ગળ્યું અભિમાન;
દોષ રહ્યા સર્વ દ્રષ્ટિમાં, કીધું ગજસ્નાન; વણ૦ ૮

અવિગત શ્રી અવિનાશની, રહી અગમ રે વાત;
પરમતત્વનું પારખું, કોઈ સંતને હાથ; વણ૦ ૯

એવા તે સાધુને સેવિયે, ઓળખાવે રામ;
જીવ મળે જગદીશને, પામે વિશ્રામ; વણ૦ ૧૦

મહંત મોટા મહારાજના, ભાઈ છે પરધાન;
માન મુકીને કીજિયે, સેવા સાવધાન; વણ૦ ૧૧

એ ઊફરૂં જે સાધન કરે, તે તો આળપંપાળ;
શીખામણ સારી શુણો, કહે દાસ ગોપાળ; વણ. ૧૨

પદ ૨ જું.

રાગ વેળાવળ.

હૃદયે વસ્યા મારા નાથજી, જેનું અવિચળ નામ;
ચાર પદારથ પામિયો, આપે અવિચળ ધામ; હૃદયે૦ ૧

ઘટઘટમાં વ્યાપી રહ્યા, પરિપૂરણ બ્રહ્મ;
જનમ મરણ જરા નહીં, નહિ ત્રિવિધી કર્મ; હૃદયે૦ ૨

કાળતણો મહા કાળ જે, તે તો દેવનો દેવ;
ખટ-દરશન જેને ભજે, કરે સુરનર સેવ; હૃદયે૦ ૩

તે હરિને કેમ વીસરૂં, જે છે જગદાધાર;
સનકાદિકને સાંસા પડ્યા, વેદ પામે ન પાર; હૃદયે૦ ૪

લક્ષચોરાશીમાં રડવડ્યો, મળ્યો માનવ-દેહ;
દેવ અનેક ઊપાસિયા, નવ આવ્યો છેહ; હૃદયે૦ ૫

શાસ્ત્રતણો સાગર મથી, જોયાં વેદ પુરાણ;
હરિથી બિજો કોઈ નથી, અંતે નિરવાણ; હૃદયે૦ ૬

મન માન્યું અવિનાશિ શું, થયું નિર્મળ મન;
કહે ગોપાળ પાવન થયો, તેનું જીવતર ધન્ય; હૃદયે૦ ૭

દેવાનંદ.

પદ ૧ લું.

રાગ કાફી.

આવ્યો રૂડો અવસર રે, ઓળખવા એક હરી;
મોઘું મનુષાતનરે, નાવે તારે ફરી ફરી.–ટેક.

ધન જોબન તન રંગ પતંગી, વણસે વારંવાર;
તે સારૂં શું જતન કરે છે, સુપનું આ સંસાર;
મેલિ તેને મરવું રે, ડરવું દિલ દોષ કરી; આવ્યો રૂડો૦ ૧

વાસ કરો નિત્ય વૈષ્ણવ જનમાં, મનમાં માનો વાત;
દાસપણું દેવતાને દુર્લભ, જેથિ જનમ દુખ જાત;
ભક્તિ કરો ભાવે રે, ધરમનિ ટેક ધરી; આવ્યો રૂડો૦ ૨

સૌમ્ય સ્વભાવ પરમ સુખ સંપત્તિ, એ પામવાનો ઉપાય;
પ્રગટ સ્વરૂપ ઓળખવા પ્રભુને, દુર્લભ દેહ ગવાય;
એવું તન આવ્યું રે, લેજો વ્રજરાજ વરી; આ૦યો રૂડો૦ ૩
માયાની મોટપ છે મિથ્યા, નથિ ઘડીનો નિરધાર;
દેવાનંદ કહે ભજ દુખભંજન, કરૂણાનિધી કરતાર;
કઠણ વેલામાં રે, રેહેશે તારાં કારજ સરી; આ૦યો રૂડો૦ ૪

પદ ૨ જું.

કાયા માયા કુડી રે, રાખિ તારિ રહેશે નહીં;
જોને તું વિચારી રે, ઘેલા કેમ અકલ ગઇ.–ટેક.

નંદરાજાને અણગળ નાણું, ભર્યાં સંચી ભંડાર;
કોડી અંતે કામ ન આવી, જાતાં ન લાગી વાર;
ન ખાધી ન ખરચી રે, વેઠે મુઓ ભાર વહી; કાયા માયા૦ ૧
રાવણ રિદ્ધિ સિદ્ધિ પુરણ પામ્યો, ઇંદ્રિ અધિક અભિમાન;
અજ્ઞાને અવરાણું અંતર, ભૂલિ ગયો મૃત્યુ ભાન;
વાદળની છાયા રે, જોતાં રહિ છેટે જઇ; કાયા માયા૦ ૨
ભજ ભગવાન માન તન મેલી, ખેલી કર બળવીર;
લાલચ રાખજે લક્ષ્મીવરની, ધરજે મનમાં ધીર;
અધમ ઊધારણ રે, અભેપદ આપે સહી; કાયા માયા૦ ૩
મૃગજળ ભરવા મૂરખ માણસ, સઊ દોડ્યો સંસાર;
વાત વિચારી વળજે પાછો, પામ્યા નથી કોઇ પાર;
દેવાનંદ દેખી રે, વિવેકની વાત કહી; કાયા માયા૦ ૪

પદ ૩ જું.

કાળ તારી કેડે રે, આયૂષને ઓછું કરે;
મમતામાં મૂરખરે, ખુંચ્યો તોય ખબર ન રહે–ટેક.

બાળપણું જોબન ગયું જોતાં, ઘરડો થયો તું ગમાર;
આજ કાલ કરતાં આવ્યો તારો વાયદો, માથે છે જમના માર;
વાર નથી ઝાઝીરે, દિલમાં ન હજી ડરે; કાળ તારિ૦ ૧
લવ નિમિષ ઘડી મૂરત માપે, પોર દિવસ પરમાણ;
પક્ષ માસ કરી વર્ષ કહાવે, સહૂક જૂગ સુજાણ;
માથે તારે મોટું રે, ફરતું એવું ચક્ર ફરે; કાળ તારિ૦ ૨

ચારે જુગની એક ચોકડી, ઇકોતેર અલપાય;
ઇંદ્ર પડે અધિકારથી ત્યારે, તું કોણ માત્ર કહેવાય;
ચોરાશીનું લગડું રે, માથે શિદ માગિ ધરે; કાળ તારિ૦ ૩

કર કર સંત સમાગમ સાચો, અવસર આવ્યો અમુલ્ય;
દેવાનંદ કહે દેખ વિચારી, અંતઃકરણ અનુકુળ;
ભજ્યા વિના ભૂધરરે, જીવ બહુ જન્મ ધરે; કાળ તારિ૦ ૪

પદ ૪ થું.

રાગ ખમાચ.

માણસનો અવતાર મોંઘો નહિ મળે ફરી.-ટેક.

માન બડાઈ મોટમ મેલી, ભજી લો હરી;
નહિ તો જાશો ચોરાશીમાં, જનમ બહુ ધરી; માણસનો૦ ૧

દુખતણો દરિયાવ મોટો, નહિ શકો તરી;
શામળીયાને શરણે જાવું, આ સમે ઊગરી; માણસનો૦ ૨

નિર્લજ તું નવરો ન રહ્યો, ઘર-ધંધો કરી;
માયા માયા કરતો મુરખ, નવબેઠો ઠરી; માણસનો૦ ૩

ચેતી લે ચિતમાં વિચારી, ચાલજે ડરી;
દેવાનંદના નાથને ભજ, પ્રેમમાં ભરી; માણસનો૦ ૪

પદ ૫ મું.

ભજી લે ભગવાન, સાચા સંતને મળી.-ટેક.

વચનમાં વિશ્વાસ રાખિશ, ભજનમાં ભળી;
પૂરવ કેરાં પાપ તારાં, તો જશે ટળી; ભજી લે૦ ૧

ઓળખિને અવિનાશિ, રહેજે જ્ઞાનમાં ગળી;
રીઝસે રંગરેલ વાલો, અઢળક ઢળી; ભજી લે૦ ૨

કાળ જેવો વિકાળ વેરી, વીંખશે વળી;
કામનિ કુળ કુટંબ તને, નાખશે દળી; ભજી લે૦ ૩

સત્ય ત્યાં સુખ ધર્મ રહે, કુડ ત્યાં કળી;
દેવાનંદ કહે દુનિયાં કેરી, અકલ આંધળી; ભજી લે૦ ૪

કેવળપુરી.

પદ ૧ લું.

રાગ ખમાચી.

ભ્રમણા ભાગેછે, ભલાજી ભ્રમણા ભાગે છે;
સત્ય કરે સતસંગ તેની, ભ્રમણા ભાગે છે; ટેક.

કોઈ કથા કે કીર્તન કરે, લક્ષ ત્યાં લાગે છે;
તત્વ શબ્દ સમજે ત્યારે, ત્રિગુણ ત્યાગે છે; સત્ય૦ ૧

એક ધણી રામ ચિત્તમાં ધારી, મુક્તિ માગે છે;
અરસદરશ આત્મામાંહી, જીવન જાગે છે; સત્ય૦ ૨

નામરૂપ ને ગુણજ નહીં ધીરજ ધાગે છે;
આવ્રણ નહીં ઊરમાં એકે, રૂપને રાગે છે; સત્ય૦ ૩

નર નારિ એવું ભાસતું નથી, વાગતું વાગે છે;
કાંય ન કહેવાય એવું કેવળ, આનંદ આગેછે; સત્ય૦ ૪

છોટમ.

પદ ૧ લું.

ચાપખા.

ખલકમાં ખોટા ગુરૂ થઈ ફરે, અવિદ્યા સેવકની કયમ હરે. ટેક.

વેદ વિરૂદ્ધ વચન બહુ બોલે, દોષ થકી નવ ડરે;
કલ્પિત કર્મ કરાવે સહુને, અવગુણ અદકાભરે; ખલક૦ ૧

તનમન ધન સેવકનાં હરવાં, કપટ નિરંતર કરે;
ઊપનિષદનો અર્થ ન જાણે, મત તાણીને મરે; ખલક૦ ૨

ચોરી જારી જુઠય અનીતી, અધમ કર્મ આચરે;
પરમારથનો પંથ તજે તે, ભવજાળમાં કયમ તરે; ખલક૦ ૩

કર્ત્તા પ્રભુને કોય ન માને, ધ્યાન પ્રેતનું ધરે;
કહે છોટમ એવા ગુરૂ ભજતાં, અર્થ કશો ના સરે. ખલક૦ ૪

પદ ૨જું.

" હરિભજન વિના, દુઃખદરિયા સંસારનો પાર ન આવે " એ રાગ.

બે પંખીડે, તન તરૂવર પર વાસ કરયો છે આવી;
રસ ગગન તણો, ચુગે છે નિજ ચાંચ ભરી ભરી લાવી. ટેક.

જે વૃક્ષતણા ફળનો ભોગી, તે થયો શરીરનો સંજોગી;
ભરમી રઝળે તે ભવ રોગી. બે પંખીડે૦ ૧

ફળ ચાખીને મતીહીણ થયો, આતમ પરમાતમ ભુલી ગયો;
તેને જીવ જીવ જગમાંહિ કહ્યો. બે પંખીડે૦ ૨

જે ન્યારો તે નિર્મળ કહાવ્યો, તેને નિજાનંદરસ બહુ ભાવ્યો;
તે માયા બંધનમાં નાવ્યો. બે પંખીડે૦ ૩

એ બે પંખી ચાલે જોડે, એક એકને પળભર નવ છોડે;
તે પ્રીતિ પરસ્પર નવ તોડે. બે પંખીડે૦ ૪

બે પંખી જીવ ને ઇશ્વિર છે, પિંડ બ્રહ્માંડ એ બેનાં ઘર છે;
જો સમજે તો સુખ સાગર છે. બે પંખીડે૦ ૫

એવું વેદ વેદાંત વખાણે છે, જેને ગુરૂ ગમ હોય તે જાણે છે;
કહે છોટમ તે સુખ માણે છે. બે પંખીડે૦ ૬

પદ ૩જું.

" ભુલ્યો મન ભમરા તું કયાં ભમ્યો " એ રાહ.

ધર્મ વિચારો રે ઘર થકી, તજી કપટ તમામ;
પડતાં વારે જે પાપમાં, ધર્મ તેનું છે નામ. ધર્મ૦ ૧

કર્ત્તાએ સૃષ્ટિ પ્રથમ કરી, રચી સ્થિર ચરજાત;
મોટો બનાવ્યો રે માનવી, વિશ્વમાં જે વિખ્યાત. ધર્મ૦ ૨

નાયક નરને સરજિયો, આપ્યું જ્ઞાન વિશેષ;
વાણી આપી શબ્દ બોલવા, દીધો હિત ઉપદેશ. ધર્મ૦ ૩

ચરણ આપ્યા દેવે ચાલવા, ગ્રહેવાને હાથ;
ધણિયે તો રાખવા ધારણે, સોંપ્યો ધર્મ તે સાથ. ધર્મ૦ ૪

હિતનાં વચન આદિ દેવનાં, તેનું નામ છે વેદ;
અવળે ચાલે તે અધર્મ બને, અંતે થાય ઉછેદ. ધર્મ૦ ૫

સત્ય દયા તપ શૌચ્ય છે, પગ ધર્મના ચાર;
જેના હૃદયમાં એ રહ્યા, ઉત્તમ તેનો આચાર. ધર્મ૦ ૬

ચાર ચરણ છે અધર્મના, વેમ મદ ને કુસંગ;
અનૃત પેસે જો અંગમાં, કરે ધર્મનો ભંગ. ધર્મ૦ ૭

સત્ય વસે જો શરીરમાં, સુઝે સાચો વીચાર;
બુદ્ધિ પ્રકાશ વધે બહુ, ઝાલે કર કરતાર. ધર્મ૦ ૮

શશિ વિના જેવી શર્વરી, વિના દિપક ધામ;
સત્ય વિના એમ જાણવો, નર દેહ નકામ. ધર્મ૦ ૯

સત્યવાળો નર સર્વને, લાગે વહાલો વિશેશ;
પ્રીતિ પ્રતીતિ કરે સહુ, શોભાવે નિજ દેશ. ધર્મ૦ ૧૦

અતિ મહિમા સારી આબરૂ, પામે સાચા સુજાણ;
જશ બહુ વાધે જગતમાં, કરે વિશ્વ વખાણ. ધર્મ૦ ૧૧

રાખે ભરૂસો ભૂપતી, ભારે સોંપે ભંડાર;
સાચાને મળવો સેહેલ છે, પ્રભુ સરજનહાર. ધર્મ૦ ૧૨

સાચ વસે જો શરીરમાં, પ્રાણી હોય પવીત્ર;
સદગુણ સઘળા સાચમાં, માને માનવ મીત્ર. ધર્મ૦ ૧૩

જીવ ઊપર દયા જેહને, ટાળે દીનનાં દુઃખ;
તન ધન ને વાણી વડે, આપે સર્વને સુખ. ધર્મ૦ ૧૪

ઇચ્છે ભલું અંતર વિષે, કરવા સહુનું કલ્યાણ;
અવગુણ ના ધરે ઉર વિષે, દયા તેજ પ્રમાણ. ધર્મ૦ ૧૫

સફળ જનમ તે જન તણો, તેના સફળ વિચાર;
દેહ ધરી દુનિયાં વિષે, ઇછે પર ઊપકાર. ધર્મ૦ ૧૬

જપ તપ સાધને શું થયું, દયા જો નવ હોય;
દાનવ જેવો દેવને, પ્રિય લાગે ન કોય. ધર્મ૦ ૧૭

પંથ પ્રપંચી તેહનો, દયા જેમાં ન લેશ;
દંભી ફરે દુનિયાં વિષે, કરે જીવને કળેશ. ધર્મ૦ ૧૮

નિર્બળ દેખી ઘણા નડે, એવા અધમ અપાર;
નરકે પડે નર તે સદા, મારે જમડાઓ માર. ધર્મ૦ ૧૯

કષ્ટ સહે ધર્મ પાળતાં, તપ તેનું છે નામ;
બીજા તો દંભ અનેક છે, તેણે સુધરે ન કામ. ધર્મ૦ ૨૦

તપ કરી તન દૃઢ જે કરે, જીતે ઇંદ્રી ને પ્રાણ;
મન વશ રાખે પોતા તણું, હોય ચતુરસુજાણ. ધર્મ૦ ૨૧

સુખ દુખ સમ કરીને ગણે, સમ હરખ ને શોક;
ધીરજ ધર્મ મૂકે નહિ, એહવા નર કોક. ધર્મ૦ ૨૨

શૌચ ક્રિયા સઘળી કરી, રાખે શુદ્ધ શરીર;
મેલ ધુવે પછી મન તણો, જ્ઞાન નીરથી વીર. ધર્મ૦ ૨૩

એવો ધર્મ ઉરમાં ધરે, પ્રાણી તેહ પવિત્ર;
સફળ જીવન આ જગતમાં, ચારૂ તેનાં ચરિત્ર. ધર્મ૦ ૨૪

વેદ વચન થકી ધર્મને, પંથે ચાલશે જેહ;
છોટમ પ્રભુને જે ભજે, તરે ભવજળ તેહ. ધર્મ૦ ૨૫

પદ ૪ થું.

"હો મનવા શ્રી હરી શરણે રહેજે," એ રાહ.

હો મન ભમરા, ભજન તજી શું ભમે છે,
પ્રભુ પદ પંકજ પરહરી, તને ભંગુર ભોગ ગમેછે. હો૦ ટેક.

વિશ્વવાડી કરતારની રે, કલ્પિત કારનું કામ;
ઉપજ્યા પછી ભય થાય છે, તેનું ન જડે રૂપ કે નામ. હો૦ ૧

બરાસની મૂરતી બની રે, અભ્ર ધહેષનો રંગ;
જોતાં જોતાંમાં જાય છે, તેમાં નહિ કોય કોયનો સંગ. હો૦ ૨

આપણી આંખ્યો આગળ રે, શુરા સુજાણ શ્રીમંત;
મરદ ઊડી ગયા ગરદમાં, જે બહુ જોધા બળવંત. હો૦ ૩

ભૂમી ઉપર થયા ભૂપતી રે, જગત હુકમમાં હજુર;
વૈભવવાળા વિશ્વમાં, તે વહિ ગયા વેહેતે પૂર. હો૦ ૪

ગજ ઘોડા રથ સાહબી રે, ધામ ધરા પરીવાર;
પળ એકમાં મૂકે પડતું એવો, મૃત્યુનો મોટો માર. હો૦ ૫

ધન મદ જોબન કેફમાં રે, ગર્વ કરે તે ગમાર;
પુષ્પની સજ્જાએ પોઢતા, એવા છત્રપ થઇ ગયા છાર. હો૦ ૬

સહુના શિર ઊપર ફરે રે, કાળનું ચક્ર કરાળ;
અંધ ન લહે અજ્ઞાનમાં, જેની ફડકે ત્રીલોકને ફાળ. હો૦ ૭

જાવું સરવેને જરૂર છે રે, સમરને સરજનહાર;
જો દીવસે ઘર ના જડયું, તેને આગળ છે અંધકાર. હો૦ ૮
છોટમ એવું જાણીને રે, ભજ સમરથ ભગવંત;
પ્રભુ ના ભજ્યા તે પ્રલે ગયા, જેવા ચોમાસાના જંત. હો૦ ૯

પદ ૫ મું.

"રાતલડી કોની સંગે જાગ્યા" એ રાહ.

દોષ ના કોશ ભરે વ્યભિચારી, જરા નથી જોતા વિવેક વિચારી.—ટેક.

માને છે લક્ષ્મી દેવીને માતા, દેખે તેને જાર કર્મમાં જાતાં;
કોપે પછી વીષ્ણુ શંકર ને વિધાતા. દોષ૦ ૧
જાય જમ કિંકરને કર જ્યારે, લોહની નારી તપાવે ત્યારે;
કરાવે સંગ માર બહુ મારે. દોષ૦ ૨
તુચ્છ નર ત્રાસ તેનો નવ આણે, ગુરૂનાં વચન અસત્ય પ્રમાણે;
તેને જમ દૂત વૈતરણીમાં તાણે. દોષ૦ ૩
વચન જે વેદ તણાં નવ માને, કહો તે મૂઢ ગણે પછી કોને;
પશુથી અધર્મ લાખાયા પાને. દોષ૦ ૪
પરણેલી હોય પ્રેમદા સારી, તોય પરનારી ભજે વ્યભીચારી;
અરે શઠ શી ગતી થાશે તારી. દોષ૦ ૫
પરણતાં કીધી પ્રતિજ્ઞા કેવી, માનુ પરનારી માતા જેવી;
વદેલી વાચા વૃથા કરી એવી. દોષ૦ ૬
કોય ધન ધામ ત્રિયાને ત્યાગી, વેષ ધરી થયો ભલો વૈરાગી;
ભમે પરભામિ સંગે અભાગી. દોષ૦ ૭
ઉત્તમ નર દેહ અમુલક ધારી, હાથે કરી તે નવ જાશો હારી;
છોટમ ભજ બ્રહ્મ સદા સુખકારી. દોષ૦ ૮

પદ ૬ઠું.

"નાથ કેરો ગજકો બંધ છોડાયો," એ રાહ.

સુઝ વિના અંધારૂં, સકળ ઘટ સુઝ વિના અંધારૂં;
તું તો રૂપ લહે નહી તારૂં, સકળ ઘટ સુઝ વિના અંધારૂં.—ટેક.

અરક તેજથી આંખો ઊઘડે દુનિયાંને તે દેખે;
સુઝ વિના સારૂં ને નરતું સહુ સરખું કરી લેખે. સકળ૦ ૧

અદકી ઓછી સુઝ સરવને આપી છે કરતારે;
ઝાઝી સુઝે સઘળે જીતે હોય ઓછી તે હારે. સકળ૦ ૨

સ્થાવર જંગમ જીવ સરવમાં સુઝ પદારથ મોટું;
ઉત્તમ સુઝે અતિ સુખ પામે અધમ સહે દુખ ખોટું. સકળ૦ ૩

પરમ દયાળ પ્રભુની કરૂણા જેના ઉપર જેવી;
કહે છોટમ તેના ઉર માંહે સુઝ ઉપજે તેવી. સકળ૦ ૪

પદ ૭મું.

ગુરૂ વિન મરમ ન જાણે, કોય જન ગુરૂ વણ મરમ ન જાણે;
બ્રહ્મ જાણવો કોણ ઠેકાણે, કોય જન ગુરૂ વણ મરમ ન જાણે. ટેક.

બાવન અક્ષર માણસ બોલે કળ એ ભરી છે કોણે;
જીવ દેહમાં રહીને વદે પણ પ્રભુ રચના ન પ્રમાણે. કોય૦ ૧

ઔષધ સઘળાં ગાંધીના ઘરમાં તે વઇદ વિના મરે રોગે;
દાટેલું ધન પણ ગુરૂવિન ઘરનું કેમ પડે ઉપભોગે. કોય૦ ૨

મહાસિંધુમાં નઉકા મુકે મરમી પાર ઉતારે;
ભેદ લહ્યા વિન ભુલો ભમે તે શ્રમ કરી સરવે હારે. કોય૦ ૩

અરક વિના સઘળે અંધારૂં પાસ પડયું ના સુઝે;
જન છોટમ ગુરૂ જ્ઞાન મળે તો પ્રકટ પ્રભુને બુઝે. કોય૦ ૪

પદ ૮મું.

એ મન નવ રહે ભમતું, ભજન વિના એ મન નવ રહે ભમતું;
હિંડે મોહ માયામાં રમતું, ભજન વિના એ મન નવ રહે ભમતું. ટેક.

દો દશ હિંડે દોડતું રે જેવું હરાયું ઢોર;
સદ્‌ગુણને સોંપ્યા વિના એને કોણ ઠરાવે ઠોર. ભજન૦ ૧

ચપલ ગતી એની ઘણી રે ક્ષણમાં ફરે સહુ લોક;
શુરવીર સમરથ ઘણા પણ મન આગળ સહુ ફોક. ભજન૦ ૨

રૂપ રંગ જેને નહીરે જાતું ન આવતું જણાય;
અંગ આકાર વિના ફરે તેને કોય કયમ કરી સાંય. ભજન૦ ૩

મન મોજે ચૈતનનોરે જ્યાં ઉપજે ત્યાં સમાય;
છોટમ જો ભળે બ્રહ્મમાં ત્યારે તે ઠામે સ્થિર થાય. ભજન૦ ૪

પદ ૯ મું.

રાગ પ્રભાત.

અટપટો દેશ સરવેશ સરજનારનો, દેવ અધીદેવ છે નામ જેનું;
શેષ શંકર અજ વિષ્ણુને ગણપતી, પ્રકૃતિ ને પુરૂષ ધરે ધ્યાન તેનું. ૧

અગણિત અંડના અધીપ સુર જેટલા, તેટલા તે પ્રભુને આરાધે;
વેદ ને ગુરૂ થકી જ્ઞાન પામે નર, તેહને તેહનો મરમ લાધે. ૨

નામ ને રૂપ ગુણ જ્યાં લગી વિસ્તર્યાં, ત્યાં લગી જાણવી સરવ માયા;
માયાના ઊદરમાં સરવ આવી ગયું, દેવ દાનવ નરે નાગરાયા. ૩

માતનું પોષણ પામી સરવે મચ્યા, તાતની વાત કોએ ન જાણી;
નાશીને મંદ અવિનાશિ માને સદા, નવ કરે બ્રહ્મની ભક્તિ પ્રાણી. ૪

બ્રહ્મ જે જાણશે તેહ સુખ માણશે, ઊરવિષે આણશે એક કરતા;
છોટમ મોક્ષ સુખ તેજ નર પામશે, મન વિષે બ્રહ્મનું ધ્યાન ધરતા. ૫

પદ ૧૦ મું.

"નાથ કૈસે ગજકો બંધ છોડાયો" એ રાગ.

ભુલ્યમાં શું ફરે ભમતો, નફટ નર ભુલ્યમાં શું ફરે ભમતો.
તને જ્ઞાનમારગ નથી ગમતો, નફટ નર ભુલ્યમાં શું ફરે ભમતો. ટેક.

દીન દયાળે દેહ દીધો છે તે સુકૃત સાધન સારૂ;
અમૃત મુકી અશન કરે વિષનું તેમાં ભલું નથી તારૂં. નફટ૦ ૧

નવરો થયો ત્યારે નિંદા ને ચાડી કે ગંદાં ગપોડાં મારે;
એ જીભ તારી સરપ જીભ જેવી જો તું અનીતિ ઊચારે. નફટ૦ ૨

દીવ્ય પિતાનાં કારજ દેખી આંખ્ય ન ખિલે તારી;
સુર્ય પ્રકાશે ઊલકને ન સુઝે દેખે જે દોષ અંધારી. નફટ૦ ૩

કાને સુણે નહિ કરતાની કીરતી કે શાસ્ત્રના શબ્દ રસાળા;
કોગટ વાત સુણે ફળ સુની તે સુના સુઘરીના માળા. નફટ૦ ૪

હાથ વડે ન કર્યું પરમારથ અનરથ દીન ગયા આખા;
ભુજ તે ભુજંગફણા સમ જાણો કે શીમળા કેરી શાખા. નફટ૦ ૫

પુણ્યને પંથે પગ નવ ચાલે ને પાપ વિષે પળે પ્રાણી;
દગ્ધ વૃક્ષ સરખા દુનિઆમાં જન એવું મનમાં લો જાણી. નફટ૦ ૬

આવું કહીને વેદ વદે છે તે ભ્રષ્ટ બુદ્ધિને ન ભાવે;
દુર્ગુણમાં જે દેહ ગમાવે તે પિંડ પ્રેત સમ કહાવે. નફ્ફટ૦ ૭
શુદ્ધ ધરમથી સજ્જન ચાલે ને તુચ્છ અવિદ્યાને ત્યાગે;
છોટમ નીતિ ને ભક્તિ નિરંતર તે પ્રભુને પ્રિય લાગે. નફ્ફટ૦ ૮

પદ ૧૧ મું.

રાગ પ્રભાત.

ભેદ જાણ્યા વિના ભ્રાંતિ ભાગે નહી, શાંતી આવ્યા વિના સુખ ન પામે;
જગતનું મુળ જાણીને અવ્યક્તમાં, ભક્ત પ્રભુને ભજી ભય વિરામે. ભેદ૦૧
હેતુમાં સરવ સંકેત સૃષ્ટીતણો, એજ સરજનાર સુવિચાર શક્તિ;
અરૂપથી સ્વરૂપ બહુ થાય ન જણાય તે, ક્યાં રહીને કરે સરવ વ્યક્તિ. ભેદ૦૨
દેહ જાતી ઘણી કોણ શકશે ગણી, કથન કવિજન કરે કોય કલપી;
અણુતણી જાતિ અતિ જાણિયે શા વતી, જ્યાં લગિ લહિ ગતી તેજ જલપી; ભેદ૦૩
જીવનો ધરમ તે કરમ સઘળાં કરે, ભોગ સારૂ ફરે નિત્ય ભમતો;
સરવનો રાય કેહેવાય છે માનવી, વિશ્વ કરતારને હોય ગમતો. ભેદ૦૪
વિહિત પ્રતિષિદ્ધ બે કરમ છે વેદમાં, ભેદ જાણી ભલું જેમ ભાવે;
પુણ્ય ને પાપનાં બીજ એ બે કહ્યાં, સુખ ને દુઃખ ફળ અંતે આવે. ભેદ૦૫
પુણ્યના ભાગિઆ સુધરમે લાગિયા, જાણીને જાગિયા પુરૂષ ડાયા;
પાપ પંથે પળ્યા દુઃખ કર્દમ કળ્યા, નરકમાં નારકી પામી કાયા. ભેદ૦૬
જીવના કરમની રીતિ એ તો કહી, ભાવથી જો પરબ્રહ્મ ભેટે;
સરવ પ્રતીપાળ દયાળ ઇશ્વરતણી, ભક્તિથી સાધન સરવ હેટે. ભેદ૦૭
શ્રેષ્ઠ સહુ ધરમથી મન વચન કરમથી, જાણી જગદીશની ભક્તિ કરિયે;
સરવ સિદ્ધાંતનો સાર છોટમ કહે, તે થકી ભવજળ તરત તરિયે. ભેદ૦૮

પદ ૧૨મું.

એક કરતાર આધાર સરવે તણો, એ નિરાધાર ઓંકાર આપે;
વિવિધ પ્રકારની વિશ્વ રચના રચે, સાંધી સંબંધ માપે અમાપે. એક૦ ૧
સ્થુળ ને સુક્ષ્મની સાથ સંબંધ છે, વ્યક્ત અવ્યક્તનો સંગ સાંધ્યો;
કાન ને શબ્દની સાથ સંબંધ છે, નેત્ર ને રૂપ સંબંધ બાંધ્યો. એક૦ ૨
જીભ ને રસ વિષે નાક ને વાસમાં, ચરમ ને સ્પર્શ શું પ્રીતિ તેવી;
એમ અપાર કૌશલ્ય અવિનાશનું, યોગ્ય રચના રચે એવી એવી. એક૦ ૩

અગણિત અંડનો નાથ એ નિત્ય છે, શક્તિ ને સિદ્ધિ અનેક એમાં;
છોટમ ભાવથી એ પ્રભુ ઓળખે, બ્રહ્મસુખ ભોગ આવેજ તેમાં. એક૦ ૪

પદ ૧૩ મું.

જગત કરતારને જીવ ભુલી ગયા, વિષ્ણુની માયાએ સરવ વાહયા;
વ્યાસની વાણિનો સાર સમજ્યા નહીં, વિષયિના કુંજવીહાર ગાયા. જગ૦ ૧
કોય તો બ્રહ્મને નિરગુણ કહી ભજે, શુન્યવત શુષ્ક અકર્તૃ એવું;
ભ્રાંતિથી તેહ તો જગત ભાસ્યું કહે, જ્ઞાન પામી ગણે શુન્ય જેવું. જગ૦ ૨
છે છતી આંખ્યને અંધ જન થઈ ફરે, એમ તો એમની બુદ્ધિ બુડી;
બ્રહ્મ પોતે થતાં કોપ પ્રભુનો થયો, માયાએ તેમને નાંખ્યા ઝુડી. જગ૦ ૩
માયાને નિત્ય માને કોઈ માનવી, તો ન કહેવાય પ્રભુ વિશ્વકરતા;
આપ ઇચ્છા ધરી બ્રહ્મ સૃષ્ટિ સ્રજે, એમ શ્રુતિમાં કહ્યો બ્રહ્મ ભરતા. જગ૦ ૪
વિશ્વ જો નિત્ય તો બ્રહ્મ કરતા નહીં, તો જન તેની ભક્તિ ન કરશે;
બ્રહ્મ ઉપાસના જીવ જો ના કરે, તો ભવસાગર કેમ તરશે. જગ૦ ૫
વેદનો અર્થ જો શુદ્ધ સમજાય તો, જ્ઞાન પામે જન તેજ સાચું;
છોટમ વિશ્વ કરતાર જે ના કહે, તેનું સિદ્ધાંત તો હોય કાચું. જગ૦ ૬

પદ ૧૪મું.

એક આધાર રાખે નિરાધારનો, જેથી સંસાર તું પાર પડશે;
કલ્પિત વાતથી કાજ કાંઇ નવ સરે, તોય મથતાં કયમ તુપ જડશે. ૧
સરવથા સિદ્ધ પદારથ મેળવી, કેળવી સ્થિરચર જાતિ કીધી;
અગણિત અંડ કરી અધર ધરિ રાખિયા, મનુષને સુંદર મુર્તી દીધી. ૨
શક્તિ અનંત છે સર્વ કર્તા તણી, જોતાં અગાધ છે જ્ઞાન જેનું;
કવિજન શું કહે પાર કોઇ નવ લહે, એમ અદ્ભુતપણું છેજ એનું. ૩
એક એ તાત છે અખિલ સૃષ્ટિ તણો, તે તજી તુચ્છ તું શું ઉપાસે;
પાપના બંધ તે કેમ પ્રલે થશે, અંતકાળે કિહાં જીવ જાશે. ૪
જીવતાં જાણ્ય તું તાણ્ય સરવે તજી, ભાવ શું લે ભજી બ્રહ્મ કરતા
છોટમ સત્ય જાણીને રૂદયે ધરો, ભક્તવત્સલ પ્રભુ સર્વ ભરતા. ૫

પદ ૧૫ મું.

જાગ્યરે જીવ અજ્ઞાન આળસ તજી, જગત કરનારને લેને જાણી;
નરદેહ નિરમીયો નીતિ સંભાળવા, આચરે અનીતિ તે અધમ પ્રાણી. જા૦ ૧

વિશ્વકર્તાતણું દીસે ડાપણ ઘણું, સુખકર સરજીયો સુરજ જેણે;
તેજ ફેલે અતિવાયુ છાદનવતી, આંખ્ય સહુ દેખતી થાય એણે. જા૦ ૨
ધન્ય દયાળને ધરણી કેવી રચી, સિદ્ધ પદારથ યુક્તિ સારી;
વિવિધ પ્રકાર વનમાંહિ વનસ્પતી, અખિલ છે અમિત આનંદકારી. જા૦ ૩
પોષવા સર્વને નીર પેદા કર્યું, વ્યોમમાંહી રચી મેઘમાળા;
ચંદ્ર આકર્ષણે સિંધુ ભરતી ચડે, જાય એ જુક્તિથી વાણવાળા. જા૦ ૪
જ્યોતિષ ચક્ર તું જોને આકાશમાં, દીસતા દિવ્ય અનંત તારા;
એજ ઉપયોગી છે સરવ સંસારને, ધન્યહે સૃષ્ટિ સરજનાર સારા. જા૦ ૫
તાહરો દેહ તું જોને કેવો કર્યો, અદભુતતા ઘણી છેજ એમાં;
સરવ વિષયો તણું જ્ઞાન બહુ થાય છે, તત્વ મોટું કર્યું ચિત્ત તેમા. જા૦ ૬
બુદ્ધિયે નિશ્ચય થાય બહુ વાતના, એ થકી અધીક ઊદ્યોગ સુજે;
એજ સરજનારને મુઢ સમરે નહી, મંદમતી મલિન પાખંડ પુજે. જા૦ ૭
સરજનહારનું જ્ઞાન સોહામણું, સરવને સમજવા યોગ્ય સારૂં;
છોટમસઘ સંસારથી ઊદ્ધરે, વચન સુવિચારથી માને મારૂં. જા૦ ૮

રણછોડ.

પદ ૧ લું.

ભક્તિની દુકાન વિષે.

દુકાન મેં તો માંડીરે, ખાંતે પ્રભુ નામનિ ખરી;
વસાણું તમે વહોરોરે, દિલમાં ખરીદ કરી.—ટેક.

દેહ દુકાન મારે હાથજ આવી, વિવેક વસાણું સાર;
ગાંધીવટું ગુણ સાગર મારે, હરિહીરાનો વેપાર;
ભંડારે ભૂધરજીરે, મનમાં મુક્યા ભરી; દુકાન મેં તો૦ ૧
તનની તાજુડી દમની દાંડી, આવી હાથ આ વાર;
હડશે હરીના નામનોરે માંહિ, રામ રતી છે સાર;
પારખું જે કરશેરે, તેનું તો રહ્યું કામ સરી; દુકાન મેં તો૦ ૨
વાણોતરી હું તો લઇને આવ્યોછું, શેઠ તો સુંદરશામ;
દિલની દુવાત અને ચિત્તના ચોપડા, કેવળ કલમનું કામ;
રામનામ માંડયુંરે, ચિત્તમાંહી ચીતરી; દુકાન મેં તો૦ ૩

ખરો વેપાર ખોટો રખે જાણો, મનમાં કરીને વિચાર;
દાસ રણછોડ વિનવીને કહેછે જેને, ગુરૂ ગમનો આધાર;
ખોટી નવ થાશેરે, આ દેહ દુકાન ધરી; દુકાન મેં તો૦ ૪

પદ ૨ જું.

શરીરરૂપી અંગરખા વીશે.

અંગરખું એક તારૂં રે, બનાવ્યું બહુ જુગતિ કરી;
શિવનારો દરજી ડાહ્યો રે, કિધી છે મહા કારીગરી.-ટેક

કારીગરી માંહિ કેવીરે કીધી તેનો, કહેતાં નાવે પાર;
બારીક કામ બહુ કીધું ઝિણું તેના, ઊપર તાણ્યા છે તાર;
ટાંકો તો નજરે નાવેરે, દેખોને સર્વે સુરત ધરી; અંગરખું૦ ૧

ભાત્ય બનાવી દોરી વાળીરે નાખી તેમાં, બખીયા મુકયા છે બહુ સાર;
વાળ્યું વળેછે અકડ નથિ એતો તેમાં, તાણા નથી એકે તાર;
સાર શિવ્યું સંગેરે, આવ્યું છે અંગે ભરાભરી; અંગરખું૦ ૨

કમરપટો કોઠો ને કૂણી, પુંઠેથી પાનિ પ્રમાણ;
તેમાં કળોચડી કયાંદ નથી વળિ, શિવનારો ચતુરસુજાણ;
પ્રમાણ કેવું કીધું રે, બેસતું છે બરાબરી; અંગરખું૦ ૩

અંગરખું બહુ રંગી બનાવ્યું, પૂરણ પ્રેમ પ્રકાશ;
ચોંપ દેખોને દરજીની કેવી, શિવતાં કર્યા નવ માસ;
દાસ રણછોડનેરે, પેહેરાવ્યું પ્રભુ ખરાખરી; અંગરખું૦ ૪

દલપતરામ.

પદ ૧ લું.

સિંહાવલોકન સવઈયા.

કરવા સુવિચાર સદા દિલમાં, ભવસાગર ભક્તિ કરી તરવા;
તરવાર બહાદુર તેજ ખરો, દિલને નહી દે દુખથી ડરવા;
ડરવાનું ગણે દિલ દુર્ગુણથી, હરખાય પરાઈ પિડા હરવા;
હરવા પરદ્રવ્ય કહે દલપત્ત, ચહે નહિ ચિત્ત બુરૂં કરવા. ૧

કરિયે પરમારથ પ્રિતી સહીત, અને કૃતિ ઊત્તમ આદરિયે;
દરિયે દુખને ડુબતો જન દેખિ, દયા દિલમાં ધરથી ધરિયે;

ધરિયે રથ ચક્ર ફરે ધરણી પર, તેમ દયા ગુણ વાવરિયે;
વરિયે વરઅન્ય નહીં દલપત્ત, પતીજગકારકને કરિયે. ૨

મળશે નહિ જન્મ મનુષ્ય તણો, અઘટિત કર્યાં કૃત ઊખળશે;
ખળશે નહિ પાપ પછી સઘળાં, તુજ સંકટ કોઇ ન સાંભળશે,
ભળશે દુઃખ આવિ અનેક બિજાં, ઊભરાનિ પેઠે અતિ ઉછળશે;
છળશે જમદૂત, કહે દલપત્ત, પછી તુજ પાપ પુરાં મળશે. ૩

ધરથી શુભ ધર્મ વિચાર ધરો, ડરવું ન પડે જમના ડરથી;
ડરથી તજી ધર્મ ન દોષ કરો, નિપજે નહિ કાંઇ કદી નરથી.
નરથી નિપજે સુખ કે દુઃખ તો, પછિ સર્વ પિડાય પરસ્પરથી;
પરથી ન બને કશું એ દલપત્ત, બનેજ બધું ધરણીધરથી. ૪

ધનમાં મન ધારી ધમાધમ કીધ, રહ્યો નહિ નેહ નિરંજનમાં;
જનમાં ધરિ જન્મ જનાવર જેમ, ન કાઢિ ઘડી કદિ કીરતનમાં;
તનમાં તરૂણાઇ ઘટી દલપત્ત, ઠરી વય વર્ષ અઠાવનમાં;
વનમાં પકડે પશુ પારધી તેમ, બખીલ પડ્યો જમબંધનમાં. ૫

મુખમાં માહારાજનું નામ નલે, સુખિયો થઇ શોખિ ફરે સુખમાં;
સુખમાં તુજ ધાર ધિકાર પડ્યો, ધિક માત તને ધરિયો કુખમાં;
કુખમાં ભરિ ભોજન પાન ભમે, દિનનાથ સહાય કરે દુખમાં;
દુખમાં ન ધર્યો દલપત્ત કહે, પડિ ચૂક અચૂક ચતુર્મુખમાં. ૬

મજમાં ગુણ કે ગણ દોષ ભલે પણ, દાખિશ દેખિશ તે તજમાં;
તજમાં પછી પાન ઇલાઇચિમાં, ખરચ્યા ખુરદા રદ કારજમાં;
રજમાં ગયું તારૂં રળ્યું, શુભમાં ઊચર્યા થકિ ઓછું ભર્યું ગજમાં;
ગજમાં હયમાં દલપત્ત કહે, દિલ રાખ્યું નહીં હરી નામજમાં.
પળિયે તુજ શીશ સપેત થયું, જેમ ફુલ સુકાય ફુલી કળિયે;
કળિયે તુજ પંડ પ્રવેશ કર્યો, ધુર ધર્મનિ ધોરિતજી ગળિયે;
ગળિ એજ રિતી ગણિ તેં ગણતા, પણ આશ જે પત્ર ફળે ફળિયે;
ફળિયે જન દીન દીઠો દલપત્ત ન પાણિજ પાયું કદી પળિયે. ૮

ઘટમાં ઘણિ ઘાત અઘાત ભરી, છળભેદ કરે પછિ છેવટમાં;
વટમાં ન રહ્યો જન જાતિ તણી, લલચાઇ રહ્યો જન લંપટમાં;
પટ માંહિ મનોહર પેચ રચી, શણગાર સજે અતિ ઉલટમાં;
લટ માંહિ ધુપેલ ધરી દલપત્ત, ઘુમે પછિ સુંદરિ સંઘટમાં. ૯

કેર વાવરિએ શુભ કામ વિશે, ધરિ હામ પરાઈપિડા હરવા;
હર વાત તણું સમજી મન હારદ, ગ્નાનિ થવું ગુણ સંઘરવા;
ઘરવાસ વશી ઘણિ પુંજિ કરો, પરલોક વિશે પછિ વાપરવા;
પરવાર મળે પળ પાંચ તણો, કરિએ મનગ્નાન કથા કરવા. ૧૦

પદ ૨ જું.

ઊપેંદ્રવજરા છંદ.

જથા તથા વાદ વૃથા વિસારી, કથા તથા કીર્તન તે ઊચારી;
ઘિરે રહી ધ્યાન ધરી ધરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૧
ઊચ્ચારનો ઊર વિચાર આણી, સુકર્મનો મારગ સદ્ય જાણી;
કુકર્મને દૂર કરી કરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૨
ઊજાસથી અંતરને ઊજાળી, અનાડી ઊન્મત્તપણું પ્રજાળી;
ઠરેલ થૈ ઠીક ઠરી ઠરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૩
પવિત્રતા મિત્ર વિચિત્ર પાળી, હરામની હામ તમામ ટાળી;
દગા થકી દીલ ડરી ડરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૪
ચડીશમાં ચૂકી કુચાલ ચાલે, કરીશમાં ક્રોધ કદાપિ કાળે;
ભલાઈ ભંડાર ભરી ભરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૫
સુભાષણો સર્વશ સાંભળીને, ભલા ભલા શોધકમાં ભળીને;
ખુશીથી લે વાત ખરી ખરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૬
સુ સંગતીની કર નિત્ય સેવા, લજાય શું લાભ અલભ્ય લેવા;
ગુણી સભા મધ્ય ગરી ગરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૭
સુધર્મનો સ્વાદ સદૈવ સારો, ગણાય ચોખો ગુણવાન ધારો;
ચરાવતો નિત્ય ચરી ચરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૮
ભલાં ભુંડાં ભાષણ મુખ્ય ભાખે, ગણી ગણી ઇશ્વર યાદ રાખે;
જરૂર ભૂલે ન જરી જરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૯
કરેલ કાયા ઘટ જેમ કાણો, ભરેલ આયુષ્ય જળ પ્રમાણો;
જશે બધું નીર ઝરી ઝરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૧૦
અપાર સંસાર સમુદ્ર આ છે, સદાય તે સંકટની સીમા છે;
તકાવ તું પાર તરી તરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૧૧
ધુમાડિનો ધૂમ્ર અનિત્ય એ છે, સુબોધ શીક્ષા દલપત્ત દે છે;
મનુષ્ય તો જાય મરી મરીને, હરી હરી બોલ ફરી ફરીને. ૧૨

પદ ૩ જું.

ભુજંગી છંદ.

ભર્યા પાપના ભાર સંભાર ભાઇ, કુડા કર્મની ખુબ કીધી કમાઇ;
ભજ્યો માન મેલી જવું છે મરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૧

બહુ જુક્તિયે જીભથી જુઠ બોલ્યો, ખરો સત્યનો તેં ખજાનો ન ખોલ્યો;
અરે તું ન ચાલ્યો રૂડું આચરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૨

દયા છોડીને કૈકને કષ્ટ દીધાં, લુચ્ચાઇ કરી કૈકનાં દ્રવ્ય લીધાં;
દિલે દૈવથી દોષ દેખી ડરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૩

કહે ભાઇ કાયા ધરી શું કમાયો, ગયો લાભ તો ઉલટો તું લુટાયો;
ઠર્યો કીચમાં ઠેઠ સુધી ઠરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૪

જનો કૈક જોને ગયા તુજ જોતાં, સગાં ને સંબંધી રહ્યાં સર્વ રોતાં;
ખિખાવી દિધા ધોમ ઝાળે ધરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૬

હતી હામ હૈયે થતી છત્ર છાયા, જમીમાં સમાયા રૂડા રાણી જાયા;
ન કોઇ બચ્યા તે ઉપાયો કરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૭

અરે તારૂં આયુષ્ય તો ઉડિ જાશે, સમો આવશે કાલ શા હાલ થાશે;
અભીલાખ ઊંડા રહ્યો આદરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૮

દીસે પુત્ર ને સ્ત્રી દિસે દાસ દાસી, તથાપી અરે જીવ જો તું તપાસી;
તને મોતથી તારશે તે તરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૯

ઘણું ખાધું પીધું ઘણા બોલ બોલ્યો, અબોટ્યો કશો સ્વાદ એકે ન મેલ્યો;
ફસાયો પુરો દેખ પાછું ફરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૦

કર્યાનું હતું શું અને શું કર્યું તેં, ધર્યું સોનું લઇ ધુળ મદ્ધે ધર્યું તેં;
ભમ્યો ભૂલમાં ભાર ભુંડો ભરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૧

વળી જો વિચારી ગયાં વર્ષ વ્હેતાં, મટ્યા કેશ કાળા કહેતાં કહેતાં;
જરા આવી ઝાંખો થયો તું ઝરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૨

દિશા ભૂલી દિગ્મૂઢની પેર ડોલ્યો, બકે તેમ તું તો ગમે તેમ બોલ્યો;
ભજી શુદ્ધ વાણી તજી વૈખરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૩

ધખેલી તવીમાં ફુટે જેમ ધાણી, ફુટે વિશ્વમદ્ધે ફટો ફટ પ્રાણી;
અરેરે ન કોઇ રહ્યો ઊગરીને, હવે જીવ તેહે ભજી લે હરીને. ૧૪

હવે ચેત બાજી બધી હાથમાં છે, દયાળૂપણું તો દીનાનાથમાં છે;
વિચારો વિવેકે મતી વાવરીને, હવે જીવ હેતે ભજી લે હરીને. ૧૫
તજી ગર્વ આ સર્વ મિથ્યા તપાસી, રહે આપને અંતરે જે ઉદાસી;
કહ્યો મોક્ષનો લક્ષ તે લોક કામે, દિધી દેશના શુદ્ધ દલપતરામે. ૧૬

વૈરાગ્ય નીતિ-જ્ઞાન.

નરસીંહ મેહેતો.

પદ ૧ લું.

ધોળ. ઘડપણ વિષે.

ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું જોબન રહે સૌ કાળ; ઘડપણ કેણે૦ ૧
ઊંબર તો ડુંગર થયારે, પાદર થયાં પરદેશ;
ગોળી તો ગંગા થઇરે, અંગે ઉજળા થયા છે કેશ; ઘડપણ કેણે૦ ૨
નોતું જોઇતું તે શીદ આવિયું રે, નોતી જોઈ તારી વાટ;
ઘરમાંથી હળવાં થયાં રે, કહેશે ખુણે ઢાળો એની ખાટ; ઘડપણ કેણે૦ ૩
નાનપણે ભાવે લાડવારે, ઘડપણે ભાવે શેવ;
રોજને રોજ જોઇએ રાબડીરે, એવી બળી રે ઘડપણની એ ટેવ; ઘડપણ કેણે૦ ૪
આંખે તો સૂઝે નહીં રે, થરથર ધ્રૂજે કાય;
ખાધું તો અન્ન પચે નહીં રે, વળિ બેઠાં તો નવ રહેવાય; ઘડપણ કેણે૦ ૫
પ્રાત:કાળે પ્રાણ માહુરારે, અન્ન વિના અકળાય;
ઘરનાં કહેછે મરતો નથી રે, તને બેઠી રહેતાં શું થાય; ઘડપણ કેણે૦ ૬
દીકરા તો જુજવા થયા રે, વહુઅર દેછે ગાળ;
દીકરીયોને જમડા લેઇ ગયા રે, હવે ઘડપણના શા રે હવાલ; ઘડપણ કેણે૦ ૭
નવ નાડિયો જુજવી પડી રે, આવી પોંચ્યો કાળ;
બઇરાં છોકરાં ફટફટ કરે રે, નાનાં મોટાં મળી દેછે ગાળ; ઘડપણ કેણે૦ ૮
આવી વેળા અંતકાળની ત્યારે, દીકરા પધાર્યા દ્વાર;
પાંસળિએથી છોડી વાંસળી રે, તેણે લેઇ લીધી તેણીવાર; ઘડપણ કેણે૦ ૯

એવું જાણી સઊ હરિ ભજો રે, સાંભળજો સૌ સાથ;
પર ઊપકાર કરી પામશો રે, જે કાંઈ કીધું હશે જમણે હાથ; ઘડપણ કેણે૦ ૧૦

એવું નઠટ છે આ વૃદ્ધપણું રે, મૂકિ દો સૌ અહંકાર;
ધર્મના સત્ય વચન થકી રે, મેહેતા નરસઇ ઊતરે ભવપાર; ઘડપણ કેણે૦ ૧૧

પ્રીતમદાસ.

પદ ૧ લું.

કકો. ધોળ.

કરિયે કૃષ્ણ ઊપાસના, ધરિયે રૂદયામાં ધ્યાન;
ફરિયે નહિ ગર્ભવાસમાં, ઠરિયે ઠીક નીદાન; કરિયે. ૧
ખોટો ખેલ સંસારનો, આતસબાજીનો રંગ;
કરતાં વર્ષ વિત્યાં ઘણાં, ક્ષણમાં થાશે તે ભંગ; કરિયે. ૨
ગુરૂગમ ગાઇયે ગોવિંદને, જીવનું જોખમ જાય;
દયા દાન ને દીનતા, તે તરવાનો ઊપાય; કરિયે. ૩
ઘટ ઘટ પ્રત્યે રચના ઘણી, ભરિયા રત્ન ભંડાર;
હીરા મોતીની હાટડી, સદગુરૂ ખોલણહાર; કરિયે. ૪
નિર્મળ નામ નારાયણનું, જુક્તે જપશે જે કોય;
અવિચળ પદવી તે પામશે, આવાગમન ન હોય; કરિયે. ૫
ચિતવન કરિયે ચિદરૂપનું, ઇશ્વિર બોલે છે આપ;
એને સમરે સુખ ઊપજે, ટળશે ત્રિવિધીના તાપ; કરિયે. ૬
છે છતિ વસ્તુ દેખે નહીં, જિવનું જોર અજ્ઞાન;
માયા પડદા મધ્યે પડ્યો, ભૂલવણીનું એ ભાન; કરિયે. ૭
જન્મમરણતણી આપદા, નથિ કાંઈ સંકટ સેલ;
ધંધો કરતાં ઢળી પડ્યો, જેમ કાંઈ ઘાણીનો બેલ; કરિયે. ૮
ઝાઝે લોભે લાગી રહ્યો, માયાની મધલાળ;
તેમ તેમ તૃષ્ણા વધે ઘણી, કુટાયો કંઇક કાળ; કરિયે. ૯
નૌતમ દેહ દુર્લભ દેવને, પ્રાણી પામ્યો છું તેહ;
હીરો નીછારે નાંખિયો, એમાં ન રહ્યો સંદેહ; કરિયે૦ ૧૦

ટેક ધરિએ નિજ નામની, સેવા સમરણ ધ્યાન;
હેતે હરિરસ પીજીએ, મૂકી માન ગુમાન; કરિયે० ૧૧

ઠીક ઠરીને રે બેશીએ, રાખીને રે વિશ્વાસ;
જઠરામાં જેણે જાળવ્યો, પરહર પારકી આશ; કરિયે० ૧૨

ડગમગ ઠાલી શાને કરે, તારૂં ધાર્યું નહીં થાય;
ગમતું થાશે ગોવિંદનું, કોઇનું જાણ્યું નહીં જાય; કરિયે० ૧૩

ઢાંકયો પાતક ધુંમરે, ઢાંકયો વાદળે સુર;
માયાયે ઢાંકયો આતમા, સમજણ રહી ગઈ છે દુર; કરિયે० ૧૪

રણ સંબંધે આવી મળ્યાં, સુત વિત્ત દારા ને દેહ;
લેવાં દેવાં જ્યારે મટે, મારગ લાગશે તેહ; કરિયે० ૧૫

તોળ્યું તત્વ ત્રીલોકમાં, નહિ હરિ નામ સમાન;
બીજું સરવે એ બાદલું, અંતે આવે નહીં કામ; કરિયે० ૧૬

થિરતા કરિને તું ન્યાળજે, રૂદે કમળમાં રૂપ;
બાહ્યાભ્યંતર ભાળજે, હરીનું અકળ સ્વરૂપ; કરિયે० ૧૭

દેહ તણું ફળ એહ છે, ભાવે ભજીએ ભગવાન;
બીજાં સાધન સંસારનાં, નહીં હરી નામ સમાન; કરિયે० ૧૮

ધ્યાન ધરજે પરિબ્રહ્મનું, જેમ કાંઈ લોભીને ધન;
કામીને જેમ કામની, એવું કરિયે ચિંતવન; કરિયે० ૧૯

નિશ્ચે જાણો રહેવું નથી, જુઓ જગત વિલાસ;
એથી રહેજે તું અળગો, આઠે પોહોર ઉદાસ; કરિયે० ૨૦

પ્રીત નિરંતર કિજીએ, સદ્દગુરૂ સંતની સાથ;
રએ ઢોળી તું નાંખતો, અમૃત આવ્યું છે હાથ; કરિયે० ૨૧

ફોગટ ફંદ સંસારનો, સ્વારથનો છે સ્નેહ;
અંતે કોઇ કોઇનું નથી, તું તો તેનારે તેહ; કરિયે० ૨૨

બાવન ઊપનીષદ વેદનાં, તેનું તત્વ વિચાર;
તતપદ ત્વંપદ ત્યાગીને, અસીપદમાં ચિત્ત ધાર; કરિયે० ૨૩

ભારે ભેદ ગુરૂદેવનો, કોઇ ન પામે રે પાર;
શીવ વીરંચી ને સારદા, સેવે પદરજ સાર; કરિયે० ૨૪

માયા મૂળ વની વરખડી, મારી ત્રિભુવનમાંય;
નિત્ય નૈતમ ફૂલે ફળે, તાતી શીતલ છાંય; કરિયે० ૨૫

જીવ અનેક નિપજાવવની, સેવે સુર નર વૃંદ;
અણુની આધે અજા ઇશિ, સઊને સરખો આનંદ. કરિયે૦ ૨૬
રહિયે ઇશ્વરને આશરે, ધારણ ધારીને ધીર;
સુખ દુઃખ એણી પેરે આવશે, જેમ કાંઇ નાળીએરમાં નીર; કરિયે૦ ૨૭
લીલા કોઇએ લેતું નથી, એની ભુલવણી સોય;
નટ જેમ નજર-બંધી કરે, કળી શકે નહિ કોય; કરિયે૦ ૨૮
વિશ્વ રહ્યું સઊ મોહીને, જુઠી બાજીને જોય;
તેનો કરતા કોરે રહ્યો, જાણે તે જન કોય; કરિયે૦ ૨૯
શશા શોધ સ્વરૂપને, તેને સમજે સુખ થાય;
નિંદ્રા માંહી દુખ ભોગવે, તે તો જાગ્યેથી જાય; કરિયે૦ ૩૦
ઓળે ઓટું સરવે પડે, ન બડે નામ ને રૂપ;
બાંધી રૂંધી ઊભું કર્યું, જેવું કાષ્ટ સ્વરૂપ; કરિયે૦ ૩૧
સંશય તેને શાનો રહ્યો, જેને બ્રહ્મ-વિચાર;
અગ્નિને ઊધેઇ અડે નહીં, રવિને નહિ અંધકાર; કરિયે૦ ૩૨
હરિનો મહિમા અપાર છે, નિગમ નિરંતર ગાય;
અજ ઊમયાપતી અહિપતી, નિશદિન ધ્યાનમાં ધાય; કરિયે૦ ૩૩
પ્રેમ પયોધરે ઝીલીએ, સદ્ગુરૂ સંતોને સંગ;
પ્રીતમ તનમને તેથકી, પ્રગટે પૂરણ રંગ; કરિયે૦ ૩૪

નિષ્કુળાનંદ.

પદ ૧ લું.

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી;
ઊપદેશ આપ્યો એણીપેરે, લાગ્યો સંસારીડો આગજી; જનની૦ ૧
ધન્ય ધન્ય માતારે ધ્રૂવતણી, કહ્યાં કઠણ વચનજી;
રાજ સાજ સૂખ પરહરી, વેગે ચાલિયા વનજી; જનની૦ ૨
ઊઠી ન શકે રે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને રે દેખી ત્રાસ ઉપનો, લીધિ ફકિરિ છોડ્યો ફંદજી; જનની૦ ૩
ભલારે ત્યાગ ભરથરીતણો, તજી સોળસે નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બહારજી; જનની૦ ૪

એ વૈરાગવંતને જાઉં વારણે, બીજા ગયારે અનેકજી;
ભલારે ભુંડા અવની ઉપરે, ગણતાં નાવે છેકજી; જનની૰ ૫

કયાં ગયું કૂળ રાવણતણું, સગરસુત સાઠ હજારજી;
ન રહ્યું તે નાણું રાજા નંદનું, સર્વ સુપન વેવારજી; જનની૰ ૬

છત્રપતી ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;
દેવ દાનવ મૂની માનવી, સર્વે જાણો સૂપનજી; જનની૰ ૭

સમજી મુકો તો સારૂં ઘણું, જરૂર મુકાવશે જમજી;
નિષ્કુળાનંદ કહે નહિ મટે, સાચું કહું ખાઈ સમજી; જનની૰ ૮

પદ ૨ જું.

જંગલ વસાવ્યું રે જોગીયે, તજી તનડાની આશજી;
વાત ન ગમે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી; જંગલ૰ ૧

શેજ પલંગે રે પોઢતા, મંદિર ઝરૂખામાંયજી;
તેને નહીં તૃણ સાથરો, રહેતા તરૂતળ છાંયજી; જંગલ૰ ૨

શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામાજી;
તેણે રે રાખી કંથા ગોદડી, સહે શિર શીત ઘામજી; જંગલ૰ ૩

ભાવતાં ભોજન જમતા, અનેક વિધિનાં અન્નજી;
તે રે માગણ લાગ્યા ટુકડા, ભીક્ષા ભવન ભવનજી; જંગલ૰ ૪

હાંજી કહેતાં હજારો ઉઠતા, ચાલતાં લશકર લાવજી;
તે નર ચાલ્યા રે એકલા, નહીં પેંજાર પાવજી; જંગલ૰ ૫

રહો નો રાજા રસોઈ કરૂં, જમતા જાઓ જોગીરાજજી;
ખીર નિપાવું ક્ષણું એકમાં, તે શો ભીક્ષાને કાજજી; જંગલ૰ ૬

આહાર કારણ ઉભો રહે, એકની કરી આશજી;
તે જોગી નહીં ભોગી જાણવો, અંતે થાય છે વિનાશજી; જંગલ૰ ૭

રાજ સાજ સૂખ પરહરી, જે જન લેશે રે જોગજી;
તે ધન દારામાં નહિ ધશે, રોગ સમ જાણે ભોગજી; જંગલ૰ ૮

ધન્ય તે ત્યાગ વૈરાગને, તજી તનડાની આશજી;
કુળ રે તજીને નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશજી. જંગલ૰ ૯

પદ ૩ જું.

હું બલિહારી એ વૈરાગને, ઉપનો જેને અંગજી,
ચૌદ લોકને ચતૂરથા, ન ગમે સૂખનો સંગજી; હું બલિ૦ ૧
સુખ ન ઇછે સંસારનાં, સમજે સુપન સમાનજી;
વાત ગમે એક વૈરાગની, તન સુખ ત્યાગવા તાનજી; હું બલિ૦ ૨
દુખીરે દેખે આ દેહને, તો રાજી તે મનજી;
અનરથનું આગાર છે, જાણી ન કરે જતનજી; હું બલિ૦ ૩
રાત દિવસ ઇંદિયા વિષે, વરતે એમ વિચારજી;
આ હું રે કોણ ને જઇશ ક્યાં, કરૂં તેનો નિર્ધારજી; હું બલિ૦ ૪
કરૂં ઉપાય હવે એહનો, ઓળી દીશ વિદીશજી;
કોયરે ઉગારે મને કાળથી, સોંપું તેને જઇ શિશજી; હું બલિ૦ ૫
રહે આતુરતા અંતરે, દેખી દેહ અનિત્યજી;
સુખ ન માને આ સંસારમાં, ન કરે કોઇશું પ્રીતજી; હું બલિ૦ ૬
એવી દશા આવ્યા વિના, ન હોય તન સુખ ત્યાગજી;
ઉપરનો લાગે રે લજામણો, વગોણા સરખો વૈરાગજી; હું બલિ૦ ૭
હરિગુરૂ દેવ દયા કરે, આપે એહ વિચારજી;
નિષ્કુળાનંદ નિશંક થઇ, સેજે તારે સંસારજી; હું બલિ૦ ૮

કલ્યાણ.

પદ ૧ લું.

રાગ પ્રભાતી.

સગપણ સાચું શાનું ભાઇ, શું માયાને વળગું રે;
ગરજા ગરજે સહુ મળ્યું છે, અંતે રહેશે અળગું રે; સગપણ૦ ૧
ધનને કાજે તન પીલીને, ભૂમિ ભેળું ભળવું રે;
ઘડી એક તો પ્યારી જાય છે, તારે તો છે મરવું રે; સગપણ૦ ૨
ઊંચા ઊંચા મેહેલ બનાવી, ફૂલ્યાં ફૂલ્યાં ફરવું રે;
એ મંદિરમાં કોણ માલશે, તારે તો છે મરવું રે; સગપણ૦ ૩
બચ્ચેકે બાંધ્યા વસ્ત્રને વાઘા, ઘણું ઘરેણું ઘડવું રે;
પટોળાં તારાં કોણ પેરશે, તારે તો છે મરવું રે; સગપણ૦ ૪

ઘોડા હાથી માલ ખજાના, સૂખપાલમાં ફરવું રે;
એમાં જોને કોણ માલશે, તોયે તો છે મરવું રે; સગપણ૦ ૫

ભજન કરી લે મન વૈરાગી, ફટ હઇયાના ફૂટારે;
કહે કલ્યાણ કહ્યું નવ માને, એમ દિવસ તને રૂડ્યારે; સગપણ૦ ૬

મુળદાસ.

પદ ૧ લું.

મનુષ્યા જનમ શીદખૂવે, આવો રૂડો મનુષ્યા જનમ શીદખૂવે; ટેક.

સંસારીજન કહે અમેજ સુખિયાં, દારા ધન પુત્રને જૂવે;
હેતે હુલાવે નેં પ્રીતે પરણાવે પછી, મરતાંને ધ્રૂસકે રૂવે; આવો૦ ૧

હરિને વિસારેને જીતિ બાજિ હારે તે, ભાગી દોણીમાં દૂધ દુવે;
લખ ચોરાસી ફર્યા તોયે દિલ ન ડર્યો, અંતે સોડચો તાણીને વળી સૂવે;આ૦ ૨

કીર્તિદાન કીધાં જીતીને જશ લીધા, ને કાદવમાં કર ધૂવે;
કારણ કઢાવે ને પારાયણ પઢાવે, એનું ધૂતીને લીધું ભુવે; આવો૦ ૩

કુડ કપટ કીધાં ધૂતીને ધન લીધાં, વિચારી ન જોયું મૂવે;
કહે મૂળદાસ એવાં ઊંધાં અજ્ઞાની, એ તો દેખી દેખીને પડે કુવે; આવો૦ ૪

પદ ૨ જું.

હરિ ન ભજ્યો શામાટે, આ અવસર હરિ ન ભજ્યો શા માટે; ટેક.

ધંધામાં ધાયો ને લોભે લપટાયો, ને જતન કરીને માલ ડાટે;
અગ્નિજળ ભે છે ચોર કપટે લુટિ લે છે, હરિ હીરો ખોયો તેં કોડીસાટે; આ૦ ૧

રાવણનો જોડો તેનો અન્ન થયો થોડો, બેઠા વિભીષણ પાટે;
પાપે એ જણાશેને ધર્મની જે થાશે, તમે હીડો વિચારીને વાટે; આ૦ ૨

દેશપતિ કહાવે માલ ખજાને ભરાવે, ને હીંચે હીંચોળા ખાટે;
જે ગયા ઊઠિ તેની રાખ થઈ મુંઠી, કાં કૂટિ મરો ઊચાટે; આ૦ ૩

શાહુકાર બારે ને હુંડિયો સકારે, ને બેઠા વાણોતર હાટે;
કહે મુળદાસ કર હાથે તે સાથે, કોઈ કોડી ન બાંધે તારિ કાંઠે; આ૦ ૪

બાપુદાસ.

પદ ૧ લું.

રાગ પરજ.

બાપુ પધાર્યા સત ધામમાં. સૌને કહ્યા જે શ્રીરામ રે;
નામ નિરાંત નીસાનમાં, અમો જૈશું ગોવિંદ-ગામ રે; બાપુ. ૧
ફુલ ખીલીને ખરી પડે રે, એવું કાયાનું છે કામ રે;
માટે ચેતી ચોંપે ચાલવું, મુકી મમતા તમામ રે; બાપુ. ૨
આજ આનંદ મારા અંગમાં રે, પરિબ્રહ્મ વેળા થઇ રે;
ગ્નાન રાખીને ગર્વ ટાળજો, સત માનો સાચી કહી રે; બાપુ. ૩
સ્વપ્નું હતું તે સમાઇ ગયું રે, સુરતા થઇ એક તાર રે;
સલિતા સિંધુમાં ભળી ગઇ, પળમાં પામી ભરથાર રે; બાપુ. ૪
સંવત અઢાર નવાણુંવો રે, ઊત્તમકારી આસો માસ રે;
શુદિ એકાદશી બુધ રાત્રિયે, ગયા ધામ બાપુ-દાસ રે; બાપુ. ૫

પદ ૨ જું.

રાગ પરજ.

જગતને મરણની બીક છે, આનંદ મારે મંન રે;
સાંધે સાંધો મળી ગયો, માટે ગુરૂજીને ધન્ય રે; જગતને૦ ૧
સમા તે જોગ આવી મળ્યો રે, બિંદુ પડ્યાનો આ જોગ રે;
તાશીર આવી મળી દેહની; ઊદે થયો છે આ રોગ રે; જગતને૦ ૨
બિંદુ પડેને બીજ સૂધરે રે, દેહી રહે ઘણા દંન રે;
મુળમાંથી પાઇઓ ખરી પડ્યો, ક્ષણભંગુર આ તંન રે; જગતને૦ ૩
એકવિશ હજાર છસે કાળ છે રે, દિન રાત કહિયે કાળ રે;
અમને રૂંધીને જો રાખશો, માથે મરણતણી ફાળ રે; જગતને૦ ૪
અંતઃકરણ તો ગુણમાં રે, ઈંદ્રી બ્રહ્મમાં કહેવાય રે;
પંચે તત્વ ને તનમાત્રા, તમો ગુણમાં સમાય રે; જગતને૦ ૫
ત્રણે ગુણ ઓંકારમાં રે, ઓંકાર માયા લીન રે;
પુરૂષ પ્રકૃતિ મળી આતમા, ભેદ કહ્યો ભીન ભીન રે; જગતને૦ ૬
મન હતું તે મટી ગયું રે, આત્મા પરમાત્મા એક રે;
બાપુ સમાયા સતધામમાં, કોઈ સમજે વિવેક રે; જગતને૦ ૭

ડુંગર.

પદ ૧લું.

આશા નદી તૃષ્ણાનું પૂર, મોહતણી મહા ધારે રે;
કામ ભ્રમર નર ક્રોધ છે છોળ્યો, મનવો મગર થઈ મારે રે; આશા૦ ૧
આશા નદીનો અંત ન આવે, તૃષ્ણા ન પડે પૂરી રે;
કોટિ જનમ કુટાણો કુબુદ્ધિ, આશા તો રહિ છે અધૂરી રે; આશા૦ ૨
આશા ડાકણ દિલ અંતરમાં, સૂખ વિચારે થાય દુઃખ રે;
રામ ભજન વિના કોટિ જતન કરો, કદિયે ન ભાગે ભૂખ રે; આશા૦ ૩
આશા કદિયે ન હોય આપણી, અસંખ્ય કોટિ મળે દામ રે;
કહે ડુંગર મન થાય નિરાશિ જ્યારે, પ્રગટે અંતર રામ રે; આશા૦ ૪

પદ ૨ જું.

તન છે રંગ પતંગના જેવું મિથ્યા કહે નર મારૂં રે;
સુત વિત દારા સગું સનેહી, તેમાં કોઈ નહિ તારૂં રે; તન છે૦ ૧
તનની ગતી નર ત્રણ તરેહની, પાળો પોઆ વિધિ લાખ રે;
વિષ્ટા થાય જનાવર ખાય જ્યારે, કીડા પડે કે બળિ રાખ રે; તન છે૦ ૨
કેસર ચંદન કુસુમ અંતર, ચરચે તે અંગે આખે રે;
મૂવા પછી તેને બાળી નાખે, શ્વાન ગધેડાં લોટે રાખે રે; તન છે૦ ૩
રતન અમુલ્યક મનુષ્યાદેહી, આવ્યું છે વહાણ કિનાર રે;
કહે ડુંગર તેમાં રામ રટે તો, આવે પલકમાં પાર રે; તન છે૦ ૪

પદ ૩ જું.

સુત વિત્ત દારા રે સ્વપન સરીખડું રે, કાચા તારી કાયા કુંભ સમાન;
સગું ને સંબંધી રે સૌ કહિયે કારમું રે, સદા તારો વાસો છે સમશાન; સુત૦ ૧
માયામાં વલુંધ્યો રે મોહિ રહ્યો મુરખા રે, નારીતણા નેહમાં નાચ્યો નાચ;
શ્વાન સ્વરૂપી રે સાચી લાગી સુંદરી રે, તેણે આવી ત્રિવિધિ તાપની આંચ, સુ૦ ૨
જોબન જાણો રે રંગ પતંગનો રે, જુવાની છે શીમળા કેરૂં ફુલ;
ચારને દહાડા રે ચટકું આ ચામનું રે, ધારી લેજો પછે થાશે ધૂળ; સુત૦ ૩
ડુંગર દેખો રે દીન-દયાળને રે, પ્રેમે મારો પ્રભુજી છે પાસ;
રામ રંગ લાગ્યો રે ભાગ્યો ભય ભવતણો રે, આવી સાચી અલખજીની આશ; સુ.૪

અલખબુલાખી.

પદ ૧લું.

રાગ પ્રભાતી.

જાગોને મારા અંતરજામી, બોલો અમૃત-વાણી રે;—ટેક.
મન પવન ને પ્રેમે કરીને, નાસિકા અગ્ર બંધાણી રે;
શાણા રે સંતો સાને સમજો, તત્વ પાંચ પ્રમાણી રે; જાગોને૰ ૧
સંવત અઢાર પંચાણું નામે, ઉત્તમ અષાડ માસ રે;
શુકલ પક્ષની પંચમી ને, વાસર સોમ પ્રકાશ રે; જાગોને૰ ૨
ગંગા જમુનામાં સ્નાન કરીને, પ્રયાગ પુરણ પદ નાહ્યા રે;
અલખબુલાખી ગુલાબ ભારતી, શ્વાસોશ્વાસ સમાયા રે; જાગોને૰ ૩

પદ ૨ જું.

"હરી ભજનથકી, છોટા હોય તે સઉથી મોટા થાય," એ રાહ.

ગુરૂ સંગ વિના, મોહ માયા ને મનનો પાર ન આવે;
શી શોધ કરૂં, અજાણ નરને અંધારે કેમ ફાવે;—ટેક.
મન મોહ માયા એક થઇ ચાલે, મહિપતિ થઇને મંદિર મહાલે;
એને સદગુરૂ વશ કરીને ઝાલે, ગુરૂ સંગ વિના. ૧
ધન તન સામું જોઈ મન લાવે, એને ઘણી ઉંઘ ભોજન ભાવે;
કહો પૂરણપદ એ કેમ પાવે, ગુરૂ સંગ વિના. ૨
મન ગુરૂને ધંધે નવ ધાવે, તે ઘણો ફેર ફરે દરદાવે;
મનગમતું પોતાનું ગાવે, ગુરૂ સંગ વિના. ૩
મન ગુરૂ સંગે ઘરમાં આવે, પછિ ખરૂં ધન પોતે ખાવે;
મન અલખબુલાખી ગુરૂ તાવે, ગુરૂ સંગ વિના. ૪

છોટમ.

પદ ૧ લું.

સર્વમાં સોહં રામ રમે છે, પ્રકટ થઇ પાછું પોતામાં સમે છે. ટેક.
શક્તિ ઓંકાર સ્વરૂપે એની, ત્રિગુણ થઇ ચોવીશ રૂપે તેની;
જગતની રચના કરેલી જેની. સવમાં૰ ૧

પ્રથમ મહાતત્વનો સર્ગ બનાવ્યો, ઓંકાર તેના થકી ઉપજાવ્યો;
દ્રવ્ય ને જ્ઞાન ક્રિયામય કહાવ્યો. સર્વમાં૦ ૨

દ્રવ્ય પંચ ભુત ને માત્રાયો જાણો, ક્રિયા થકી ઇંદ્રી દશે પરમાણો;
દેવ મન જ્ઞાન શકિત ઉર આણો. સર્વમાં૦ ૩

છઠ્ઠો અજ્ઞાન સર્ગ ઉપજાવ્યો, સર્વ ભેળી સુંદર દેહ બનાવ્યો;
તેમાં જીવ અંશ બ્રહ્મનો આવ્યો. સર્વમાં૦ ૪

અજ્ઞાન આપ ગયો છે ભૂલી, માયા મદ મોહે રહ્યો છે ફુલી;
ગયો છે જ્ઞાન પોતાનું ડુલી. સર્વમાં૦ ૫

મળે કોય સદગુરૂ સાચા જયારે, દેહ અભીમાન તજાવે ત્યારે;
તત્વમસિ લક્ષ્ય બતાવી તારે. સર્વમાં૦ ૬

કૃપાનિધી ગુરૂની કૃપા હોય જેને, શબ્દાતીત સ્વરૂપ જણાશે તેને;
છોટમ કહે આવાગમન નહિ એને. સર્વમાં૦ ૭

પદ ૨ જું.

તું તો મન રૂપી મૃગ વશ કરયરે, ગુણવંતા જ્ઞાની;
તેથી આત્મા કસ્તુરી ઉધર્ય રે, ગુણવંતા જ્ઞાની-ટેક.

એ મરગની નાભી વિષે રે, પ્રણવ કસ્તુરી સાર;
વિશ્વમાં ફેરે છે વાસના, પણ એ નથી લેતો લગાર રે. ગુણવંતા૦ ૧

દ્વાદશ સોધે દોડતો રે, વિષયારણ્ય મોઝાર;
તેને વશ કરવા તને દીધાં શ્રી ગુરૂએ હથિઆર રે. ગુણવંતા૦ ૨

સાતે સ્વરથી સોહામણું રે, જનમાં અનાહત જંત્ર;
ઊત્તમ નાદ એમાં વસે એ છે મરગ આકર્ષણ મંત્રરે. ગુણવંતા૦ ૩

નાદે મોહ્યો મરગલોરે, આવીને આધીન થાય;
ભાન ભુલે ભમવાતણું તેથી જરી આઘો નવ જાય રે. ગુણવંતા૦ ૪

મન મરગ વશ જ્યારે બનેરે, ત્યારે પ્રભુ વશ થાય;
પાપ તાપ ત્યારે ટળે કહે છોટમ સુખિયો થાય રે. ગુણવંતા૦ ૫

દલપતરામ.

પદ ૧ લું.

"કાનુડો કામણગારો રે," એ રાહ.

ચેતે તો ચેતાવું તને રે, પામર પ્રાણી; ટેક

સઉ ઘરબાર સારૂં, મીથ્યા કહે છે મારૂં મારૂં;
તેમાં નથી કશું તારૂં રે. પામર પ્રાણી. ૧
તારે હાથે વવરાશે, તેટલુંજ તારૂં થાશે;
બીજું તો બીજાને જાશેરે. પામર પ્રાણી. ૨
માખિયોયે મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લુંટનારે લુંટી લીધુંરે. પામર પ્રાણી. ૩
ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જવું ચાલી;
કરે માથાકુટ ઠાલીરે. પામર પ્રાણી. ૪
સાહુકારીમાં સવાયો, લક્ષ્મીપતિ તું લખાયો;
કહે સાચું શું કમાયોરે. પામર પ્રાણી. ૫
આવે તારે સાથે એવો, કમાયો તું માલ કેવો;
એવેજ તપાસ તેવોરે. પામર પ્રાણી. ૬
દેવે નરતનું દીધી, તેં ન તો કિમ્મત કીધી;
મણી સાટે મેશ લીધીરે. પામર પ્રાણી. ૭
ખોળામાંથી ધન ખોયું, ધુળથી કપાળ ધોયું;
જાણપણું તારૂં જોયુંરે. પામર પ્રાણી. ૮
હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
તારી મુંડી કર તાજી રે. પામર પ્રાણી. ૯
હાથમાંથી બાજી જાશે, પછિથી પસ્તાવો થાશે;
કશું ન કરી શકાશે રે. પામર પ્રાણી. ૧૦
મનનો વિચાર તારો, મનમાં રહી જનારો;
વળતી ન આવે વારો રે. પામર પ્રાણી. ૧૧
નીસર્યો જ્યાં શરીરથી, પછી તું માલિક નથી;
દલપત્તે દીધું કથી રે. પામર પ્રાણી. ૧૨

નર્મદાશંકર.

પદ ૧ લું.

દુનિયાં જૂઠાંની જૂઠાંની, એ અનુભવ વાત પ્રમાણી.—ટેક.

સ્વારથિયાને પાસે રાખે, પરમારથીને કહાડે;
ખરા સ્નેહિને નીત રડાવે, કપટીને તો હસાડે. દુનિયાં૦ ૧

જેને ખોળે માથું હોએ, તે તેને ઝટ કાપે;
જેને વચને છાની સોંપી, તે નિજ વચન ઉથાપે. દુનિયાં૦ ૨

જેની સેવામાં જે તત્પર, તે તેને હડસેલે;
કીધી ચાકરી મંન ન આણે, ખૂની બાજી ખેલે. દુનિયાં૦ ૩

જેનું લે તેને નવ આપે, ઊલટી વાણી બોલે;
હકદારોને હાંકી મેલે, ચોર શાહને તોલે. દુનિયાં૦ ૪

પ્રપંચથી જે હક્ક હરી લે, તે જન વ્હાલૂં લાગે;
ધમકાવે તે પાર પડે ને, રડે પડે જે પાગે. દુનિયાં૦ ૫

સાચું ટેકી પીડજ પામે, જૂઠું સૂખ્યા થાએ;
પાપ કરંતૂ બહૂ જિવે ને, ધર્મિ ઝટ મરી જાએ. દુનિયાં૦ ૬

કોઇ વસ્તુ નહીં અહીંરે, સહુએ જૂઠી સરખી;
ખરે નર્મદા શોક કરે પણ, ખેલ લહીને હરખી. દુનિયાં૦ ૭

પદ ૨ જું.

પ્રભાતિયું.

સાચું એક બ્રહ્મ નામ, અવર સહૂ કાચૂં;
ગુણ ગાવા ભક્તિ સજી, નિરભે થઇ નાચૂં. સાચૂં૦ ૧

કોઇ કોઇનૂં નથીજ, સાનૂં સગૂં સાચૂં;
અટપટિ ખટપટ દેખિ, કેમ કરી સાચૂં. સાચૂં૦ ૨

ઠામ ઠામ છે બિગાડ, વિષયીરસ કાલૂં;
જૂઠાણું કપટ ભાળિ, કેમ મનડું વાળૂં. સાચૂં૦ ૩

એકલપેટ શેઠ લોક, ભરે નીજ ડાચૂં;
દીનહીન પાળ પ્રભૂ, એટલું હું જાચૂં. સાચૂં૰ ૪

ઘટે ઘટે માયા મચી, કીયે ખુણે લાધૂં;
નિત્ય સાર દેખું હું જો, સેવૂ સંત સાધૂ. સાચૂં૰ ૫

ધ્રુજી મીરાં તુક કબીર, રોહિદાસ દાદૂ;
પ્રભૂલીલા દયા ગાય, નૃસિંહ પ્રલ્હાદૂ સાચૂં૰ ૬

કરે દયા દયાળજીતો, ભક્તિ બીજ પામું
સીધ પંથે વેહેલવજૂં, મુક્તિધામ સામું. સાચૂં૰ ૭

જીવવૂં છે ચાર દીન, પાપ નહીં બાંધૂં;
બ્રહ્મનીતી જીવપ્રીતિ, પ્રેમે સિવિ સાંધૂં. સાચૂં૰ ૮